અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫, સોમવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, મહા સુદ ૧૩ | અંક : ૨૧૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭33 e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**બીજાપુર જિલ્લાના એડાપલ્લી વિસ્તારમાં અથડામણ થઈ**

**નક્સલીઓની નેશનલ પાર્ક એરિયા કમિટી ફરસેગઢમાં સક્રિય છે, જવાનોને સ્થળ પરથી ઓટોમેટિક હથિયારો મળ્યા : બે જવાનો ઘાયલ થયા હતા....**


# બીજાપુરમાં ૩૧ નક્સલવાદીઓને ઠાર કરાયા, ૨ જવાન શહીદ થયા

। (એજન્સી) બીજાપુર, તા.૯ ।

છત્તીસગઢ-મહારાષ્ટ્ર બોર્ડર વિસ્તારમાં જવાનો અને નક્સલીઓ વચ્ચે અથડામણ થઈ રહી છે. જાણકારી મુજબ, આ અથડામણ ઘણા કલાકોથી ચાલી રહી છે. અથડામણમાં ૩૧ નક્સલીઓ ઠાર થયાના સમાચાર મળી રહ્યા છે. ડેપ્યુટી સીએમ અને ગૃહ મંત્રી વિજય શર્માએ આની પુષ્ટિ કરી છે. એનકાઉન્ટરમાં ૨ જવાન શહીદ થયા છે અને ૨ જવાન ઘાયલ થયા છે. ઘાયલ જવાનોને બચાવીને રાય પુર લાવવાની તૈયારી ચાલી રહી હતી. મળેલી માહિતી મુજબ, બીજાપુર જિલ્લાના એડાપલ્લી વિસ્તારમાં અથડામણ થઈ રહી છે. નેશનલ પાર્કના સેન્ડ્રા વિસ્તારમાં સતત ફાયરિંગ થઈ રહ્યું છે. મળેલી માહિતી મુજબ, ડીઆરજી અને એસટીએફના જવાનો અને નક્સલીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. નક્સલીઓની નેશનલ પાર્ક એરિયા કમિટી ફરસેગઢમાં સક્રિય છે. જવાનોને સ્થળ પરથી ઓટોમેટિક હથિયારો પણ મળ્યા છે. નક્સલીઓના મોતનો આંકડો વધવાની શક્યતા છે.



મળેલી માહિતી મુજબ, નેશનલ પાર્ક અથડામણમાં અત્યાર સુધી ૩૧ વર્દીધારી નક્સલીઓના મૃતદેહો મળી આવ્યા છે. અથડામણના સ્થળેથી મોટી માત્રામાં હથિયારો અને વિસ્ફોટક પદાર્થો પણ મળી આવ્યા છે. હાલ મૃતક નક્સલીઓની ઓળખ થઈ નથી. આ નક્સલીઓ કોણ છે અને કયા વિસ્તારમાં સક્રિય હતા, તે અંગેની પોલીસ તપાસ કરી રહી છે. અથડામણમાં બે જવાન પણ ઘાયલ થયા છે. મળેલી માહિતી મુજબ, બંને ઘાયલ જવાનોની હાલત સ્થિર છે. ઘાયલ જવાનોને વધુ સારી સારવાર માટે હાયર સેન્ટર મોકલવાની તૈયારી ચાલી રહી છે. અથડામણના વિસ્તારમાં વધારાની ફોર્સ મોકલવામાં આવી રહી છે.



વધારાની ફોર્સ મોકલવામાં આવી રહી છે. જવાનોની ટીમ આ વિસ્તારમાં સતત સર્ચ કરી રહી છે. મળેલી માહિતી મુજબ, નેશનલ પાર્ક અથડામણમાં અત્યાર સુધી ૩૧ વર્દીધારી નક્સલીઓના મૃતદેહો મળી આવ્યા છે. અથડામણના સ્થળેથી મોટી માત્રામાં હથિયારો અને વિસ્ફોટક પદાર્થો પણ મળી આવ્યા છે. હાલ મૃતક નક્સલીઓની ઓળખ થઈ નથી. આ નક્સલીઓ કોણ છે અને કયા વિસ્તારમાં સક્રિય હતા, તે અંગેની પોલીસ તપાસ કરી રહી છે. અથડામણમાં બે જવાન પણ ઘાયલ થયા છે. મળેલી માહિતી મુજબ, બંને ઘાયલ જવાનોની હાલત સ્થિર છે. ઘાયલ જવાનોને વધુ સારી સારવાર માટે હાયર સેન્ટર મોકલવાની તૈયારી ચાલી રહી છે. અથડામણના વિસ્તારમાં વધારાની ફોર્સ મોકલવામાં આવી રહી છે. જવાનોની ટીમ આ વિસ્તારમાં સતત સર્ચ કરી રહી છે. બીજાપુર જિલ્લાના નેશનલ પાર્ક એરિયા કમિટીના જંગલમાં ડીઆરજી, એસટીએફ અને બસ્તર ફાઈટરની સંયુક્ત ટીમ અને નક્સલીઓ વચ્ચે અથડામણ થઈ. જવાનોને અત્યાર સુધી ૩૧ વર્દીધારી નક્સલીઓના મૃતદેહો મળી આવ્યા છે. સાથે જ અથડામણના સ્થળેથી મોટી માત્રામાં AK 47, SLR, INSAS રાઈફલ, ૩૦૩, BGL લોન્ચર, હથિયારો અને વિસ્ફોટક પદાર્થો મળી આવ્યા છે. થોડા દિવસો પહેલાં પણ છત્તીસગઢ, ઓડીશા સીમામાં થેયલાં અન્ય એક એનકાઉન્ટરમાં ૧૬ નક્સલીઓને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા હતાં, જેમાં ૯૦ લાખ રૂપિયાના ઈનામી ચલપતિ પણ સામેલ હતો. નોંધનીય છે કે, કેન્દ્ર સરકારે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી દેશના નક્સલવાદને સંપૂર્ણ રીતે ખતમ કરવાની જાહેરાત કરી છે.

## કલ્પવાસી ટેન્ટના સિલિન્ડરમાં લીકેજથી સર્જાઈ દુર્ઘટના

। પ્રયાગરાજ, તા.૯ ।

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભ મેળામાં આગ લાગવાની ઘટનાઓ સતત શરૂ છે. મહાકુંભ મેળામાં રવિવાર (૯ ફેબ્રુઆરી) સવારે કલ્પવાસી ટેન્ટમાં આગ લાગવાના સમાચાર સામે આવ્યા છે. સેક્ટર ૧૯ સ્થિત વટ માધવ માર્ગ દક્ષિણીમાં ઓમપ્રકાશ પાંડે સેવા સંસ્થાના કલ્પ વાસી ટેન્ટમાં કર્મા પ્રયાગરાજ નિવાસી રાજેન્દ્ર જયસ્વાલ રોકાયા હતાં. વહેલી સવારે ટેન્ટની અંદર ગેસ સિલિન્ડર પર ભોજન બનાવવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન અચાનક ગેસ લિકેજના કારણે આગ લાગી હતી. આગના કારણે આસપાસના વિસ્તારમાં હડકંપ મચી ગયો હતો. મળતી માહિતી મુજબ, આગની ઘટનાની જાણ થતાની સાથે જ ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયર વિભાગની તુરંત કાર્યવાહીના કારણે આગ વિકરાળ સ્વરૂપ લે તે પહેલાં જ તેના પર કાબૂ મેળવી લેવાયો હતો. જોકે, જે ટેન્ટમાં આગ લાગી હતી, તેનો તમામ સામાન બળીને ખાક થઈ ગયો છે. સમગ્ર મામલે કોઈ જાનહાનિ નોંધાઈ નથી. નોંધનીય છે કે, બે દિવસ પહેલાં (૭ ફેબ્રુઆરી) પણ મહાકુંભ મેળામાં સેક્ટર-૧૮ શંકરાચાર્ય માર્ગ પર ઈસ્કોનના કિચનમાં આગ લાગતાં અફરાતફરી મચી હતી. આગમાં ૨૨થી વધુ કોટેજ (ટેન્ટ) બળીને ખાખ થયા હતા.

**નામની જાહેરાત પહેલા કરવામાં આવ્યો ખુલાસો**

# કેજરીવાલના શીશમહેલમાં રહેશો ભાજપના મુખ્યમંત્રી

**દિલ્હીના મુખ્યમંત્રીનું નિવાસસ્થાન એટલે કે શીશ મહેલ સિવિલ લાઈન્સના ૬ પ્લાગસ્ટાફ રોડ પર સ્થિત છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ૨૭ વર્ષ બાદ ભાજપ ફરી સત્તા પર આવી છે. તે જ સમયે, આ ચૂંટણીમાં હેટ્રિક કરનાર અરવિંદ કેજરીવાલને હારનો સામનો કરવો પડ્યો છે. ચૂંટણી જીત્યા બાદ કોઈપણ રાજ્યના મુખ્યમંત્રીના ચહેરાને લઈને ઘણી ચર્ચા થાય છે. દિલ્હીમાં સીએમના ચહેરાની ચર્ચાની સાથે શીશમહેલને લઈને પણ ભારે ચર્ચા થઈ રહી છે. શીશ મહેલથી અમારો મતલબ દિલ્હીના મુખ્યમંત્રીનું નિવાસસ્થાન છે. આ વખતે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલને



શીશમહેલને લઈને ભારે ઘેર્યા હતા. અરવિંદ કેજરીવાલ જ્યારે મુખ્યમંત્રી હતા, ત્યારે અહીં રહેતા હતા અને તેમના કાર્યકાળ દરમિયાન તેમણે મુખ્યમંત્રી આવાસના નવીનીકરણ પર કરોડો રૂપિયાનો ખર્ચ પણ કર્યો હતો. ત્યારથી ભાજપે સીએમ આવાસનું નામ શીશમહેલ રાખ્યું હતું. હવે દિલ્હીમાં ભાજપની સત્તા આવી ગઈ છે, શું દિલ્હીના મુખ્યમંત્રી પણ આ શીશમહેલમાં રહેશે? શીશમહેલને લઈને ભાજપ અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવા કહે છે કે ભાજપના આગામી મુખ્યમંત્રી શીશમહેલ પર નહીં રહે. નવી દિલ્હી વિધાનસભા સીટ પરથી અરવિંદ કેજરીવાલને હરાવનાર બીજેપી નેતા પ્રવેશ વર્માએ પણ કહ્યું છે કે કોઈએ શીશમહેલમાં રહેવું જોઈએ નહીં. આ અંગે તેમણે એક મીડિયા હાઉસ સાથે વાત કરતા કહ્યું કે, શીશમહેલમાં દુબઈના શેખ જ રહી શકે છે, મુખ્યમંત્રી નહીં. મુખ્યમંત્રી માટે આટલા મોટા મહેલની જરૂર નથી.

**આતિશીએ ન્ર વીકે સક્સેના સાથે કરી મુલાકાત**

## આતિશીએ દિલ્હીના મુખ્યમંત્રી પદ ઉપરથી આપ્યું રાજીનામું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

દિલ્હીથી સૌથી મોટા સમચાર સામે આવ્યા છે. વાસ્તવમાં દિલ્હીમાં આપ આદમી પાર્ટીની કારમી હાર અને ભાજપની પ્રચંડ જીત બાદ હવે ભાજપની સરકાર બનવા જઈ રહી છે. આ અંતર્ગત આજે દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યું. આ તરફ દિલ્હીના LG VK સક્સેનાએ પાછલી વિધાનસભાને વિસર્જન કરવાનું જાહેરનામું બહાર પાડ્યું છે. દિલ્હીના મુખ્યમંત્રી પદેથી આજે આતિશીએ રાજીનામું આપી દીધું છે. આજે લગભગ સવારે ૧૧ વાગ્યે તેઓ રાજભવન પ હોંચ્યા હતા. જ્યાં તેમણે લેફ્ટનન્ટ ગવર્નરને મળ્યા અને તેમને પોતાનું રાજીનામું સુપરત કર્યું. આ સાથે LG એ પાછલી વિધાનસભા ને વિસર્જન કરવાનું જાહેરનામું બહાર પાડ્યું છે. આ સૂચના સાથે નવી વિધાનસભાની રચનાનો માર્ગ મોકળો થયો છે. નવી વિધાનસભાની



રચના પછી સરકાર બનાવવાની પ્રક્રિયા પણ શરૂ થશે. શનિવારે આવેલા ચૂંટણી પરિણામોમાં ભાજપને ૪૮ અને આમ આદમી પાર્ટીને ૨૨ બેઠકો મળી. ભાજપ દ્વારા હજુ સુધી મુખ્યમંત્રીના નામની જાહેરાત કરવામાં આવી નથી. નોંધનીય છે કે, દિલ્હી ભાજપ અધ્યક્ષ આજે સાંજે બધા વિજેતા ધારાસભ્યોને મળશે. વડાપ્રધાન મોદી વિદેશ પ્રવાસથી પાછા ફર્યા પછી દિલ્હીમાં શપથ ગ્રહણ સમારોહ યોજાય તેવી શક્યતા છે. દિલ્હીમાં જીત બાદ ભાજપ છાવણીમાં ઉજવણીનો માહોલ છે.

**અકસ્માતમાં ૧૦ લોકો ઇજાગ્રસ્ત થયા છે : અકસ્માત બાદ રોડ પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા**

## કરુણાંતિકા : મહાકુંભ જતાં પિકઅપની SUV સાથે ટક્કર

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૯ ।

મધ્ય પ્રદેશ જિલ્લામાં એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. અહીં મહાકુંભ માટે લોકોને પ્રયાગરાજ લઈ જઈ રહેલી એક મિની ટ્રક (પિકઅપ) અને એક એસયુવી કાર વચ્ચે ટક્કર સર્જાતા ત્રણ લોકોના મોત નીપજ્યા છે. જ્યારે ૧૦ લોકો ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માત રોડ પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. જોકે પોલીસે ઘટનાસ્થળે પહોંચી ટ્રાફિક વ્યવસ્થા સુચારૂ કરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર આ ગમખ્વાર અકસ્માત સતના-ચિત્રકૂટ સ્ટેટ હાઈવે પર ગત મોડી રાત્રે દોઢ વાગ્યાની આસપાસ સર્જાયો હતો. મિની ટ્રક (પિકઅપ) અને કાર વચ્ચે અકસ્માત સર્જાતા પિકઅપમાં ભરેલો સામાન વેરવિખેર થઈ ગયો હતો. પિકઅપમાં સવાર મહેન્દ્ર પટેલ (૫૨) તેમની પુત્રી મનીષા પટેલ (૩૧) અને મનીષા પટેલના પુત્ર (જીતેન્દ્ર પટેલ)નું મૃત્યુ નીપજ્યું હતું. એટલે કે મૃતકોમાં માતા-પુત્ર અને નાનાનો સમાવેશ થાય છે. અકસ્માતના પગલે ટ્રાફિક જામ થયો હતો. જોકે પોલીસે ક્રેનની મદદથી પિકઅપને ખસેડીને રસ્તો ખુલ્લો કરાવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર પિકઅપ વાન લોકોને મધ્ય પ્રદેશના જબલપુરથી ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં લઈ જઈ રહી હતી.

**તપાસમાં અત્યાર સુધી કોઈ સ્યુસાઇડ નોટ નથી મળી**

## પરિણીતાએ ૩ વર્ષના બાળક સાથે નદીમાં ઝંપલાવી દીધું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

અમદાવાદના નિકોલમાંથી ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. નિકોલની પરિણીતાએ પોતાના પુત્ર સાથે નદીમાં ઝંપલાવી આપઘાત કર્યો છે. આ વિશે જાણ થતાં તુરંત જ ફાયર વિભાગ અને પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી બંને મૃતદેહને નદીમાંથી બહાર કાઢી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદના રિવરફ્રન્ટમાં નિકોલની મહિલાએ પોતાના ૩ વર્ષના દીકરા સાથે નદીમાં ઝંપલાવી આપઘાત કર્યો છે. મહિલા પોતાના પુત્રને દુપટ્ટા સાથે બાંધીને નદીમાં પડી હતી. આ વિશે જાણ થતાં પોલીસ અને ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે પહોંચી. ફાયર વિભાગ દ્વારા ભારે જહેમત બાદ બંનેના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યા હતાં. પોલીસે સમગ્ર મામલે આત્મહત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. નોંધનીય છે કે, પોલીસ તપાસમાં અત્યાર સુધી કોઈ સ્યુસાઈડ નોટ નથી મળી.

**અકસ્માત સવારે એસ્કાર્સેગા શહેર નજીક સર્જાયો હતો**

## મેક્સિકોમાં મોટી દુર્ઘટના, ટ્રક અને બસ વચ્ચે ટક્કર બાદ ૪૧ લોકો જીવતા ભૂંજાયા

। (એજન્સી) મેક્સિકો, તા.૯ ।

મેક્સિકોમાં મોટી દુર્ઘટના ઘટી છે. દક્ષિણ મેક્સિકોમાં ટ્રક અને બસ વચ્ચે મોટો અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતમાં ૪૧ લોકોના મોત થઈ ગયા છે. હવે મેક્સિકોના ટાબાસ્કો રાજ્યની સરકારે એક નિવેદનમાં જણાવ્યું છે કે, ૪૮ મુસાફરોને લઈને જઈ રહેલી બસની એક ટ્રક સાથે ટક્કર થઈ ગઈ હતી. બસ કેનકનથી ટાબાસ્કો આવી રહી હતી. આ અકસ્માતમાં બસમાં સવાર ૩૮ મુસાફરો અને બે ડ્રાઈવરોના મોત થઈ ગયા છે. આ સાથે જ ટ્રકના ડ્રાઈવરનું પણ મોત થઈ ગયું છે. આ ભયાનક માર્ગ અકસ્માત બાદ બસ આગની લપેટમાં આવી ગઈ હતી અને સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી અને આગમાં ૪૧ લોકો જીવતા ભૂંજાયા છે. આ અકસ્માત શનિવારે સવારે એસ્કાર્સેગા શહેર નજીક સર્જાયો હતો. અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોની ઓળખ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ઘાયલ મુસાફરોના જીવ ખતરામાંથી બહાર છે. આગ ઓલવાઈ ગયા બાદ માત્ર બસના ફ્રેમના અવશેષો જ બચ્યા હતા.ટાબાસ્કોના અધિકારીઓએ જણાવ્યું કે, અત્યાર સુધીમાં ૩૮ મૃતદેહો મળી આવ્યા છે. અકસ્માતગ્રસ્ત બસમાંથી પુરાવા મેળવવાનું કામ ચાલી રહ્યું છે.



## સુરતમાં તબીબની બેદરકારીથી ૩૦ વર્ષીય મહિલાનું મોત

। (એજન્સી) સુરત, તા.૦૯ ।

સુરતમાં તબીબની બેદરકારીથી ૩૦ વર્ષીય મહિલાનું મોત થયાના આક્ષેપ કરવામાં આવ્યા છે. ગર્ભાશયની સારવાર માટે મહિલાને નવી સિવિલ ખસેડાઈ હતી. સારવાર બાદ મહિલાને સિવિલમાંથી રજા આપવામાં આવી હતી. જોકે, અચાનક ફરીથી તબિયત લથડતા મહિલાને અન્ય હોસ્પિટલ લઈ જતા સમગ્ર મામલો સામે આવ્યો છે. સુરત શહેરમાં સિવિલ હોસ્પિટલમાં તબીબની બેદરકારીથી ૩૦ વર્ષની પરવીન મિર્ઝા નામની મહિલાનું મોત નિપજ્યું છે. મળતા અહેવાલો મુજબ પરવીન મિર્ઝા ગર્ભાશયની સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ થઈ હતી. જોકે, બાદમાં તેને રજા પણ આપી દેવાઈ હતી. પછીથી ફરીથી તબિયત બગડી હતી તો તેને બીજી હોસ્પિટલમાં લઈ જતા સમગ્ર મામલો સામે આવ્યો છે. સિવિલમાં ઓપરેશન દરમિયાન આંતરડાના ભાગે કટ વાગ્યાનો પરિવારે આક્ષેપ કર્યો છે. પરિવારની જાણ બહાર મહિલાને ઘણા સમયથી ICUમાં રખાઈ હતી તેમ પણ પરિવારે જણાવ્યું છે.વધુમાં મોત થયા બાદ પણ પરિવારને જાણ ન કરાઈ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલો ઉગ્ર બનતા અંતે નવી સિવિલના તબીબોએ મહિલાનું મોત થયાનું કબૂલ્યું છે.

## સુરતમાં સરદાર વલ્લભભાઈ નેશનલ ઇન્સ્ટિટ્યુટ ફરી વિવાદમાં આવી

। (એજન્સી) સુરત,તા.૯ ।

સુરતમાં સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટિટ્યુટ ફરી વિવાદમાં આવી છે. SVNIT ઈન્સ્ટિટ્યુટમાં રેગિંગનો જાણે રાફડો ફાટ્યો હોય તેમ લાગી રહ્યું છે. રેગિંગની ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો, પરંતુ રેગિંગની ઘટનાને પરંપરામાં ખપાવી દેવાનો નિર્લજ્જ પ્રયાસ કરાતા વિદ્યાર્થીઓમાં રોષ ફેલાયો છે. સુરતમાં આવેલ પ્રસિદ્ધ સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટિટ્યુટ ફરી વિવાદમાં આવી છે. એસવીએનઆઈટી ઈનસ્ટીટ્યુટમાં થોડા દિવસ એક બર્થ-ડેનો વીડિયો વાયરલ થયો હતો. જેમાં જોવા મળી રહ્યું છે કે વિદ્યાર્થીઓને શારીરિક અને માનસિક યાતનાઓ આપવામાં આવી રહી છે. કેમ્પસમાં વિદ્યાર્થીને પટ્ટાથી માર મરાતો વીડિયો વાયરલ થતાં ખળભળાટ મચી ગયો છે. વિદ્યાર્થીઓને માનસિક-શારીરિક યાતના મુદ્દે કડક નિયમો લાગુ કરવામાં આવ્યા છે તેમ છતાં જીફર્દેમાં બર્થ-ડે સેલિબ્રેશનની આડમાં રેગિંગનો ખેલ ખેલાઈ રહ્યો હોવાનું વીડિયોમાં પુરવાર થયું છે. વાયરલ વીડિયો જોતા આ રમત નહીં, પણ રેગિંગ પુરવાર થયું છે. જેમાં કેમ્પસમાં વિદ્યાર્થીને પટ્ટાથી માર મરાતો વીડિયો વાયરલ થયો હતો.

### ૩ ફેબ્રુઆરીના રોજ FSL રિપોર્ટ આવ્યો હતો

# ફારૂક મુસાણીની આખરે કરાઈ ધરપકડ, FSL રિપોર્ટના 3 દિવસ બાદ નોંધાયો ગુનો

### ફારૂક મુસાણીએ વકફ બોર્ડના નામે દુકાનમાં ઘૂસી તોડફોડ કરી હતી

। (એજન્સી) રાજકોટ,તા.૯ ।

રાજકોટમાં ભાજપ કાર્યકર પર છ ડિવિઝન પોલીસના ચાર હાથ હોવાનું સામે આવતા ખળભળાટ મચી ગયો છે. ફારૂક મુસાણીએ વકફ બોર્ડના નામે દુકાનમાં ઘૂસી તોડફોડ કરી હતી.

જોકે, દુકાન ખાલી કરાવવાના આરોપી મુસાણી પર પોલીસે કોઈ કાર્યવાહી ન કરાતા ગૃહમંત્રીને અપીલ કરાયા હોવાનું જાણવા મળ્યા બાદ બે આરોપીઓની ધરપકડ થઈ છે રાજકોટ શહેરના મોચીબજારમાં મકાનમાં ગેરકાયદેસર કતલખાનું ચલાવવાનું સામે આવતા ગૌ-પ્રેમીએ મુસાણીના કતલખાના સામે અરજી કરી હતી. આ મામલે પોલીસે કાર્યવાહી પણ શરૂ કરી હતી. મુસાણીએ ૧૭ તારીખે ગૌ-પ્રેમીએ પોલીસ મથકે જઈ અરજી કરી હતી. પોલીસે સ્થળ પર જઈ સેમ્પલ લેઈ FSL માટે મોકલ્યા હતા.

ફોરેન્સિક રિપોર્ટ સામે આવતા રિપોર્ટમાં ગૌમાંસ હોવાનું સામે આવ્યું છે. ગત ૩ ફેબ્રુઆરીના રોજ FSL રિપોર્ટ આવ્યો હતો તેમ થતાં છેક ત્રણ દિવસ બાદ પોલીસે મુસાણીની સામે ગુનો નોંધ્યો હતો. ત્યારે સવાલ થઈ રહ્યાં છે કે શું ફારુક મુસાણી ભાજપનો કાર્યકર હોવાથી ગુનો નોંધવામાં લાગી વાર ગુરૂવારે રાત્રે ગુનો નોંધાયા બાદ અંતે ફારૂક સહિત બેની ધરપકડ કરાઈ છે.

સૂત્રોના જણાવ્યા મુજબ સમગ્ર ઘટનામાં ફારૂક મુસાણીનો બદઈરાદો સામે આવ્યો છે. શરૂઆતમાં, નવાબ મસ્જિદની ત્રણ દુકાનો પર કબજો કરીને ત્યાં ગેરકાયદેસર નોન-વેજ દુકાન ખોલવાની યોજના હતી. એટલું જ નહીં, જો આ ખતરનાક યોજના સફળ થઈ હોત તો નવાબ મસ્જિદની પાછળ આવેલી નગીના મસ્જિદની ૧૫ દુકાનો પર કબજો કરીને ત્યાં પણ કતલખાનું ખોલવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું.

### સુરતમાં ફરી એક વખત રફ્તારનો કહેર સામે આવ્યો

# સુરતમાં કારે બેનો ભોગ લીધો અને ૬ વાહનોને લીધા અડફેટે

। (એજન્સી) સુરત, તા. ૯ ।

સુરતમાં ફરી એક વખત રફતારનો કહેર સામે આવ્યો છે. સુરતના આવટર રિંગ રોડ પર બેફામ કાર ચાલકે રફતારનો આંતક મચાવી અનેક વાહનોને અડફેટે લીધા હતા. પૂરપાટ ઝડપે કાર હંકારી અનેક વાહનોને અડફેટે લેતાં અફરાતફરીનો મહાલો સર્જાયો હતો. જ્યારે આ ગંભીર અકસ્માતમાં બે સગા ભાઈના મૃત્યુની ખબર સામે આવી રહી છે. જોકે, અન્ય ચાર લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. સમગ્ર મામલે આસપાસના લોકોએ એકત્રિત થઈ તાત્કાલિક ધોરણે તમામ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા. તમામ લોકો હાલ ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે.

સુરતના આઉટર રિંગરોડ પર લસકાણા વાલક અબ્રામા બ્રિજ પર શુક્રવારે મોડી રાત્રે પૂરપાટ ઝડપે આવેલી કારના ચાલકે ગાડી પરથી કાબૂ ગુમાવ્યો હતો. બાદમાં પૂરપાટ ઝડપે આવતી આ ગાડી ડિવાઈડર કૂદાવી સામેના રોડમાં પહોંચી ગઈ હતી. આ દરમિયાન ગાડીએ સામેના રોડે આવતા કુલ પાંચ વાહનો સહિત છ લોકોને અડફેટે લીધા હતાં. જેમાં બે સગા ભાઈનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ થયું હતું. સમગ્ર મામલે આસપાસના લોકોએ એકત્રિત થઈ તાત્કાલિક ધોરણે તમામ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

કારચાલક નશાની હાલતમાં હોવાનો આક્ષેપ છે, ત્યારે ઘટનાની જાણ થતાં પોલીસ દોડી આવી હતી. જ્યારે અકસ્માત સર્જનાર કારચાલક વિશે તપાસ શરૂ કરી છે. અકસ્માત કેવી રીતે સર્જાયો, અકસ્માત સર્જનાર કોણ હતો, શું કારચાલક નશાની હાલતમાં હતો કે નહીં, તે અંગે પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. અકસ્માત કેવી રીતે સર્જાયો, અકસ્માત સર્જનાર કોણ હતો, શું કારચાલક નશાની હાલતમાં હતો કે નહીં, તે અંગે પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

### પતિએ પહેલી પત્નીને માર મારીને ત્રાસ આપ્યો હતો

# એક પત્ની હોવા છતાંય પતિએ લગ્નના ૧૨ વર્ષે પ્રેમિકા સાથે લગ્ન કરી લીધા

### મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચતા સરખેજ પોલીસે બે લોકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

અમદાવાદ શહેરના સરખેજ વિસ્તારમાં રહેતા એક શિક્ષક અને તેની માતા સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

શિક્ષક યુવકે વર્ષ ૨૦૧૨માં લગ્ન કર્યા હતા. પત્ની હોવા છતાં તેને એક મહિલા સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. જે પ્રેમિકા સાથે તેણે વર્ષ ૨૦૨૪માં લગ્ન કરી લીધા હતા. આમ, પહેલા લગ્નના ૧૨ વર્ષ બાદ બીજા લગ્ન કરનાર પતિએ પહેલી પત્નીને માર મારીને ત્રાસ આપ્યો હતો. મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચતા સરખેજ પોલીસે બે લોકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

સરખેજમાં રહેતી ૩૪ વર્ષીય મહિલાએ વર્ષ ૨૦૧૨માં લગ્ન કર્યાં હતા. મહિલાનો પતિ અગાઉ પ્રાઈવેટ સ્કૂલમાં શિક્ષક હતો, જે હાલ જમાલપુરની સરકારી શાળામાં શિક્ષક છે. મહિલાએ બે દીકરીને જન્મ આપ્યા બાદ તેના પતિનું વર્તન બદલાઈ ગયું હતું. મહિલાનો પતિ જ્યારે પ્રાઈવેટ સ્કૂલમાં ફરજ બજાવતો હતો ત્યારે તે એક મહિલા સાથે વાતો કરતા પત્નીના હાથે ઝડપાઈ ગયો હતો. પત્નીએ તેને આ બાબતે ટોકતા પતિએ નફ્ફટાઈ પૂર્વક, 'તે મારી ફ્રેન્ડ છે અને અત્યારે સાસરીમાં તકલીફ હોવાથી મદદ કરું છું અને જરૂર પડ્યે ધર્મ મુજબ બીજા લગ્ન કરીશ' તેવું કહી દીધું હતું. મહિલાએ તેના પતિને આ બધું છોડી દેવા કહેતા પતિએ લાગણીશીલ વાતો કરીને માર માર્યો હતો. સાસુએ પણ બે દીકરીને જન્મ આપ્યો હોવાનું કહીને વારસદાર જોઈએ છે તેમ કહીને ત્રાસ આપ્યો હતો. મહિલાના પતિએ તેને છ માસ સુધી તલાકની ધમકી આપીને બીજા લગ્ન કરવાનું કહીને પ્રેમિકાને ફરવા લઈ જતો હતો. મહિલાનો પતિ શંકાઓ રાખીને તેને આસપાસમાં કે કોઈ પ્રસંગમાં પણ જવા દેતો નહોતો. આટલું જ નહિ જ્યારે મહિલાની નાનીનું અવસાન થયું ત્યારે પણ તેને જવા દીધી નહોતી. પતિએ પોલીસ ફરિયાદ કરીશ તો હું બધા કાયદા જાણું છું તું કંઈ નહિ કરી શકે તેવી ધમકી આપી હતી. વર્ષ ૨૦૨૪માં મહિલાના પતિએ બીજા લગ્ન કરી લીધા હોવાની જાણ કરતા મહિલાએ વિરોધ કરતા તેને માર માર્યો હતો. જ્યારે સમાધાન માટે ભેગા થયા ત્યારે પતિએ બીજા લગ્ન કરી લીધા છે ખાલી બધા વચ્ચે જાહેર કરવાનું બાકી હતું તેમ કહેતા મામલો પોલીસ મથક સુધી પહોંચ્યો હતો. જેને લઈને સરખેજ પોલીસે મહિલાના પતિ અને સાસુ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## હાટકેશ્વર બ્રિજ કૌભાંડ મામલે ૭ અધિકારીઓ સામે અંતે કાર્યવાહી

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

અમદાવાદ શહેરમાં બહુચર્ચિત અને સૌથી વધુ ચર્ચાસ્પદ એવા હાટકેશ્વર બ્રિજ કૌભાંડ મામલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૭ એન્જીનિયર અધિકારીઓને શો કોઝ નોટિસ પાઠવતા કોર્પોરેશનમાં ખળભળાટ મચી ગયો છે. વિજીલન્સ તપાસમાં અધિકારીઓની બેદરકારી સામે આવતા શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.અમદાવાદમા હાટકેશ્વર બ્રિજમાં માત્ર ૫ જ વર્ષમાં પુલ ખરાબ થવા લાગ્યો હતો. ગાબડા પડતા, વાહનચાલકોને જીવનું જોખમ હતું તેથી તેના સમારકામ અંગે પણ ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. આ મામલે પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. તપાસનીસ અધિકારીઓને કોન્ટ્રાક્ટર અજય એન્જિનિયરિંગ ઈન્ફ્રા. પ્રાઈવેટ લિમિટેડ દ્વારા બ્રિજ બનાવવાની કામગીરીમાં શંકા ઊભી થઈ હતી. બાદમાં ગુણવત્તાયુક્ત બ્રિજ બનાવવામાં આવ્યો ન હોવાનું સાબિત થતા પોલીસ ફરિયાદ પણ નોંધાઈ હતી. બ્રિજના નિર્માણકાર્યમાં ટેસ્ટ રિપોર્ટ પણ સંતોષકારક ન હોવાનું જણાતા તપાસ આગળ વધારાઈ હતી. લેબોરેટરી રિપોર્ટમાં પણ કોઈ સ્પષ્ટ ઉલ્લેખ ન કરાતા આખરે તપાસના અંતે સાત અધિકારીઓને નોટિસ ફટકારવામાં આવી છે. હાટકેશ્વર બ્રિજ બનાવનારા કોન્ટ્રાક્ટર તેમજ PMC એજન્સી અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારી સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. કોન્ટ્રાક્ટર અજય એન્જિનિયરિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ પીએમસી એજન્સીને બ્લેકલિસ્ટ કરી તેના ખર્ચના જોખમે નવો બ્રિજ બનાવવાનો નિર્ણય પણ લેવાયો હતો. જોકે, આ નિર્ણયનું હજુ અમલીકરણ કરાયું નથી. અતુલકુમાર પટેલ પેન્શનમાંથી ૧૧ હજાર દર મહિને કાપવા, પરેશભાઈ શાહ પેન્શનમાંથી ૬૩૦૦ દર મહિને કાપવા, પરેશભાઈ.એ. પટેલ પેન્શનમાંથી ૬૫૦૦ દર મહિને કાપવા, હિતેષભાઈ ૧૫ લાખ રૂપિયા પેનલ્ટી તરીકે વસુલવી, પરેશભાઈ.ડી.પટેલ પેન્શનમાંથી દર મહિને ૮૧૦૦ કાપવા, મનોજકુમાર સોલંકી તત્કાલીન અને આશિષભાઈ પટેલને નોકરીમાંથી બરતરફ કેમ ન કરવા અંગે સવાલો કર્યા છે તેમજ કડક પગલાં પણ લીધાં છે.

## જામનગરના નાંદુરી ગામમાં ટ્રેક્ટર પલટી ખાતા શ્રમિકનું મૃત્યુ થયું

। (એજન્સી) જામનગર,તા.૯ ।

જામનગર જિલ્લાના લાલપુરમાં નાંદુરી રોડ પર એક ટ્રેક્ટર તેના ચાલકની બેદરકારીના કારણે પલટી મારી ગયું હતું, જે અકસ્માતમાં ટ્રેક્ટરની અંદર બેઠેલા એક શ્રમિક યુવાનનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે અન્ય બે શ્રમિકો ઘાયલ થયા છે. પોલીસે ટ્રેક્ટર ચાલક સામે ગુનો નોંધ્યો છે. આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે મૂળ મધ્યપ્રદેશના જાંબુવા ના વતની અને હાલ લાલપુર તાલુકાના નાંદુરી ગામમાં રહીને મજૂરી કામ કરતા મુકેશ રમેશભાઈ વાસકેલા નામનો ૩૦ વર્ષનો શ્રમિક યુવાન ગઈકાલે જી.જે. ૧૭ ડી.૫૪૮૨ નંબરના ટ્રેક્ટરમાં બેસીને અન્ય શ્રમિકો સાથે હટાણું કરવા માટે જઈ રહ્યા હતા, જે દરમિયાન નાંદુરી ગામની સ્કૂલ પાસે એકાએક ટ્રેક્ટર પલટી મારી ગયું હતું. જે અકસ્માતમાં મુકેશ વાસકેલાને ગંભીર ઈજા થવાથી તેનું મૃત્યુ નિપજ્યું હતું. આ ઉપરાંત તેની સાથે બેઠેલા રાકેશ અને અનિલ નામના અન્ય બે શ્રમિક યુવાનો ઘાયલ થયા છે, અને તેઓને લાલપુરની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે. આ અકસ્માતના બનાવની જાણ થતાં મૃતક મુકેશના ભાઈ કમલેશભાઈ રમેશભાઈ વાશકેલા બનાવના સ્થળે પહોંચી ગયા હતા અને સમગ્ર બનાવ મામલે લાલપુર પોલીસને જાણ કરતાં લાલપુરના પી.એસ.આઈ. એસ.પી. ગોહિલ અને એ.એસ.આઈ. એ. એમ. જાડેજા પોતાની ટીમ સાથે બનાવના સ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે મૃતકના ભાઈ કમલેશ વાશકેલાની ફરિયાદના આધારે ટ્રેક્ટરના ચાલક દીવાનભાઈ સામે ગુનો નોંધ્યો છે અને ટ્રેક્ટર કબજે કર્યું છે. જે આરોપી હાલ ભાગી છૂટ્યો હોવાથી પોલીસ તેને શોધી રહી છે. મૃતક યુવાન કે જે પોતાના માસુમ ચાર સંતાનો સાથે પરિવારનું ગુજરાન ચલાવતો હતો અને તેના મૃત્યુથી ચારેય સંતાનોએ પિતાનું છત્ર ગુમાવ્યું છે, તેથી પરિવારમાં ભારે ગમગીની છવાઈ છે.

## અંતે બનાસકાઠાના વાવ તાલુકાના લંપટ શિક્ષક સામે નોંધાઈ ફરિયાદ

। (પ્રતિનિધી) બનાસકાઠા, તા.૯ ।

ફરીયાદીની ૧૬ વર્ષની પુત્રી પણ આ જ કારમાં મુસાફરી કરી રહી હતી, પરંતુ માનસિક રીતે બીમાર વ્યક્તિ હવસી ચૌધરી તેણીને શારીરિક અડપલા કરી દુષ્કર્મ આચરતો હતો.વાવ તાલુકાની ગ્રામ્ય હાઈસ્કૂલમાં મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવતા નાનજી સવજીભાઈ ચૌધરી (રહે. ઘેસડા, થરાદ) દરરોજ ફરિયાદીની કારમાં અવર-જવર કરતા હતા. આજે ફરીયાદીની ૧૬ વર્ષની પુત્રી પણ આ જ કારમાં મુસાફરી કરી રહી હતી, પરંતુ માનસિક રીતે બીમાર વ્યક્તિ હવસી ચૌધરી તેણીને શારીરિક અડપલા કરી દુષ્કર્મ આચરતો હતો, જેના કારણે પુત્રી સતત બે-ત્રણ દિવસથી નાખુશ હતી. તેથી, જ્યારે તેના ફરિયાદી પિતાએ તેની પૂછપરછ કરી, ત્યારે પુત્રીએ સમગ્ર સત્ય જણાવ્યું. આ અંગે ફરિયાદીએ તેના હાઈસ્કૂલના શિક્ષક મિત્રોને જાણ કરી હતી. આ સમગ્ર મામલો પ્રકાશમાં આવતાં આ લંપટ શિક્ષક નાનજી ચૌધરીએ શાળાના ૧૫થી વધુ વિદ્યાર્થીઓને શારીરિક અડપલા કરી દુષ્કર્મ આચર્યું હતું અને મોબાઈલ ફોન દ્વારા ગંદા મેસેજ મોકલ્યા હોવાનું બહાર આવ્યું હતું. આ મામલો સમગ્ર ગામમાં ચર્ચાનું કેન્દ્ર બનતાની સાથે જ ગ્રામજનો અને શાળાના ટ્રસ્ટીઓ વાવ પોલીસ મથકે પહોંચ્યા હતા. પરંતુ આ બદમાશને બચાવવા અનેક આગેવાનો પણ વાવ પોલીસ મથકે પહોંચી સમાધાન માટે પ્રયાસો કર્યા હતા, પરંતુ ફરિયાદી અને ગ્રામજનોની મદદથી પોલીસ સ્ટેશનમાં નાનજી ચૌધરી સામે પોક્સો અને અન્ય કલમો હેઠળ ગંભીર ગુનો નોંધવામાં આવ્યો હતો, પરંતુ આ બદમાશને બચાવવા અનેક આગેવાનો પણ વાવ પોલીસ મથકે પહોંચી સમાધાન માટે પ્રયાસો કર્યા હતા, પરંતુ ફરિયાદી અને ગ્રામજનોની મદદથી પોલીસ સ્ટેશનમાં નાનજી ચૌધરી સામે પોક્સો અને અન્ય કલમો હેઠળ ગંભીર ગુનો નોંધવામાં આવ્યો હતો, પરંતુ આરોપી ફરાર થઈ ગયો હતો.

**વિશેષ** ધાર્મિક સ્થાનો એક પછી એક વિવાદમાં આવતા જાય છે, પ્રથમ અંબાજી મંદિર ત્યારબાદ ભવનાથ, ભૂતનાથ અને સતાધાર ગાદીનો વિવાદ ચાલી રહ્યો છે

# તોરણીયા આશ્રમના શિષ્યાએ ગુરુ પર લગાવ્યા ગંભીર આક્ષેપ

। (માહિતી) જુનાગઢ ।

જુનાગઢ જિલ્લાના ધાર્મિક સ્થાનો એક પછી એક વિવાદમાં આવતા જાય છે પ્રથમ અંબાજી મંદિર ત્યારબાદ ભવનાથ, ભૂતનાથ અને સતાધાર ગાદીનો વિવાદ ચાલી રહ્યો છે ત્યારે કેશોદ નજીક ફાગડી ગામના સર્વે નંબર પર આવેલા તોરણીયા આશ્રમમાં બે સાધુઓ નો વિવાદ સામે આવ્યો છે. જેમાં તોરણીયા આશ્રમમાં રહેતા બે સાધુ અને એક સાધ્વી દ્વારા આશ્રમમાં દારૂ ચરસ ગાંજા જેવી વસ્તુઓ લાવી તેનું સેવન કરતા હોવાના આક્ષેપ કરતા ખળભળાટ મચી ગયો છે.આશ્રમ ચાલતી અનૈતિક પ્રવૃત્તિઓ અંગે પણ આક્ષેપ થતા લોકોની આસ્થાને ઠેસ પહોંચી છે. તોરણીયા આશ્રમ નુ સંચાલન કરતાં મહાન શંકરદાસ ગુરુ નિર્ભયદાસ દ્વારા આ આક્ષેપ કરવામાં આવ્યા છે.

કેશોદ ફાગડી રોડ ઉપર આવેલા તોરણીયા આશ્રમમાં શંકરદાસ ગુરુ નિર્ભયદાસજી ઘણા વર્ષોથી સંચાલન કરી રહ્યા છે.છ મહિના પહેલા સિધ્ધરાજ મુનિ નામના એક સાધુ અહીં આવ્યા હતા અને શંકરદાસ બાપુ એ તેમને તોરણીયા આશ્રમમાં આશરો આપ્યો હતો.છ મહિના સુધી આ સાધુનું વર્તન ખૂબ જ સારું રહ્યું હતું પરંતુ ત્યારબાદ આ સાધુએ તેના અન્ય જાણીતા સાધુને તોરણીયા આશ્રમમાં બોલાવ્યા હતા અને આ બંને સાધુએ મળીને આશ્રમમાં જ દારૂ ચરસ ગાંજા જેવી ચીજ વસ્તુઓ લાવી મહેફિલો માણતા હતા અને ગેર પ્રવૃતિ શરૂ થઈ હતી. ત્યારે આશ્રમ ના મહંત શંકર દાસ બાપુએ ધાર્મિક જગ્યામાં આવી પ્રવૃત્તિ ન કરવાની મનાઈ કરી અને ઠપકો આપ્યો હતો.બે સાધુ અને એક સાધ્વી ને ઠપકો આપતા બંને સાધુએ મળીને મુખ્યમંત્રીને ગાળો આપી હતી મૂડ માર્યો હતો અને ગળા પર તલવાર મૂકીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી મહંત દ્વારા પોલીસમાં અરજી કરવામાં આવી છે.

આ ઘટના પછી, ગભરાયેલા શિષ્યએ શંકરદાસ વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી. આ સાધ્વીએ આરોપ લગાવ્યો છે કે શંકરદાસે અન્ય સભ્યોની પણ છેડતી કરી હતી. તેમજ તેમના ગુરુ ભાઈ સિદ્ધરાજ મુનિએ તેમને બચાવ્યા અને ગુરુ શંકરદાસે શિષ્ય સિદ્ધરાજ મુનિ સાથે ઝઘડો કર્યો અને ત્યાંથી ચાલ્યા ગયા. આ પછી, શંકરદાસે આરોપ લગાવ્યો કે સિદ્ધરાજ અને આ સાધ્વી વચ્ચે અનૈતિક સંબંધ છે, જેનો ખુલાસો સિદ્ધરાજ મુનિએ કર્યો હતો અને શંકરદાસ આશ્રમની બધી વસ્તુઓ વેચી દેતા હતા અને પૈસા ખોટી જગ્યાએ વાપરતા હતા, જેના કારણે બંને વચ્ચે ઝઘડો થયો હતો.

આ બંને સાધુઓએ મુખ્ય મહંતને હાંકી કાઢ્યા બાદ બંને સાધુઓ બેંગ્લોરથી એક મહિલાને અહીં આશ્રમમાં લાવ્યા હતા અને તે આજે સાધવી તરીકે આ આશ્રમમાં રહેવા લાગ્યા છે.તેવા આક્ષેપ પણ કરવામાં આવ્યા છે હાલ બે સાધુ અને એક સાધુ મળીને આ તોરણીયા આશ્રમમાં ગેર પ્રવૃતિઓ થઈ રહી છે અને આશ્રમ પર કબજો જમાવી દીધો છે જેને લઈને આશ્રમના મુખ્ય દ્વારા પોલીસમાં અરજી કરવામાં આવી છે અને પોતાનો આશ્રમ પરત આપવામાં આવે તેવી માંગણી કરી છે.

તો બીજી તરફ આ આશ્રમમાં હાલના મહંત સિધ્ધરાજ મુની એ ખુલાસો કરતા જણાવ્યું હતું કે ૨૦૨૦માં આ જગ્યા ઉપર તેમની ચાદર વિધિ કરવામાં આવી છે ઉદાસીન અખાડાના મુખ્ય સાધુઓ અને સંતો દ્વારા તેમની ચાદર વિધિ કર્યા હોવાનો ખુલાસો કર્યો હતો સાથે સાથે મહંત શંકર દાસ બાપુ સામે પણ તેમણે આક્ષેપ કર્યા હતા તેઓ પોતાની રીતે ચાલ્યા ગયાઓનો ખુલાસો કર્યો હતો. સાથે સાથે તેઓએ જણાવ્યું હતું કે અમે તેને કોઈ પ્રકારે ધાગધમકી કે મારી નથી તેમ જ તેનું સામાન પણ અમે આપી દેવા માગીએ છીએ પરંતુ તેને પોલીસમાં અરજી કરી છે કે મારાથી તેમને જીવનનું જોખમ છે તો તેને બહાર જ રહ્યું સારું. જો હું આશ્રમમાં દારૂ કે ગેરક પ્રવૃત્તિ કરતો હોય તો મને જણાવે કે ત્યાંથી હું દારૂ લઈને આવું છું અને ક્યારે મેં કોની સાથે મહેફિલો માણી છે તેની સાબિતી આપે. બાકી આ તમામ આરોપો પાયા વિહોણા છે.

નોંધનીય છે કે ગિરનાર પર્વત પર આવેલા અંબાજી મંદિરના મહંત તનસુખગિરી બ્રહ્મલીન થાય બાદથી ગાદી વિવાદ વધુ વકર્યો છે. સાધુ-સંતો સમાજને મોહ અને લોભ છોડી તેજમ સારું ચરિત્ર ઘડવા ઉપદેશો આપતા હોય છે ત્યારે છેલ્લા કેટલાક સમયથી જૂનાગઢમાં સત્તાને લઈને સાધુઓ વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે નોંધનીય છે કે ગિરનાર પર્વત પર આવેલા અંબાજી મંદિરના મહંત તનસુખગિરી બ્રહ્મલીન થાય બાદથી ગાદી વિવાદ વધુ વકર્યો છે. સાધુ-સંતો સમાજને મોહ અને લોભ છોડી તેજમ સારું ચરિત્ર ઘડવા ઉપદેશો આપતા હોય છે ત્યારે છેલ્લા કેટલાક સમયથી જૂનાગઢમાં સત્તાને લઈને સાધુઓ વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે અને હવે તોરણીયા આશ્રમના સાધ્વીએ સારવારના બહાને ગુરુએ બિભત્સ ચેનચાળા કર્યા હોવાનો આક્ષેપ કરતાં ગુરુ-શિષ્યના સંબંધ પર લાંછન લાગ્યું છે. સંસાર છોડનાર સાધુઓ આખરે સંસારની જ માયામાં ફસાયેલા જોવા મળ્યા.

હાલ તો કેશોદના તોરણીયા આશ્રમ નો વિવાદ દિવસેના દિવસે વકી રહ્યો છે અને બંને સાધુઓ એકબીજા ના ચારિત્ર ઉપર પણ આક્ષેપ કરી રહ્યા છે ત્યારે હવે આગામી સમયમાં શું થશે તે જોવાનું રહ્યું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# બદલાતા મોસમમાં નહીં સતાવે શરદી અને ખાંસીની સમસ્યા, આયુર્વેદિક ઉપચારથી દૂર થશે કોલેસ્ટ્રોલ

**શિયાળાની ધીમી શરૂઆત થઇ રહી છે, આ સાથે જ શરદી ખાંસી જેવી પરેશાની પણ વધી રહી છે**




સવારે અને સાંજે શિયાળાની હળવી દસ્તક હવામાનમાં જોવા મળી રહી છે. શિયાળાની શરૂઆતથી જ શરદી, ખાંસી, ફ્લૂના લક્ષણો પણ વધી જાય છે. આ સમસ્યાઓ નાની હોવા છતાં રોજિંદા કામકાજને પ્રભાવિત કરે છે. શરદી, ખાંસી અને તાવથી રાહત મેળવવા માટે વારંવાર દવાઓનો ઉપયોગ કરવો પણ યોગ્ય નથી. દવાઓથી આરામ તો મળે છે પરંતુ એન્ટીબાયોટિક કિડની સહિત અનેક અંગો પર ખરાબ અસર પાડે છે. તેથી આ સમસ્યાઓને દૂર કરવા માટે આયુર્વેદિક ઉપાયોનો સહારો લો, જેના કોઈ સાઈડ ઈફેક્ટ્સ પણ નથી હોતા. ત્રિકટુ ત્રણ સામગ્રીવાળું આયુર્વેદિક મિશ્રણ છે. જેમાં ત્રિનો અર્થ ત્રણ થાય છે અને કટુનો અર્થ છે ગરમ અને તીખી જડીબુટ્ટી. આ ત્રણ મસાલાના સંયોજનથી તૈયાર થાય છે જે સરળતાથી આપણાં રસોડામાં ઉપલબ્ધ પણ રહે છે. તેમાં ત્રણ મસાલાઓ સમાન માત્રામાં મિક્સ કરવામાં આવે છે, કાળા મરી, પીપળી, સૂંઠ. ત્રિકટુ શ્વસન તંત્ર માટે ખૂબ જ ફાયદાકારક છે. તેના સેવનથી મોસમી બીમારીઓ જેમ કે, શરદી, ખાંસી, અસ્થમા, એલર્જિક રાઈનાઈટિસથી રાહત મળે છે. બદલાતા હવામાનમાં સંક્રમણનું જોખમ વધારે રહેલું હોય છે. એવામાં આ મિશ્રણ તમારાં માટે કારગત સાબિત થાય છે. ત્રિકટુની તાસીર ગરમ હોવાથી તે ભૂખમાં વધારો કરે છે. ઉપરાંત તે લિવર, પ્લીહા (બરોળ) અને સ્વાદુપિંડના સ્વાસ્થ્યને જાળવી રાખે છે. તે પેટને એન્ઝાઈમ્સ ઉત્પન્ન કરવા માટે ઉત્તેજિત કરે છે જેનાથી પાચન સરળ બને છે.

# પેટ સંબંધિત દરેક સમસ્યાઓનો રામબાણ ઇલાજ છે ઇસબગુલનું સેવન

**કોઇ પણ ગંભીર સમસ્યાની શરૂઆત આપણા પેટથી જ થાય છે, પાચન તંત્ર જો મજબૂત ના હોય તો બીમારીઓ સરળતાથી શરીરમાં ઘર બનાવે છે**

**ઇસબગુલ એ એક ઉત્તમ સ્રોત છે ઘૂમતી ફાઇબરનો, જે પાચન વ્યવસ્થા માટે લાભદાયક સાબિત થાય છે**



ઈસબગુલની ભૂસી એક પ્રાકૃતિક ઔષધિ છે, તેનું સેવન કરવાથી લિવર, પેટ અને હૃદય સંબંધિત સમસ્યાઓ દૂર થાય છે. પાચન સંબંધિત સમસ્યાઓને દૂર કરવા માટે તેનું સેવન કરવું જોઈએ. આનાથી લિવર પણ મજબૂત બનશે. પ્રાચીન કાળથી ઈસબગુલની ભૂસીનો પ્રયોગ પેટ સંબંધિત બીમારીઓને દૂર કરવા માટે થાય છે. પરંતુ તેના ઉપયોગ અગાઉ ડોક્ટરની સલાહ લેવી પણ એટલી જ જરૂરી છે. ઈસબગુલનું સેવન અલગ અલગ પ્રકારે કરી શકાય છે, તેનું સેવન કરતી વખતે પર્યાપ્ત માત્રામાં પાણી પીવું જોઈએ, કારણ કે તે ફાઈબરની માફક કામ કરે છે, જેના કારણે આતરડાંને પાણીની વધુ આવશ્યકતા રહે છે. ઈસબગુલનું સેવન દૂધ સાથે પણ કરી શકાય છે. રાત્રે સૂતા પહેલાં તેનું સેવન કરવામાં આવે તો ઉત્તમ પરિણામ મળે છે. સવારે ખાલી પેટે એક ચમચી પાણીમાં તેને મિક્સ કરીને ઉપયોગ કરવામાં આવે તો આતરડાંની સફાઇ થાય છે અને શરીર ડિટોક્સ કરે છે. ગેસ અને એસિડિટીની સમસ્યા, ઈસબગુલની ભૂસી એટલે કે પાઉડરનું સેવન કરવાથી ગેસ, અપચો અને એસિડિટીની સમસ્યા દૂર થાય છે. આ ભૂસી પેટમાં જઇ જેલ બની જાય છે, જે પેટમાં એસિડની માત્રા નિયંત્રિત કરે છે





અને ગેસ સંબંધિત સમસ્યાઓ તેનાથી દૂર થાય છે. કબજિયાતમાં રાહત માટે અમુક અઠવાડિયા સુધી સૂતા અગાઉ ઈસબગુલની ભૂસીને એક ગ્લાસ ગરમ દૂધ અથવા પાણીમાં મિક્સ કરીને પીવો. ઈસબગુલનું સેવન આપણાં હેલ્થ માટે પણ ફાયદાકારક છે. તે શરીરને હંમેશા હાઈડ્રેટ રાખે છે અને પાણીની ઉણપને દૂર કરે છે. ઈસબગુલની ભૂસી પાણીને એબ્ઝોર્બ કરે છે, તેનું સેવન કરવાથી શરીરમાં પાણીની પર્યાપ્ત માત્રા જળવાઈ રહે છે. ઈસબગુલની ભૂસી પેટમાં જઇ પાણીની સાથે ફૂલાય છે, જેનાથી વ્યક્તિને પેટ ભરેલુ હોવાનો અહેસાસ થાય છે. ભૂખ ઓછી લાગવાના કારણે ભોજન પર નિયંત્રણ લગાવી શકાય છે. ઈસબગુલની ભૂસીનું સેવન વજન ઘટાડવા માટે ફાયદાકારક છે. તે શરીરથી એક્સ્ટ્રા ફેટને દૂર કરે છે. ઈસબગુલનું સેવન કરવાથી પાચનતંત્રનું સ્વાસ્થ્ય જળવાઈ રહે છે અને સાથે જ લિવર પણ સ્વસ્થ રહે છે. તે લિવરને સાફ રાખે છે અને ટોક્સિનને બહાર ફેંકવામાં મદદ કરે છે. હેલ્ધી લિવરના કારણે શરીરમાં વિષાક્ત પદાર્થો બહાર નિકળે છે ઉપરાંત પાચન સરળ બને છે. ઈસબગુલના પાઉડરમાં ભરપૂર માત્રામાં ફાઈબર રહેલું છે. ફાઈબર આપણાં પાચન તંત્રને ઉત્તમ રીતે ચલાવવામાં મદદ કરે છે. પેટમાં જઇ તેની ભૂસી એ જેલ બની જાય છે જે આતરડાં માટે ફાયદાકારક છે. તે કબજિયાતમાં રાહત આપે છે અને મળને નરમ કરી શરીરમાંથી બહાર કરવામાં મદદ કરે છે. નોંધઃ આ લેખ માત્ર સામાન્ય જાણકારી માટે છે, તે કોઈ પણ પ્રકારે દવા કે ઈલાજનો વિકલ્પ હોઈ શકે નહીં.

**આયુર્વેદમાં ઇસબગુલને પાચન સંબંધિત સમસ્યાઓને દૂર કરવા અને પેટના સ્વાસ્થ્યને જાળવી રાખવા માટે કારગત ગણાય છે**

**ઇસબગુલ પાણી અને ફાઇબરને આકર્ષણ કરીને શરીરમાંથી ઝેરી પદાર્થો અને બિનજરૂરી વસ્તુઓ દૂર કરવામાં મદદ કરે છે, તે લિવર અને કિડનીઝની કાર્યક્ષમતા વધારવામાં મદદ કરે છે, જે શરીરના ટોક્સિનને યોગ્ય રીતે બહાર કાઢે છે. ઇસબગુલમાં રહેલા ઘૂમતા ફાઇબર દ્વારા, તે ખોટા કોલેસ્ટરોલ (LDL)ને શરીરમાંથી બહાર કાઢવામાં મદદ કરે છે. આ પ્રક્રિયા હૃદયના આરોગ્ય માટે ફાયદાકારક છે, અને એના કારણે કોલેસ્ટરોલ સ્તરોની ઓછી થવા માંટે મદદ કરે છે. ઇસબગુલમાં નમ્ર ગ્લાયસેમિક ઈન્ડેક્સ હોય છે, એટલે તે શરીરમાં ગ્લુકોઝના સ્તર પર એફેક્ટ કરતો નથી. એ ફાઇબરના કારણે ખોરાકના પચાવાની પ્રક્રિયા ધીમી થઈ જાય છે, જે બ્લડ સુગર લેવલ્સને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. ડાયાબિટીસના દર્દીઓ માટે આ ફાયદાકારક છે. ઇસબગુલનો ઉપયોગ વજન ઘટાડવામાં મદદ કરે છે, કારણ કે તે પચનમાં ફૂલે છે અને મગજને વટાવી આપતું કરે છે, જેના કારણે ભૂખ ઓછું લાગે છે. આ રીતે, તમે ઓછું ખાવા અને વધુ નિયંત્રણ મેળવી શકો છો.**

# હરસ-મસા અને ફિશરનો રામબાણ ઇલાજ છે રસોડાંની આ વસ્તુઓ, જૂની કબજિયાતમાં મળી શકે રાહત

**પાઇલ્સ અથવા હરસ એક સામાન્ય સમસ્યા છે જેનાથી ઘણાં લોકો પીડાય છે, આ એનલ એરિયામાં થતી બીમારી છે...**

એનલ ફિશર પણ ગુદામાર્ગ સાથે જોડાયેલી એક સમસ્યા છે અને તે બવાસીર એટલે કે, હરસ મસાનું જ એક ગંભીર રૂપ છે જેમાંકબજિયાત અથવા હરસના કારણે ગુદામાર્ગમાં કટ અથવા તિરાડ બની જાય છે, જેનાથી દર્દીને મળત્યાગ દરમિયાન પરેશાની થાય છે. હરસ અને એનલ ફિશર પાછળ કબજિયાત જવાબદાર હોય છે. કબજિયાત થવાના મુખ્ય કારણોમાં વાત દોષનું અસંતુલન હોય છે. આ સિવાય તેના ઘણાં કારણો હોઈ શકે છે જેમ કે, ખોરાકને યોગ્ય રીતે ચાવીને કે મન લગાવીને ના ખાવો, સૂકા, ઠંડા, મસાલેદાર, તળેલા અને ફાસ્ટફૂડનું વધારે સેવન, પર્યાપ્ત માત્રામાં પાણી ના પીવું, ભોજનમાં ઓછું ફાઈબર, ખરાબ ચયાપચય, ઉંઘ પુરી ના થવી, ભોજનમાં ફાઈબરની અપુરતી માત્રા, ખરાબ ચયાપચય, અપુરતી ઉંઘ, મોડી રાત્રે ભોજન લેવું વગેરે સામેલ છે. દૂધ એક નેચરલ લેક્સેટિવ છે અને બાળકોથી લઈને વૃદ્ધો સુધી લગભગ તમામના સ્વાસ્થ્ય માટે તે ઉત્તમ ગણાય છે. તમે રાત્રે સૂતી વખતે એક ગ્લાસ ગરમ દૂધ પી શકો છો. આનાથી વધારે પિત્તવાળા લોકોને રાહત મળશે. જો દૂધ કામ નથી કરતું તો ૧ ચમચી ગાયના ઘીને એક ગ્લાસ ગરમ ગાયના દૂધની સાથે જૂની કબજિયાતવાળા લોકોએ પીવું જોઈએ. ગાયનું ઘી તમારાં ચયાપચયમાં સુધારો કરે છે અને તે તમારાં શરીરમાં હેલ્ધી ફેટ જાળવી રાખવામાં મદદ કરે છે જે વિટામિન એ, ડી, ઇ અને કે (Vitamin A,D,E,K) જેવા ફેટમાં દ્રાવ્ય (soluble) વિટામિન્સના અવશોષણ માટે આવશ્યક છે. તમારે ભેંસના ઘીનું સેવન ના કરવું જોઈએ, કારણ કે તે ઘટ્ટ હોય છે અને દરેક વ્યક્તિને પચવામાં સરળ હોતું નથી. જે લોકો વજનમાં વધારો કરવા ઈચ્છે છે તેઓ માટે ભેંસનું ઘી ઉત્તમ ગણાય છે. ગાયનું ઘી તમામ લોકો માટે ઉત્તમ હોય છે કારણ કે તે સરળતાથી પચી જાય છે. ૧ ચમચી ગાયનું ઘી રાત્રે સૂતી વખતે અથવા સવારે ખાલી પેટ લેવાથી કબજિયાતમાં રાહત મળશે. કાળી કિસમિસ ફાઈબરથી ભરપૂર હોય છે જે મળને કઠોર થવાથી બચાવે છે અને રેચક બનાવે છે. કિસમિસ કે સૂકામેવાને હંમેશા પલાળીને જ ખાવા જોઈએ, કારણ કે સૂકામેવા વાત દોષમાં વધારો કરીને ગેસ્ટ્રિક સમસ્યા ઉભી કરી શકે છે. આગળની રાત્રે પલાળવાથી તે પાચનમાં સરળ બને છે. આમળા એક અદભૂત રેચક છે અને તેને નિયમિત રીતે સવારે લેવાથી તમને અનેક સ્વાસ્થ્ય સમસ્યાઓથી રાહત મળી શકે છે. આમળાનું સેવન તમે ફળ અથવા પાઉડર તરીકે પણ કરી શકો છો. તે ત્રણે દોષ વાત, કફ અને પિત્તના નિયંત્રણ માટે શ્રેષ્ઠ છે. એક ચમચી મેથીના બીજ રાત્રે પલાળી અને સવારે સૌથી પહેલાં ખાઈ લો. તમે સૂતી વખતે ગરમ પાણીની સાથે એક ચમચી મેથી પાઉડર લઈ શકો છો. તે એવા દર્દીઓ માટે ઉત્તમ છે જેઓને કફ અને વાતની સમસ્યા રહેતી હોય. જો કે, વધારે પિત્તવાળા લોકોએ મેથીના સેવનથી બચવું જોઈએ.

**ઘણીવાર દર્દી ગુમાવી દે છે જીવ**

# અચાનક વધુ ઠંડી લાગવી સામાન્ય લક્ષણો નથી

**શું તમારી સાથે પણ એવું થાય છે કે, શરીર અચાનક ઠંડુ પડી જાય છે? આ સ્વાસ્થ્યને લગતા જોખમનો સંકેત હોઇ શકે છે**




શરીરનું તાપમાન સામાન્યથી નીચે જવાથી સ્વાસ્થને નુકસાન પહોંચે છે. હાઈપોથર્મિયા એક ઈમરજન્સી મેડિકલ કન્ડિશન છે, આવું ત્યારે થાય છે જ્યારે શરીર ગરમી પેદા કરવાના બદલે ઝડપથી તાપમાન ગુમાવે છે. આ દરમિયાન શરીરનું તાપમાન ઘટે છે અને શરીર ઠંડુ પડી જાય છે. તમારાં શરીરનું તાપમાન ૯૬હ્લથી નીચે જતું રહે છે. હાઈપોથર્મિયા એક ઈમરજન્સી મેડિકલ કન્ડિશન છે, આવું ત્યારે થાય છે જ્યારે શરીર ગરમી પેદા કરવાના બદલે ઝડપથી તાપમાન ગુમાવે છે. આ દરમિયાન શરીરનું તાપમાન ઘટે છે અને શરીર ઠંડુ પડી જાય છે. તમારાં શરીરનું તાપમાન 96Fથી નીચે જતું રહે છે. હાઈપોથર્મિયા એક મેડિકલ શબ્દ છે, જે શરીરનું તાપમાન ઘટવાની સ્થિતિને દર્શાવે છે. આપણા શરીરનું એક ચોક્કસ સામાન્ય તાપમાન હોય છે, જે હોર્મોન દ્વારા કંટ્રોલ કરી શકાય છે. જ્યારે શરીરનું તાપમાન, સામાન્ય સ્તરથી અચાનક નીચે ઘટી જાય છે, તે સ્થિતિને હાઈપોથર્મિયા કહેવામાં આવે છે. સતત કંપન અને થાકનો અનુભવ દર્દીને શ્વાસ લેવામાં તકલીફ થઈ શકે છે, દર્દીને સ્પષ્ટ બોલવામાં પરેશાની થઈ શકે છે, દર્દીની માનસિક ક્ષમતા પ્રભાવિત થાય છે, હાથ અને પગ સુન્ન થઈ જવા, શરીરનું સામાન્ય તાપમાન તમારી ઉંમર, લિંગ અને સ્વાસ્થ્ય સ્થિતિ પર નિર્ભર કરે છે. આમ તો આપણાં શરીરનું સામાન્ય શારિરીક તાપમાન ૯૮.૬ ડિગ્રી ફેરનહાઈટથી લઈ ૧૦૦.૪ ડિગ્રી ફેરનહાઈટ સુધી હોય છે. હાઈપોથર્મિયાની સમસ્યા આમ તો કોઈને પણ થઈ શકે છે, પરંતુ વધતી ઉંમર, નવજાત શિશુ અને કોઈ હોર્મોનલ સમસ્યાથી પીડિત વ્યક્તિમાં હોવાનું જોખમ વધારે રહેલું છે. કારણ કે આવા લોકોમાં સામાન્ય શારિરીક તાપમાનને જાળવી રાખવાની ક્ષમતા ઘટી જાય છે. આ ઉપરાંત જે લોકો ડિપ્રેશન અને સાઈકોટિક દવાઓનું સેવન વધારે કરે છે, તેઓમાં પણ આ સમસ્યા વધુ જોવા મળે છે.

# ફુગ્ગાની જેમ ફૂલાયેલું પેટ અને કમરની આસપાસ જમા ચરબીનો દેશી ઉપાય




મેદસ્વિતા એક એવી પરેશાની છે જેના કારણે અનેક ક્રોનિક બીમારીઓનું જોખમ પણ ઉભું થાય છે. તેમાં શરીર પર અસામાન્ય અને વધારે માત્રામાં ફેટ જમા થવા લાગે છે જે સ્વાસ્થ્યને નુકસાનકારક છે. દુનિયામાં કરોડો લોકો વધારે વજનના કારણે થતી તકલીફોનો સામનો કરી રહ્યા છે. વજન ઘટાડવા માટે કેટલીક પ્રાકૃતિક રીત પણ અપનાવી શકાય છે. વધી ગયેલા પેટ અને તેની આસપાસ જમા થતી ચરબીથી છૂટકારો મેળવવા માટે કેટલીક ઔષધિ વિશે માહિતી આપી રહ્યા છે. ડોક્ટર અનુસાર, પેટને દુરસ્ત રાખવું જરૂરી છે, કારણ કે મોટાંભાગની બીમારીઓ અહીંથી જ શરૂ થાય છે. બેલી ફેટને ૧૫ દિવસમાં ઘટાડવા માટે પીળી મોટી હરડ (હરીતકી)નો ઉપયોગ કરી શકાય છે. વેઈટ લોસનો આ દેશી ઉપાય છે જેના સેવનથી ૧૫ દિવસમાં જ તમારું પેટ ૨-૩ ઈંચ ઘટશે અને ૨થી ૩ કિલો વજન પણ ઓછું થશે. સૌથી પહેલાં પીળી મોટી હરડનો પાઉડર લો, જો તમારી પાસે પાઉડર નથી તો તેને પીસીને ચૂર્ણ બનાવી લો, હવે અડધી ચમચી હરડ પાઉડરને એક ગ્લાસ ગરણ પાણી સાથે પીવો, ધ્યાન રાખો કે આ ઉપાય તમારે સવારના સમયે અજમાવવાનો છે, હરડના ઉપયોગથી પેટનું સ્વાસ્થ્ય સુધરે છે. તે પાચનને ઝડપી બનાવી કબજિયાતથી છૂટકારો આપશે. ઉપરાંત પેટમાં જમા ગેસ પણ સરળતાથી દૂર થઈ જશે તેનાથી પેટ ફૂલાઈ જવાની સમસ્યા પણ નહીં થાય.

# શરીરને કમજોર-હાડકાં નબળા બનાવી દેશે આ વિટામિનની ઉણપ

આપણું શરીર માત્ર વિટામિન ડીઉનું ઉત્પાદન કરી શકે છે. આ માટે તડકાની જરૂર હોય છે. આ વિટામિનની ઉણપથી હાડકા કમજોર થઈ જાય છે. અહીં જાણો તેના લક્ષણો અને ઈલાજ. વિટામિન ડી (Vitamin D) એક જરૂરી ન્યૂટ્રિએન્ટ છે, જે કેલ્શિયમનો ઉપયોગ અને એબ્ઝોર્બશનને યોગ્ય બનાવે છે. જો શરીરમાં આ વિટામિનની ઉણપ આવે તો શરીર કેલ્શિયમનો ઉપયોગ યોગ્ય રીતે નથી કરી શકતું અને હાડકાં (Weak Bones) કમજોર થઈ જાય છે. આ પોષક તત્વ હાડકા ઉપરાંત શરીરના અન્ય કામોમાં પણ ઉપયોગમાં આવે છે. તેની ઉણપથી ઓસ્ટિયોપોરોસિસ (Osteoporosis symptoms), ફ્રેક્ચરનું વધારે જોખમ, હાડકામાં દુઃખાવો, હાડકાંનો ખોટી રીતે વિકાસ, ડિપ્રેશન, માસપેશીઓમાં કમજોરી, થાક અને વારંવાર બીમાર પડવું જેવા લક્ષણો (Vitamin D3 Deficiency Symptoms in Gujarati) જોવા મળે છે. તડકાને વિટામિન ડી (Vitamin D Best Source)નો ઉત્તમ સોર્સ ગણાવ્યો છે. પરંતુ તેને ગ્રહણ કરતી વખતે ત્રણ બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે જે તેના અવશોષણને સરળ બનાવે છે, એટલે કે શરીર સરળતાથી તેને પ્રાપ્ત કરી લે છે. દરરોજ થોડાં સમય સુધી બહાર ફરવાની આદત પાડો. ડોક્ટર અનુસાર, ખાસ કરીને સવારે અને સાંજના સમય દરમિયાન સૂર્યપ્રકાશમાં ૮થી ૧૦ મિનિટ ચાલવું જોઈએ. આ દરમિયાન હાનિકારક કિરણો ઓછી હોય છે અને ત્વચાને નુકસાન નથી થતું. ત્વચાને સૂર્યના હાનિકારક કિરણોથી બચાવવા માટે સનસ્કિન જરૂરી છે, પરંતુ તાપમાં વિટામિન ડીનું ઉત્પાદન બ્લોક થઈ જાય છે. તમે સવારે અથવા સાંજે તાપમાં ફરવા નિકળો છો તો સનસ્કિનને હાથ જેવ ભાગમાં ના લગાવો.

## તંત્રી લેખ...

# ગેરકાયદે વિદેશમાં ઘૂસાડતા એજન્ટ્સ પર તવાઈ

તાજેતરમાં અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા ૧૦૪ ભારતીયોના મુદ્દા પર સંસદથી લઈને લઈને રાજ્ય સ્તરે ચર્ચા ચાલી રહી છે ત્યારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે (ઈડી) ભારતીયોને અમેરિકામાં ગેરકાયદે ઘૂસાડતા એજન્ટોના નેટવર્કનો ઘટસ્ફોટ કરતા કહ્યું કે, ગુજરાતમાં અંદાજે ૧,૭૦૦ એજન્ટ્સ અને સમગ્ર ભારતમાં અંદાજે ૩,૫૦૦ એજન્ટ્સ ભારતીયોને અમેરિકામાં ગેરકાયદે ઘૂસાડવાનું કામ કરતા હોવાનું મનાય છે, જેમાંથી ૮૦૦ એક્ટિવ છે તે તમામ ઈડીના રડારમાં છે. આ સિવાય કેનેડામાં ૧૧૨ કોલેજોએ એક કંપની અને અન્ય કંપની સાથે ૧૫૦થી વધુ કોલેજો સાથે વિદ્યાર્થીઓના પ્રવેશ માટે કરાર કર્યા છે. જેમને પાછળથી ગેરકાયદે રીતે અમેરિકામાં ઘૂસાડવામાં આવે છે. તે અમેરિકામાં ગેરકાયદે રીતે ઘૂસનારા ૪,૨૦૦ ભારતીયોની તપાસ કરી રહી છે. ઈડીની તપાસમાં એવુ પણ બહાર આવ્યુ છે કે ગુજરાત પોલીસની ક્રાઈમ બ્રાન્ચે કેનેડાની સરહદે ડિંગુચા ગામના એક જ પરિવારના ચાર લોકોના મોતના પગલે ૨૦૨૩માં નોંધેલી એફઆઈઆરને ધ્યાનમાં લઈને એન્ટી-મની લોન્ડરિંગ કાયદા હેઠળ તેમણે તપાસ હાથ ધરી હતી, જેમાં ગુજરાતથી કેનેડા સ્થિત વિવિધ કોલેજોમાં કરાયેલા ૮,૫૦૦થી વધુ નાણાકીય વ્યવ્હારો શંકાસ્પદ હોવાનું જણાયું છે. ગુજરાત અને પંજાબ સ્થિત એજન્ટો વિરુદ્ધ ચાલી રહેલી તપાસ હેઠળ ઈડીને ભારતીયોને કેનેડા મોકલવા અને ત્યાંથી અમેરિકા લઈ જવા સંબંધિત ૪,૦૦૦થી વધુ શંકાસ્પદ લેવડ-દેવડ મળી છે. આ એજન્ટ્સ નિયમિતરૂપે અલગ અલગ માર્ગથી લોકોને ગેરકાયદે રીતે અમેરિકા મોકલે છે. ગેરકાયદે ભારતીયોને મોકલતા એજન્ટોની મોડસ ઓપરેન્ડી અંગે ઈડીએ જણાવ્યું હતુ કે અનેક એજન્ટોએ અમેરિકામાં ભારતીયોને ગેરકાયદે રીતે ઘૂસાડવા માટે શિક્ષણનો માર્ગ અપનાવ્યો છે. તેના હેઠળ અમેરિકા જવા ઈચ્છતા ભારતીયોને કેનેડાની કોલેજોમાં પ્રવેશ અપાવાય છે. આ પ્રવેશના આધારે તેમને કેનેડાના વિઝા મળે છે અને તેઓ ભારતથી કેનેડા પહોંચી જાય છે, પરંતુ આ વિદ્યાર્થીઓ ક્યારેય કોલેજ જતા નથી અને કેનેડામાં એજન્ટો દ્વારા જમીન માર્ગે અમેરિકા પહોંચે છે. કેનેડા સ્થિત કોલેજોને ફીની ચૂકવણી એબિક્સકેશના માધ્યમથી કરાતી હતી, જે નાણાકીય સર્વિસ કંપની છે અને વિદેશમાં નાણાં મોકલવાની સુવિધા પૂરી પાડે છે.


## ભારતે ૧૦૦ ગીગાવોટ સૌર ઊર્જા ક્ષમતાનું ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કર્યું

### ૧૦૦ ગીગાવોટ સૌર ઊર્જા હાંસલ કરવાની સાથે જ ભારત ઊર્જા સ્વાતંત્ર્ય અને હરિયાળા ભવિષ્ય તરફ આગળ વધી રહ્યું છેઃ કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશી

ભારતે ૧૦૦ ગીગાવોટ સ્થાપિત સૌર ઊર્જા ક્ષમતાને વટાવીને એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે અને પુનઃપ્રાપ્ય ઊર્જામાં વૈશ્વિક સ્તરે અગ્રણી તરીકેનું પોતાનું સ્થાન મજબૂત કર્યું છે. આ નોંધપાત્ર સિદ્ધિ દેશની સ્વચ્છ, હરિયાળા ભવિષ્ય પ્રત્યેની પ્રતિબદ્ધતાનો પુરાવો છે અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૩૦ સુધીમાં બિન-અશ્મિભૂત ઈંધણ-આધારિત ઊર્જા ક્ષમતાના ૫૦૦ ગીગાવોટના મહત્વાકાંક્ષી લક્ષ્યાંકને સાકાર કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. કેન્દ્રીય નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રી શ્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું હતું કે, ''પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં છેલ્લાં ૧૦ વર્ષમાં ભારતની ઊર્જા સફર ઐતિહાસિક અને પ્રેરણાદાયક રહી છે. સોલાર પેનલ, સોલાર પાર્ક અને રૂફટોપ સોલાર પ્રોજેક્ટ્સ જેવી પહેલોએ ક્રાંતિકારી પરિવર્તન લાવ્યું છે. જેના કારણે આજે ભારતે ૧૦૦ ગીગાવોટ સૌર ઊર્જા ઉત્પાદનના લક્ષ્યાંકને સફળતાપૂર્વક પાર પાડ્યો છે. ગ્રીન એનર્જીના ક્ષેત્રમાં ભારત માત્ર આત્મનિર્ભર જ નથી બની રહ્યું પરંતુ દુનિયાને એક નવો રસ્તો પણ બતાવી રહ્યું છે.'' કેન્દ્રીય મંત્રી જોશીએ કહ્યું કે આ સિદ્ધિ સ્પષ્ટ અને હરિયાળા ભવિષ્ય માટેની અવિરત પ્રતિબદ્ધતા દ્વારા સંચાલિત છે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, પ્રધાનમંત્રી સૂર્યઘર મુફ્ત બિજલી યોજના રૂફટોપ સોલારને ઘરગથ્થુ વાસ્તવિકતા બનાવી રહી છે અને તે સાતત્યપૂર્ણ ઊર્જામાં ગેમ-ચેન્જર છે, જે દરેક ઘરને સ્વચ્છ ઊર્જા સાથે સશક્ત બનાવે છે, સૌર ક્ષેત્રમાં અભૂતપૂર્વ વૃદ્ધિ, ભારતના સૌર ઊર્જા ક્ષેત્રમાં છેલ્લા એક દાયકામાં ક્ષમતામાં અસાધારણ ૩૪૫૦ ટકાનો વધારો થયો છે. જે વર્ષ ૨૦૧૪માં ૨.૮૨ ગીગાવોટથી વધીને વર્ષ ૨૦૨૫માં ૧૦૦ ગીગાવોટ થયો છે. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધીમાં, ભારતની કુલ સ્થાપિત સૌર ક્ષમતા ૧૦૦.૩૩ ગીગાવોટ છે. જેમાં ૮૪.૧૦ ગીગાવોટનો અમલ ચાલી રહ્યો છે અને ટેન્ડરિંગ હેઠળ વધારાનો ૪૭.૪૯ ગીગાવોટ છે. દેશના હાઈબ્રિડ અને રાઉન્ડ ધ ક્લોક (આરટીસી) પુનઃપ્રાપ્ય ઊર્જા પ્રોજેક્ટ્સ પણ ઝડપથી આગળ વધી રહ્યા છે. જેમાં ૬૪.૬૭ ગીગાવોટનો અમલ થઈ રહ્યો છે અને ટેન્ડર કરવામાં આવ્યું છે, જે સૌર અને હાઈબ્રિડ પ્રોજેક્ટ્સની કુલ સંખ્યાને ૨૯૬.૫૯ ગીગાવોટ સુધી લઈ જશે. ભારતની પુનઃપ્રાપ્ય ઊર્જાની વૃદ્ધિમાં સૌર ઊર્જાનો મોટો ફાળો છે. જે કુલ સ્થાપિત પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતાનો ૪૭ ટકા હિસ્સો ધરાવે છે. ૨૦૨૪ માં, રેકોર્ડ-બ્રેકિંગ ૨૪.૫ ગીગાવોટ સૌર ક્ષમતા ઉમેરવામાં આવી હતી. જે ૨૦૨૩ ની તુલનામાં સોલર ઈન્સ્ટોલેશનમાં બે ગણાથી વધુના વધારાને પ્રતિબિંબિત કરે છે. ગયા વર્ષે પણ ૧૮.૫ ગીગાવોટ યુટિલિટી-સ્કેલ સોલર ક્ષમતાની સ્થાપના જોવા મળી હતી. જે ૨૦૨૩ ની તુલનામાં લગભગ ૨.૮ ગણો વધારો દર્શાવે છે. રાજસ્થાન, ગુજરાત, તામિલનાડુ, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશ એ ટોચનું પ્રદર્શન કરતા રાજ્યોમાં સામેલ છે. જેણે ભારતના કુલ યુટિલિટી-સ્કેલ સોલર ઈન્સ્ટોલેશન્સમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. ભારતમાં રૂફટોપ સોલાર સેક્ટરમાં ૨૦૨૪ માં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી હતી. જેમાં ૪.૫૯ ગીગાવોટ નવી ક્ષમતા સ્થાપિત કરવામાં આવી હતી. જે ૨૦૨૩ ની તુલનામાં ૫૩ ટકાનો વધારો દર્શાવે છે. આ વૃદ્ધિનું મુખ્ય ચાલકબળ પ્રધાનમંત્રી સૂર્ય ઘરઃ મુફ્ત બિજલી યોજના છે, જે ૨૦૨૪માં શરૂ કરવામાં આવી હતી, જે હવે ૯ લાખ રૂફટોપ સોલર ઈન્સ્ટોલેશનની નજીક છે, જે દેશભરના ઘરોને સ્વચ્છ ઊર્જા સોલ્યુશન્સ અપનાવવા માટે સક્ષમ બનાવે છે. ભારતે સૌર ઉત્પાદનમાં પણ નોંધપાત્ર હરણફાળ ભરી છે. વર્ષ ૨૦૧૪માં દેશમાં માત્ર ૨ ગીગાવોટની મર્યાદિત સોલાર મોડ્યુલ ઉત્પાદન ક્ષમતા હતી. છેલ્લા એક દાયકામાં, તે ૨૦૨૪માં વધીને ૬૦ ગીગાવોટ થઈ ગઈ છે, જેણે ભારતને સૌર ઉત્પાદનમાં વૈશ્વિક નેતા તરીકે સ્થાપિત કર્યું છે.

### શાસ્ત્રે નિષેધ કરેલી ઋતુઓ ખાય ત્યાં કળિ આવે છે, જે બુદ્ધિ પૂર્વક હિંસા કરે ત્યાંકળિ આવે છે આ ચાર સ્થાનો આધ્યા છતાં કળિપુરુષને સંતોષ થયો નહીં

# જુગાર, જૂઠ, મદ, લોભ, વેર-આ પાંચ જ્યાં ન હોય ત્યાં આજે પણ સત્યયુગ છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**પરીક્ષિત કાળને કહે છે, તનેશરણા ગતને હું મારતો નથી, પણ મારું રાજ્ય છોડીને તું ચાલ્યો જા, કળિ પ્રાર્થના કરે છે કે, મને રહેવા કોઈ સ્થાન આપો, પરીક્ષિતે ચાર ઠેકાણે રહેવા કળિને જગ્યા આપી જુગાર, મદિરાપાન, સ્ત્રીસંગ અને હિંસા, આ ચાર સ્થાનોમાં અસત્ય મદ, આસક્તિ અને નિર્દયતા એમ ચાર પ્રકારના અધર્મો રહે છે, જુગારનો, સટ્ટાનો પૈસો જેના ઘરમાં આવે તેના ઘરમાં કળિ આવે છે, સટ્ટોએ જીવનનો બટ્ટો છે, કેટલાક જુગારથી ધન મેળવીને દાન કરે છે, પણ એથી ઘનની શુદ્ધિ થતી નથી.**

આજે દેશભરમાં મહાકુંભ સ્નાનનો ભારે ઉત્સાહ ઉમંગ જોવા મળે છે તેમાં દિલ્હીનો ગઢ જીત્યા એટલે અત્ર તત્ર સર્વત્ર આનંદ આનંદ છવાઈ ગયો છે તો આપણે પણ ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો સત્ય, તપ, દયા, પવિત્રતા આ ચારે તત્ત્વોનો સમન્વય ધર્મ છે. આ પવિત્રતા ગયાં. કળિયુગમાં એક દાન જ પ્રધાન છે. કળિયુગમાં દયાદાન ઉપર, એક પગ ઉપર ધર્મ ટક્યો છે. પરીક્ષિતે એક પગ ઉપર ઊભેલા બળદને જોયો. તેમણે જોયું તો એક શૂદ્ર હાથમાં લાકડી લઈને બળદને મારતો હતો.તે બળદ એક જ પગ ઉપર ઊભો હોવાથી દુઃખી હતો. રાજાએ પૂછ્યું, તારાં ચરણ ક્યાં? કોણે પગ કાપી તને દુઃખી કર્યો? ત્યારે ધર્મરૂપી બળદ કહે છે કે, રાજન, મને કોણ દુખ આપે છે તે કેમ કહેવું? કેટલાક માને છે કે કાળ દુઃખ આપે છે, કેટલાક માને છે કે ધર્મ દુઃખ આપે છે, કેટલાક માને છે કે સ્વભાવ દુઃખ આપે છે. કાળ,કર્મ અને સ્વભાવ જીવને દુઃખ આપે છે. રાજા, હવે અમારા દુઃખના કારણનો તમે વિચાર કરો. રાજા સમજી ગયો.આ શૂદ્ર પુરુષ એ કળિ છે.ગાય બ્રાહ્મણને ત્રાસ આપે છે એ જ કળિ છે.રાજા કળિને મારવા તૈયાર થયો. કળિ પરીક્ષિત રાજાને શરણે આવ્યો. કળિએ પરીક્ષિતનાં ચરણને સ્પર્શ કર્યો. પુણ્યશાળીના સ્પર્શથી પવિત્ર પરમાણુ અને પાપીના સ્પર્શથી પાપના પરમાણુઓ આપણા શરીરમાં દાખલ થાય છે. કવિએ પરીક્ષિતને સ્પર્શ કર્યો એટલે પરીક્ષિતની બુદ્ધિમાં વિકાર આવ્યો દુષ્ટને મારવો એ રાજાનો ધર્મ છે તેમ છતાં દુષ્ટ કળિ ઉપર રાજા દયા બતાવે છે. પરીક્ષિત કાળને કહે છે,તનેશરણા ગતને હું મારતો નથી, પણ મારું રાજ્ય છોડીને તું ચાલ્યો જા. કળિ પ્રાર્થના કરે છે કે, મને રહેવા કોઈ સ્થાન આપો. પરીક્ષિતે ચાર ઠેકાણે રહેવા કળિને જગ્યાઆપી જુગાર, મદિરાપાન, સ્ત્રીસંગ અને હિંસા.આ ચાર સ્થાનોમાં અસત્ય મદ, આસક્તિ અને નિર્દયતા એમ ચાર પ્રકારના અધર્મો રહે છે. જુગારનો,સટ્ટાનો પૈસો જેના ઘરમાં આવે તેના ઘરમાં કળિ આવે છે. સટ્ટોએ જીવનનો બટ્ટો છે. કેટલાક જુગારથી ધન મેળવીને દાન કરે છે, પણ એથી ઘનનીશુદ્ધિ થતી નથી. અધર્મનું ધન પ્રભુને સ્વીકાર્ય નથી. શાસ્ત્રે નિષેધ કરેલી ઋતુઓ ખાય ત્યાં કળિ આવે છે. જે બુદ્ધિ પૂર્વક હિંસા કરે ત્યાંકળિ આવે છે આ ચાર સ્થાનો આધ્યા છતાં કળિપુરુષને સંતોષ થયો નહીં. તેણે કહ્યું,આ ચાર સ્થાનો ગંદા છે. કોઈ સારું સ્થાન એવા આપો. તે પછી પરીક્ષિતે તેને સુવર્ણમાં રહેવાનું સ્થાન આપ્યું. સોનામાં કળિનો નિવાસ એટલે અનીતિ અને અન્યાયથી મેળવેલા ધનમાં કળ છે. તેવું ધન વારસામાં કોઈ મૂકી જાય,તો વારસોને પણ દુઃખ આપે છે. જુગાર,જૂઠ,મદ, લોભ,વેર આ પાંચ જ્યાં ન હોય ત્યાં આજે પણ સત્યયુગ છે. જેના ઘરમાં નિત્ય પ્રભુની સેવા- સ્મરણ થાય છે, તેના ઘરમાં કળિ નો પ્રવેશ થતો નથી. બળદના ત્રણ પગો કાપેલા તે પરીક્ષિતે જોડી આપ્યા ને ધર્મનું સ્થાપન કર્યું છે. બીજી બાજુ કળિ વિચારે છે કે, મેં રાજાને ખરો બનાવ્યો! એણે પાંચ સ્થાનો રહેવા આપ્યાં છે, તો વખત આવે લાગ જોઈ એના જ શરીરમાં પેસી જઈશ. એક દિવસ પરીક્ષિતને થયું કે, મારા દાદાએ મારા માટે ઘરમાં શુંશું રાખ્યું છે તે જોઉં.એકપેટીમાં સોનાનો મુગટ જોયો.વગર વિચાર્યે તે માથે મૂક્યો.આ મુગટ જરાસંધ નો હતો. જરાસંધના પુત્ર સહદેવે માગણી કરેલી કે, મારા પિતાનો મુગટ મને આપો, પણ તેને રોતો મેલી ધર્મરાજાની સલાહને અવગણી બળજબરી થી ભીમ આ મુગટ લઈ આવ્યો હતો. એટલે આ અનીતિનું ધન થયું,તેથી તે મુગટ એકબંધ પેટીમાં મૂકી રાખેલો. આજે પરીક્ષિતે મુગટ પહેર્યો એટલે તે દ્વારા કળિએ પરીક્ષિતની બુદ્ધિમાં પ્રવેશ કર્યો. આ મુગટ પહેરી પરીક્ષિત વનમાં શિકાર કરવા ગયો. કોઈ દિવસ રાજા શિકાર કરવા ગયા નથી. આજે ગયા.અનેક જીવોની હિંસા કરી મધ્યાહ્નકાળે રાજાને ભૂખ તરસ લાગી. એક ઋષિના આશ્રમ માં પ્રવેશ કર્યો.શમીકઋષિ સમાધિમાં હતા. સંત જપ ધ્યાનમાં બેઠા હોય તો તેમને વિક્ષેપ કરવો નહીં. પરીક્ષિત કહે છે કે, હું રાજા છું, પણ આ ઋષિ મારું સ્વાગત કરવાને બદલે સમાધિનો ઢોંગ કરે છે. શમીક ઋષિની સેવા કરવાને બદલે રાજા તેની પાસે સેવા માગે છે. તેને દુર્બુદ્ધિ સૂઝી. મરેલો સાપ પડેલો હતો તે ઉપાડી તેણે શમીક ઋષિના ગળામાં પહેરાવ્યો. બ્રાહ્મણનું અપમાન થયું પણ બીજાનું અપમાન કરનાર પોતે પોતાની જાતનું અપમાન કરે છે. બીજાને છેતરનારો પોત પોતાની જાતને છેતરે છે. સર્પ કાળનું સ્વરૂપ છે. શમીકઋષિ એટલે ઈશ્વરમાં સ્થિર થયેલા જ્ઞાની જીવ. એના ગળામાં મરી ગયેલો સાપ આવે એનો અર્થ એ કે એમનો કાળ મરે. તેમને કાળ અદ કરી શકે નહીં.રાજા એટલે રજો ગુણમાં ફસાયેલો વિલાસી જીવ, ભોગ પ્રધાન જીવ.તેવાના ગતાય છે. કાળ જીવે છે એટલેકે જીવતોસર્પ તેના ગળામાં આવે છે.શૃંગીને આ વાતની ખબર પડી. તેને કે,આ દુષ્ટ રાજા એમના મનમાં શું સમજે છે? હજુ જગતમાંથી બ્રહ્મતેજ ગયં નથી. શૃંગીએ શાપ આપ્યો, રાજા એ મારા પિતાના ગળામાં મરેલો સાપ નાખ્યો.પરંતુ આજથી સાતમે દિવસે ઘરે આવી પરીક્ષિતે મુગટ માથેથી ઉતાર્યો, ત્યારે તેમની ભૂલ સમજાઈ.મેં આજે પાપ કર્યું.મારી બુદ્ધિબગડી મેં ઋષિનું અપમાન કર્યું. એણે અન્નજળનો ત્યાગ કર્યો. બુદ્ધિ બગડે એટલે માનવું કે, કાંઈક અશુભ થવાનું છે.પાપ થઈ જાય તેનો વિચાર કરી શરીરને તેનીસજા કરો. જમવા પહેલાં વિચાર કરવો કે મારે હાથે કંઈ પાપ તો થયું નથી ને જે દિવસે પાપ થયું હોય, તે દિવસે ઉપવાસ કરજો. પાપ ફરી થશે નહીં. ધન્ય છે પરીક્ષિત રાજાને કે જીવનમાં એકવાર જ પાપ કર્યું છે, પણ પાપ કર્યા પછી પાણી પણ પીધું નથી. તે વખતે પરીક્ષિતે સાંભળ્યું કે, મને ઋષિકુમારનો શ્રાપ થયો છે. પરીક્ષિતે કહ્યું, સારું થયું! પરમાત્માએ મારા પાપની સજા કરી! સંસારના વિષયસુખમાં હું ફસાયેલો હતો, એટલે મને સાવધ કરવા પ્રભુએ કૃપા કરી. મારા માટે પ્રભુએ રામાવતાર ધારણ કર્યો છે. પરીક્ષિત ઘરનો ત્યાગ કરી ગંગા કિનારે આવ્યા. ગંગાસ્નાન કર્યું. અન્નજળનો ત્યાગ કરી હવે ભગવત સ્મરણ કરે છે. મોટા મોટા ઋષિઓને આ વાતની ખબર પડતાં વગર આમંત્રણે તેઓ ત્યાં આવ્યા. ઋષિઓએ વિચાર્યું કે, પરીક્ષિત હવે રાજા રહ્યા નથી, રાજર્ષિ બન્યા છે. રાજાના વિલાસી જીવનનો અંત આવ્યો છે.એટલે ઋષિઓરાજાને મળવા આવ્યા. પરીક્ષિત ઊભા થાય છે. એક-એક ઋષિને પ્રણામ કરી પૂજા કરે છે. પરીક્ષિતે ઋષિઓ પાસે કરેલુંપાપ જાહેર કર્યું.મેં પવિત્ર બ્રાહ્મણના ગળામાં સાપ નાખ્યો.હું અધર્મી છું. મારો ઉદ્ધાર કરો. મારું મરણ સુધરે તેવો ઉપાય બતાવો. મને બીક લાગે છે. મેં મરણ માટે તૈયારી કરી નથી. લોકો પાપ છૂપાવે છે અને પુણ્યને જાહેર કરે છે, પણ પાપ છુપાવશો નહીં અને પુણ્યને પ્રગટ કરશો નહીં. સમાજમાં પાપ જાહેર કરવાથી પાપની આદત છૂટે છે. પરીક્ષિતે મૃત્યુની વેદનાનો વિચાર કર્યો. જન્મ-મૃત્યુ-દુઃખના વિચાર થી પાપ છૂટે છે. તેણે ઋષિઓને કહ્યું, સાત દિવસમાં મને મુક્તિ મળે તેવું કરો. મરણ કાંઠે આવેલા મનુષ્યનું કર્તવ્ય શું છે તે મને બતાવો સમય થોડો છે.તેથી જ્ઞાન ની મોટી મોટી વાત કરશો તો સમય પૂરો થઈ જશે મને એવી વાત કહો, એવો ઉપાય બતાવો કે જેથી પરમાત્માના ચરણમાં લીન થાઉં. મને એવી કથા સંભળાવો કે જેથી મને મુક્તિ મળે. ઋષિઓ વિચાર કરવા લાગ્યા. અમે અનેક વર્ષોથી તપશ્ચર્યા કરીએ છીએ તેમ છતાં એમને પણ ચિંતા રહે છે કે, મુક્તિ મળશે કે નહીં. એમને પણ મૃત્યુની બીક લાગે છે. અંતકાળે એકદમ પ્રભુનું નામ ઓષ્ઠ ઉપર આવવું મુશ્કેલ છે. તો માત્ર સાત દિવસમાં રાજાને મુક્તિ કેમ મળે? મરણ નજીકનો સમય અતિ નાજુક હોય છે. મહાજ્ઞાનીઓને પણ મરણ સમયે બીક લાગે છે. રામનું નામ જલદી હોઠે ચડતું નથી. કોઈ ઋષિ પરીક્ષિતરાજાનેઉપ દેશ આપવા તૈયાર થયા નહીં. કોઈની બોલવાની હિંમત ચાલી નહીં. પરીક્ષિત વિચારવા લાગ્યો કે,આ ઋષિઓ સમર્થ છે તેમ છતાં મને ઉપદેશ આપવા તૈયાર નથી. જગતના જીવો ભલે મારો ત્યાગ કરે પણ હું મારા ભગવાનને શરણે જઈશ. ભગવાન નારાયણ કૃપા કરશે. ઈશ્વર વિના હવે મારું કોઈ નથી. પરીક્ષિતે ઈશ્વરનું શરણ લીધું. ભગવાનની સ્તુતિ કરી. દ્વારિકાનાથને યાદ કર્યા. કહે, હે પ્રભુ, મેં કંઈ સત્કર્મ કર્યું નથી. આ બ્રાહ્મણો મને ઉપદેશ આપવા તૈયાર નથી, કારણ હું અધર્મી છું, પણ મને શ્રદ્ધા છે કે જે પરમાત્માએ બ્રહ્માસ્ત્રથી ગર્ભમાં મારું રક્ષણ કર્યું તે મારું રક્ષણ જરૂર કરશે. હું પાપી છું, દુષ્ટ છું, નિર્દય પણ ભગવાનનો છું. નાથ તમારો છું. બીજા કોઈનો નથી. મહાસુદ તેરસ મહાકુંભ સ્નાનનો અંતીમ તબક્કો આગામી મહાશિવરાત્રી સુધી ચાલશે ચાલીસ કરોડ શ્રદ્ધાળુઓ પવિત્ર સ્નાન કરી ધન્યતા અનુભવશે. આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરી સદા સર્વદા પ્રસન્ન રહીએ તેવી આશા સહ અસ્તુ.

### કાર્યબળ વિકાસને મજબૂત કરવા અને કૌશલ્યવર્ધનને દેશની આર્થિક વૃદ્ધિની કરોડરજ્જુ બનાવવા માટેનો કાર્યક્રમ

# મંત્રીમંડળે સ્કિલ ઇન્ડિયા કાર્યક્રમને ચાલુ રાખવા, તેના પુનર્ગઠનને મંજૂરી આપી




પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે આજે કેન્દ્રીય ક્ષેત્રની યોજના 'સ્કિલ ઈન્ડિયા પ્રોગ્રામ (એસઆઈપી)'ને વર્ષ ૨૦૨૬ સુધી ચાલુ રાખવા અને પુનર્ગઠન કરવા માટે મંજૂરી આપી દીધી છે, જેમાં વર્ષ ૨૦૨૨-૨૩થી ૨૦૨૫-૨૬નાં ગાળા સુધી રૂ. ૮,૮૦૦ કરોડનો ખર્ચ થશે. આ મંજૂરી સમગ્ર દેશમાં માગ-સંચાલિત, ટેકનોલોજી-સક્ષમ અને ઉદ્યોગ સાથે જોડાયેલી તાલીમને સંકલિત કરીને કુશળ, ભવિષ્ય માટે તૈયાર કાર્યબળનું નિર્માણ કરવાની સરકારની કટિબદ્ધતાને રેખાંકિત કરે છે. કૌશલ્ય વિકાસ યોજના ૪.૦ (પીએમકેવીવાય ૪.૦), રાષ્ટ્રીય એપ્રેન્ટિસશીપ પ્રમોશન સ્કીમ (પીએમ-એનએપીએસ) અને જન શિક્ષા સંસ્થાન (જેએસએસ) યોજના – આ ત્રણ મુખ્ય ઘટકો છે, હવે "સ્કિલ ઇન્ડિયા પ્રોગ્રામ"ની સંયુક્ત કેન્દ્રીય ક્ષેત્રની યોજના હેઠળ સંયુક્ત કેન્દ્રીય ક્ષેત્રની યોજના હેઠળ સંયુક્ત કરવામાં આવી છે. આ પહેલોનો ઉદ્દેશ માળખાગત કૌશલ્ય વિકાસ, નોકરી પરની તાલીમ અને સમુદાય-આધારિત શિક્ષણ પ્રદાન કરવાનો છે, જેથી હાંસિયામાં ધકેલાઇ ગયેલા સમુદાયો સહિત શહેરી અને ગ્રામીણ એમ બંને પ્રકારની વસતિને ઉચ્ચ ગુણવત્તાયુક્ત વ્યાવસાયિક શિક્ષણની સુલભતા સુનિશ્ચિત થાય. કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલયની ત્રણ મુખ્ય યોજનાઓ હેઠળ અત્યાર સુધીમાં ૨.૨૭ કરોડથી વધારે લાભાર્થીઓ છે, પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના ૪.૦: પીએમકેવીવાય ૪.૦ યોજના એનએસક્યુએફ સાથે સંબંધિત કૌશલ્ય વિકાસ તાલીમ ટૂંકા ગાળાની તાલીમ (એસટીટી) મારફતે પ્રદાન કરે છે, જેમાં વિશેષ પ્રોજેક્ટ્સ (એસપી) અને રેકગ્નિશન ઑફ પ્રાયોર લર્નિંગ (આરપીએલ) મારફતે પુનઃકૌશલ્ય અને અપસ્કિલિંગ સામેલ છે, જેમાં તેનો લક્ષ્યાંક લાભાર્થી ૧૫-૫૯ વર્ષની વયનો છે. પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના ૪.૦ (પીએમકેવીવાય ૪.૦)માં કૌશલ્ય વિકાસ તાલીમને ઉદ્યોગલક્ષી બનાવવા માટે પરિવર્તનશીલ ફેરફારો કરવામાં આવ્યા છે, જે સુલભતામાં વધારા સાથે રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ સાથે સુસંગત છે. આ યોજના હેઠળ મુખ્ય પરિવર્તન ટૂંકા ગાળાના કૌશલ્ય કાર્યક્રમોની અંદર ઓન-ધ-જોબ ટ્રેનિંગ (ઓજેટી)નું સંકલન છે, જે તાલીમાર્થીઓને વાસ્તવિક-વિશ્વના સંપર્કમાં આવવા અને ઉદ્યોગનો અનુભવ પ્રાપ્ત થાય તે સુનિશ્ચિત કરે છે. વિકસી રહેલી ઉદ્યોગની માગ અને નવા યુગની ટેકનોલોજીના આગમન સાથે તાલમેળ જાળવવા એઆઈ, ૫જી ટેકનોલોજી, સાયબર સિક્યોરિટી, ગ્રીન હાઈડ્રોજન, ડ્રોન ટેકનોલોજી પર ૪૦૦થી વધુ નવા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે, જે ઉભરતી ટેકનોલોજી અને ભવિષ્યની કુશળતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. મિશ્રિત અને લવચીક શિક્ષણ મોડેલમાં હવે ડિજિટલ ડિલિવરીનો સમાવેશ થાય છે, જે તાલીમને વધુ લવચીક અને સ્કેલેબલ બનાવે છે. લક્ષિત, ઉદ્યોગ-સંબંધિત કૌશલ્યો પ્રદાન કરવા, શીખનારાઓને કૌશલ્ય વધારવા, પુનઃકૌશલ્ય વધારવા અને ઉચ્ચ-માંગ ધરાવતી નોકરીની ભૂમિકાઓમાં રોજગારક્ષમતા વધારવા માટે સક્ષમ બનાવવા, આ કાર્યક્રમ સૂક્ષ્મ-ઓળખપત્ર અને રાષ્ટ્રીય વ્યાવસાયિક ધોરણો (એનઓએસ) -આધારિત અભ્યાસક્રમો રજૂ કરે છે જે ૭.૫ થી ૩૦ કલાક સુધીના હોય છે. વર્તમાન માળખાગત સુવિધાઓનો ક્રોસ ઉપયોગ મહત્તમ કરવા અને ગુણવત્તાયુક્ત તાલીમની સુલભતા વધારવા આઈઆઈટી, એનઆઈટી અને જવાહર નવોદય વિદ્યાલયો (જેએનવી), કેન્દ્રીય વિદ્યાલયો, સૈનિક શાળાઓ, એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ (ઈએમઆરએસ), પ્રધાનમંત્રી શાળાઓ, ટૂલરૂમ્સ, એનઆઈએલઈટી, સીપેટ વગેરે સહિતની ટોચની શૈક્ષણિક સંસ્થાઓમાં કૌશલ્ય કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે. પીએમકેવીવાય ૪.૦ વિવિધ પ્રાદેશિક ભાષાઓમાં ઉપલબ્ધ અભ્યાસક્રમ સાથે ઉદ્યોગ સાથે સંલગ્ન તાલીમને સુનિશ્ચિત કરે છે. કૌશલ્ય કૌશલ્યને વધુ સર્વસમાવેશક અને સુલભ બનાવવું. ભણતરના પરિણામોને વધારવા માટે ૬૦૦ થી વધુ તાલીમાર્થી અને ટ્રેનર હેન્ડબુકને આઠ પ્રાદેશિક ભાષાઓમાં અનુવાદિત કરવામાં આવી છે. ગુણવત્તાયુક્ત તાલીમ અને મૂલ્યાંકનને મજબૂત કરવા માટે, એક લાખ આકારણીકારો અને ટ્રેનર્સની રાષ્ટ્રીય પૂલ વિકસાવવામાં આવી રહી છે, જે તમામ તાલીમ કેન્દ્રોમાં માનકીકરણ અને કુશળતાને સુનિશ્ચિત કરે છે. ઔદ્યોગિક ભાગીદારી ભરતી ટ્રેન તૈનાત (આરટીડી) તાલીમ મારફતે રોજગારીની તકો પ્રાપ્ત કરવાની ખાતરી આપે છે. વધુમાં, આ યોજના આંતરરાષ્ટ્રીય ગતિશીલતા પર ભાર મૂકે છે, જેથી ભારતીય કામદારો વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત કૌશલ્યોથી સજ્જ હોય તે સુનિશ્ચિત થાય. મંત્રાલયે વિવિધ દેશો સાથે મોબિલિટી ભાગીદારી સમજૂતીઓ (એમએમપીએ) અને એમઓયુ કર્યા છે તથા જરૂરી ક્ષેત્રીય કૌશલ્ય અંતર અભ્યાસો હાથ ધર્યા છે. આ યોજના હેઠળ, આપણા કાર્યબળ માટે આંતરરાષ્ટ્રીય ગતિશીલતાની તકો વધારવા માટે ડોમેન કુશળતા, સંયુક્ત પ્રમાણપત્રો, ભાષાની નિપુણતા અને સોફ્ટ સ્કિલ્સમાં તાલીમને સક્ષમ બનાવવાની શરૂઆત કરવામાં આવી છે. પીએમકેવીવાય ૪.૦ હેઠળ આંતર-મંત્રાલય સમન્વયને આગળ વધારવા માટે સંપૂર્ણ સરકારી અભિગમ અપનાવવામાં આવ્યો છે, જે તમામ ક્ષેત્રોમાં કૌશલ્યની પહેલોના સાતત્યપૂણ અમલીકરણને સુનિશ્ચિત કરે છે. આ યોજના વિવિધ કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા યોજનાઓનાં કૌશલ્યવર્ધક ઘટકોને પૂર્ણ કરે છે, જેની મહત્તમ અસર થાય છે અને સંસાધનદક્ષતામાં વધારો થાય છે. મુખ્ય સહયોગમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય હેઠળ પ્રધાનમંત્રી વિશ્વકર્મા, પ્રધાનમંત્રી સૂર્ય ઘરઃ મુફ્ત બિજલી યોજના અને નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલયનું રાષ્ટ્રીય ગ્રીન હાઈડ્રોજન મિશન, એનએએલ, જલ મિત્ર વગેરે સામેલ છે. કાર્યદક્ષતા વધારવા માટે, પ્રક્રિયાગત ફેરફારો રજૂ કરવામાં આવ્યા છે, જેમાં પ્રાદેશિક કૌશલ્યના અંતર અને ઉદ્યોગની જરૂરિયાતોને વધુ સારી રીતે ઓળખવા માટે માંગ મૂલ્યાંકન વ્યૂહરચનાના પુનઃગઠનનો સમાવેશ થાય છે. પીએમકેવીવાય ૪.૦માં મુખ્ય સુધારો "ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ" અભિગમ છે, જેણે અનુપાલનના બોજમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે, જેણે યોજનામાં ભાગીદારીને વધુ સુવ્યવસ્થિત અને કાર્યક્ષમ બનાવી છે. પ્રધાનમંત્રી રાષ્ટ્રીય એપ્રેન્ટિસશીપ પ્રમોશન સ્કીમ (પીએમ-એનએપીએસ): કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા પરની રાષ્ટ્રીય નીતિ, ૨૦૧૫માં ભારતમાં કુશળ માનવશક્તિનું સર્જન કરવા માટેના મુખ્ય ઘટકોમાંના એક તરીકે એપ્રેન્ટિસશીપ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. એપ્રેન્ટિસશીપ તાલીમ ઓન-ધ-જોબ વ્યાવસાયિક તાલીમ માટે મુખ્ય ભૂમિકા ભજવી શકે છે, જ્યાં યુવાનો વાસ્તવિક કાર્યસ્થળ પર કામ કરીને કૌશલ્ય પ્રાપ્ત કરી શકે છે અને તે જ સમયે, પોતાને આર્થિક ટેકો આપવા માટે થોડું સ્ટાઈપેન્ડ મેળવી શકે છે. વૈશ્વિક સ્તરે પણ એપ્રેન્ટિસશીપને કૌશલ્ય સંપાદન અને શીખતી વખતે કમાણી માટેનું શ્રેષ્ઠ મોડેલ ગણવામાં આવે છે. પ્રધાનમંત્રી નેશનલ એપ્રેન્ટિસશીપ પ્રમોશન સ્કીમ (પીએમ-એનએપીએસ) શિક્ષણથી કાર્ય તરફના અવિરત સંક્રમણને ટેકો આપે છે, જેથી એપ્રેન્ટિસ વાસ્તવિક વિશ્વના સંપર્કમાં રહીને ઉદ્યોગ-વિશિષ્ટ કૌશલ્યો પ્રાપ્ત કરે તે સુનિશ્ચિત થાય છે. ભારતમાં એપ્રેન્ટિસ અને સંસ્થાઓ એમ બંનેને સહાય કરવા માટે દર મહિને રૂ.૧,૫૦૦ સુધી સ્ટાઈપેન્ડ કેન્દ્ર સરકાર દ્વારા પ્રદાન કરવામાં આવતા તાલીમના સમયગાળા દરમિયાન પ્રત્યક્ષ લાભ હસ્તાંતરણ (ડીબીટી) મારફતે ૨૫ ટકા સ્ટાઈપેન્ડ પ્રદાન કરવામાં આવશે. આ યોજના ૧૪થી ૩૫ વર્ષની વય ધરાવતા લોકો માટે બનાવવામાં આવી છે, જે વિવિધ જનસંખ્યામાં કૌશલ્ય વિકાસની તકોની સર્વસમાવેશક સુલભતા સુનિશ્ચિત કરે છે. એનએપીએસ પ્રવર્તમાન ઉત્પાદનમાં એપ્રેન્ટિસશીપની તકોને પ્રોત્સાહિત કરે છે, જેમાં એઆઈ, રોબોટિક્સ, બ્લોકચેઈન, ગ્રીન એનર્જી અને ઈન્ડસ્ટ્રી ૪.૦ ટેકનોલોજી જેવા ઉભરતા ક્ષેત્રો સામેલ છે. આ ભાવિ રોજગાર બજારો અને ઉદ્યોગના વલણ સાથે કૌશલ્યની પહેલને ગોઠવે છે. આ યોજના લઘુ સંસ્થાઓ, ખાસ કરીને સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગો (એમએસએમઈ)માં એપ્રેન્ટિસની નોંધણીને પણ પ્રોત્સાહન આપે છે તથા મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓ અને પૂર્વોત્તર ક્ષેત્ર જેવા પછાત વિસ્તારોમાં સ્થિત છે. જન શિક્ષા સંસ્થાન (જેએસએસ) યોજનાઃ જન શિક્ષા સંસ્થાન (જેએસએસ) યોજના સામુદાયિક-કેન્દ્રિત કૌશલ્ય સંવર્ધન પહેલ છે, જે વ્યાવસાયિક તાલીમને સુલભ, લવચીક અને સર્વસમાવેશક બનાવવા માટે બનાવવામાં આવી છે, ખાસ કરીને મહિલાઓ, ગ્રામીણ યુવાનો અને આર્થિક રીતે વંચિત જૂથો માટે તથા ૧૫થી ૪૫ વર્ષની વયજૂથને સેવા પૂરી પાડવા માટે રચાયેલ છે. લવચીક સમયપત્રક સાથે ઓછા ખર્ચે, ડોરસ્ટેપ તાલીમ આપીને, જેએસએસ એ સુનિશ્ચિત કરે છે કે કૌશલ્યની તકો એવા લોકો સુધી પહોંચે જેમને તેમની સૌથી વધુ જરૂર હોય, જે સ્વ-રોજગાર અને વેતન-આધારિત આજીવિકા બંનેને પ્રોત્સાહન આપે છે.

# ઈન્ડસ્ટ્રીમાં કલાકારની લોકપ્રિયતાના આધારે તેમને મહત્વ મળે છેઃ કિર્તિ

## કિર્તિએ વિદ્યા બાલન, તાપસી પન્નુ અને કલકી કેકલા સાથેના અનુભવો શેર કર્યા

કિર્તિ કુલ્હરીએ શરૂઆત ભલે 'ખીચડી' જેવી કોમેડી ફિલ્મથી કરી હોય પરંતુ પછી તેણે 'શૈતાન', 'મિશન મંગલ' અને 'ઉરી' તેમજ 'પિંક' જેવી ફિલ્મોમાં યાદગાર રોલ કર્યા છે. તાજેતરમાં તેની 'હિસાબ બરાબર' ઓટીટી પર આવી છે, આ સંદર્ભે કિર્તિએ આપેલા એક ઈન્ટરવ્યૂમાં ઈન્ડસ્ટ્રીમાં કલાકારો સાથે થતાં વ્યવહાર અંગે કેટલાંક ખુલાસા કરવામાં આવ્યા છે. તેણે કહ્યું કે તેને કોઈ વધારે ગંભીર મુદ્દાનો સામનો તો કરવો પડ્યો નથી પરંતુ તેણે કલાકારોની લોકપ્રિયતા મુજબ તેમની સાથે થતો ભેદભાવ ચોક્કસ અનુભવ્યો છે. તેણે કહ્યું હતું કે, જાહેરાતોમાં તો નવા કલાકાર જો મુખ્ય ચહેરો હોય તો તેમને મહત્વ આપવામાં આવે છે, પરંતુ જો તેમની સાથે કોઈ લોકપ્રિય કલાકાર હોય તો તેમાં ફરક પડી જાય છે. ત્યારે નવા કલાકારોને ઓછું મહત્વ મળે છે. કિર્તિએ આગળ પોતાના અન્ય



એક્ટ્રેસ સાથેના અનુભવો વિશે વાત કરતા જણાવ્યું 'શૈતાન'માં કલકીનું વધારે ધ્યાન રાખવામાં આવતું હતું. જ્યારે 'પિંક'માં તાપસી પન્નુની લોકપ્રિયતા વધી રહી હોવાથી વધારે તેને વધારે મહત્વ આપવામાં આવતું હતું. 'મંગલ મિશન'માં પહોંચતા કિર્તિ સમજી ગઈ હતી કે તેણે વાસ્તવિકતા સ્વીકારી લીધી છે અને આ વાતને મન પર લેવાની બંધ કરી દીધી છે. તેણે સેટ પર ફેવરિટીઝમને ટાળવા અંગે કહ્યું હતું કે, જો સ્ટારને વધારે પેમેન્ટ મળતું હોય છે, તેમને સુવિધાઓ પણ વધારે મળતી હોય છે. તે માને છે કે સેટ પર દરેક સાથે એક સમાન વર્તન થવું જોઈએ. તે ઈચ્છે છે કે દરેકનું માન જળવાય અને ટીમમાં દરેક સાથે ન્યાયી વર્તન થાય. તેણે અલગ અલગ ક્રૂ માટે ખાવાની સુવિધાઓ અને ભોજનની અલગ ગુણવત્તા અંગે પણ અસહમતી દર્શાવી હતી.

# અનન્યા ઈમ્તિયાઝ અલીની ફિલ્મ નહીં કરે

## કાર્તિક આર્યનની ફિલ્મમાં કામ કરી શકાય તે હેતુથી અનન્યાએના પાડી હોવાની અટકળો

અનન્યા પાંડે અને ફિલ્મ મેકર ઈમ્તિયાઝ અલીએ અંતે સમજણપૂર્વક આગામી લવ સ્ટોરી ફિલ્મમાંથી અલગ થવાનો નિર્ણય લીધો છે. તેઓ બંને આ ફિલ્મમાં પહેલી વખત એકસાથે કામ કરવાના હતા. અનન્યાની તારીખોના પ્રશ્નોને કારણે તેઓ બંને આ ફિલ્મમાં હવે સાથે કામ નહીં કરે. એવી પણ ચર્ચા છે કે અનન્યાએ કાર્તિક આર્યન સાથે 'તું મેરી મેં તેરા મેં તેરા તું મેરી'માં કામ કરવા માટે થઈને ઈમ્તિયાઝની ફિલ્મ છોડી દીધી છે, પરંતુ આ કારણ સાચું નથી. ફિલ્મ સાથે સંકળાયેલા સૂત્રના જણાવ્યા અનુસાર અને અનન્યા અને ઈમ્તિયાઝ તારીખોના કારણે કામ નહીં કરી શકે. આ ફિલ્મમાં નસીરુદ્દીન શાહ અને દિલજિત દોસાંજ તેમજ વેદાંગ રૈના પણ જોડાયા હોવાના અહેવાલો છે, જેમાં ઐતિહાસિક વાર્તાને આજના જમાનાનું સ્વરૂપ અપાયું છે, આ ફિલ્મમાં ત્રણ પેઢીની એક્ટ્રેસ અને તેમના કાસ્ટિંગની પ્રક્રિયા ચાલુ છે. આ ફિલ્મનું નામ હજુ જાહેર થયું નથી પરંતુ આ ઉનાળામાં જ તેનું શૂટિંગ શરૂ કરવાની વાત છે. આ ફિલ્મ ૨૦૨૬ના વેલેન્ટાઈન ડે નિમિત્તે રિલીઝ કરવામાં આવશે. અનન્યા પાંડેનું ૨૦૨૪નું વર્ષ ઘણું સારું રહ્યું છે, તેની એક પછી એક ફિલ્મ અને સિરીઝ આવતા રહ્યા છે. હવે આ વર્ષે તે 'કેસરી ચેપ્ટર ૨'માં અક્ષય કુમાર અને આર માધવન સાથે કામ કરશે, ત્યાર બાદ લક્ષ્ય સાથે 'ચાંદ મેરા દિલ' અને કાર્તિક આર્યન સાથે 'તું મેરી મેં તેરા મેં તેરા તું મેરી'માં કામ કરશે. 'કેસરી ચેપ્ટર ૨' ૧૪ માર્ચે રિલીઝ થશે, વિવેક સોનીની 'ચાંદ મેરા દિલ' પણ ૨૦૨૫માં જ રિલીઝ થશે અને સમીર વિશ્વાસે ડિરેક્ટ કરેલી 'તું મેરી મેં તેરા મેં તેરા તું મેરી' ૨૦૨૬માં રિલીઝ થશે. જ્યારે ઈમ્તિયાઝ અલી હાલ એક રોમેન્ટિક કોમેડી 'ઈડિયટ્સ ઓફ ઈસ્તંબુલ'માં ફહાદ ફાઝીલ અને તૃપ્તિ ડિમરી કામ કરી રહ્યાં છે. ૨૦૨૬ની શરૂઆતમાં તે બીજી લવસ્ટોરીનું શૂટ શરૂ કરશે.



# ઉદિત નારાયણના વિવાદાસ્પદ કિસિંગ વીડિયો પર બોલ્યો સિંગર

ઉદિત નારાયણ હાલમાં ખૂબ જ ચર્ચામાં છે. હકીકતમાં તેમણે લાઈવ કોન્સર્ટ દરમિયાન તેમની મહિલા ફેનને લીપ કિસ કરી હતી. ત્યારબાદ જ્યારથી ઉદિત નારાયણનો કિસિંગ વીડિયો સામે આવ્યો છે, ત્યારથી લોકો તેમની ટીકા કરી રહ્યા છે. ત્યારે તેમના મિત્ર અને ગાયક અભિજીત ભટ્ટાચાર્ય તેમના બચાવમાં જોડાઈ ગયા છે. આ અંગે અભિજીત ભટ્ટાચાર્યએ મીડિયા સાથે વાત કરતાં કહ્યું કે, 'ઉદિત એક સુપરસ્ટાર સિંગર છે. આ પ્રકારની ઘટના આપણા જેવા ગાયકો સાથે રોજ બનતી રહે છે. જો આપણે આપણી સુરક્ષા કડક નહીં રાખીએ, આસપાસ કોઈ બાઉન્સર નહીં રાખીએ તો લોકો આપણા કપડા પણ ફાડી નાખે છે.'અભિજીતે આગળ કહ્યું, 'મારી સાથે પણ આવું બન્યું છે. હું આ ઈન્ડસ્ટ્રીમાં નવો હતો અને દક્ષિણ આફ્રિકામાં એક કોન્સર્ટ કરવા ગયો હતો. ત્યારે ત્રણ-ચાર છોકરીઓએ લતાજી (સ્વર્ગસ્થ લતા મંગેશકર) સામે મારા ગાલ પર કિસ કરી હતી. મારા ગાલ પર લિપસ્ટિકના નિશાન હતા અને તેના કારણે હું સ્ટેજ પર ન જઈ શક્યો.'અભિજીતે પોતાની વાત પૂરી કરતાં કહ્યું કે, 'તે ઉદિત નારાયણ છે! છોકરીઓ તેમની પાછળ પડી હતી. તેમણે કોઈને આમંત્રણ નહોતું આપ્યું. અને મને ખાતરી છે કે જ્યારે પણ ઉદિત પરફોર્મ કરે છે ત્યારે તેમની પત્ની તેમની સાથે હોય છે. તેઓ તેમની પત્નીને ખૂબ પ્રેમ કરે છે. તેઓ તેમને સફળતાનો આનંદ માણવા દે છે. ઉદિત એક રોમેન્ટિક ગાયક છે. તેઓ એક મોટા સિંગર છે, અને હું એક શિખાઉ છું. કોઈએ તેમની સાથે રમત રમવાનો પ્રયાસ ન કરવો જોઈએ.'



# ઈશાન ખટ્ટર અને ભૂમિ પેડનેકરની સિરીઝથી ઝીન્નત કમબેક કરશે

ઝીન્નત અમાન છેલ્લા કેટલાંક સમયથી સોશિયલ મીડિયા અને મોડેલિંગમાં સતત સક્રિય રહે છે. હવે તે આ સિરીઝ સાથે ઈન્ડસ્ટ્રીમાં પણ કમબેક કરી રહ્યાં છે. ઈશાન ખટ્ટર અને ભૂમિ પેડનેકરની સિરીઝ 'ધ રોયલ્સ' નેટફ્લિક્સ પર આવી રહી છે, જેમાં ઝીન્નત અમાનનો પણ મહત્વનો રોલ હશે. નેટફ્લિક્સ દ્વારા તેના ૨૦૨૫માં આવનારા શોનું એક ટીઝર લોંચ કરવામાં આવ્યું છે. જેમાં 'ધ રોયલ્સ'ની પણ ઝલક જોવા મળી છે. ઈશાન ખટ્ટર એટલે કે અવિરાજ સિંઘ એક પોલો ખેલાડી છે, જે જીવનમાં મજા કરવામાં માને છે, એક પાર્ટી પ્રિન્સ છે અને મોરપુર રાજ્યની ગાદીનો વારસદાર છે, તે એક સ્ટાર્ટ અપથી અને પોતાની મહેનતથી જીવન જીવવામાં માનતી ભૂમિ પેડનેકરને મળે છે. તેઓ સાથે મળીને રોયલ ફેમલીની ખામીઓને પૂરી કરવા અને તેમને નાદારીથી બચાવવા માટે એક લક્ઝરી હોમસ્ટેનું સ્ટાર્ટ અપ શરૂ કરવા શાર્ક ઈન્વેસ્ટમેન્ટ બેંકર્સની મદદ લેવા જાય છે. આ સિરીઝમાં ઈશાન અને ભૂમિ વચ્ચેની કેમેસ્ટ્રી ઘણી નવી લાગે છે. આ એક મજાની રોમેન્ટિક કોમેડી સિરીઝ છે, જેમાં રાજઘરાનાનાં ડૂબતાં સૂરજ સાથે રાજમહેલનું જીવન અને તેની સામેના પડકારો હળવાશથી રજૂ કરવામાં આવ્યા છે. રંગિતા અને ઈશિતા પ્રિતિશ નાંદી દ્વારા આ સિરીઝ લખવામાં આવી છે, તેમણે જણાવ્યું, ''નેટફ્લિક્સ સાથે 'ધ રોયલ્સ' અમારું પહેલું કામ છે. તેથી તેમાં ભારતીય સંસ્કૃતિ સાથે જેન-ઝી પણ માણી શકે તેવું કન્ટેન્ટ હોવું જોઈએ.

# અમિતાભ બચ્ચને કેબીસીના મંચ પરથી સ્કિનકેરની ટીપ્સ આપી હતી

## અમિતાભ ત્વચા પર મોશ્ચ્યુરાઇઝરના બદલે સરસિયું લગાવે છે

અમિતાભ બચ્ચન ૮૨ વર્ષની ઉંમરે પણ એક યુવાન જેવી ઊર્જા સાથે સતત સક્રીય કઈ રીતે રહી શકે છે, તે તેમના દરેક ફેનનો પ્રશ્ન છે. તેમની ચમકતી ત્વચા અંગે કેબીસીમાં કેટલાંક લોકોએ તેમને પ્રશ્નો પણ પૂછ્યા છે. ત્યારે આવા જ એક પ્રતિસ્પર્ધીએ કેબીસીની ૧૬મી સીઝનમાં ભાગ લીધો હતો અને અમિતાભ બચ્ચનને સ્કિનકેર અને સ્ટાઈલ અંગે પ્રશ્ન કર્યો હતો. મંગળવારે સોનીના ઈન્સ્ટાગ્રામ પેજ પર આ અંગેનો એક વીડિયો રિલીઝ કરવામાં આવ્યો હતો. આ વીડિયોમાં અમિતાભ બચ્ચને એ કન્ટેસ્ટન્ટ સાથે પોતાની સ્ટાઈલ અને મેક અપ અંગે વાત કરતા જોવા મળે છે. તેણે પહેલાં કહ્યું કે તેને અમિતાભ બચ્ચનની ફેશન સેન્સ બહુ ગમે છે. જેના પ્રતિસાદમાં અમિતાભે મોં બગાડ્યું હતું, પછી તેણે એમ પણ કહ્યું, ''જાંબલી અને મેજેન્ટા જેવા ઘાટા કલર તમને વધુ શોભે છે.'' પછી જવાબમાં અમિતાભે કહ્યું કે કોઈ પણ સેલેબ્રિટી જ્યારે ક્યાંય પણ જાય તો તેમની ફેશન અને કપડાં વિશે બહુ વિગતે અહેવાલો આવવા લાગ્યા છે. ''તેનાથી અમારા લોકો માટે બહુ મોટી સમસ્યા થઈ ગઈ છે. અમે ક્યાંય પણ જઈએ તો પહેલાં વિચારવું પડે છે કે ગઈ વખત ગયા ત્યારે શું પહેરીને ગયા હતા.'' પછી આ કન્ટેસ્ટન્ટે અમિતાભને કહ્યું કે તેમની ત્વચા સારી અને ચમકતી છે, તો તેના માટે તેઓ શું કરે છે. ત્યારે અમિતાભે કહ્યું, ''ના હું આવું બધું કરતો નથી, મને મોશ્ચ્યુરાઈઝરનો સ્પેલિંગ પણ નથી આવડતો, તો લગાવું કઈ રીતે? હું બહુ જૂના જમાનાનો છું, અમને આ બધી વસ્તુઓ વિશે ખબર નથી.





નિર્માતાઓએ જણાવ્યું હતું કે આ ફિલ્મ ૨૧ માર્ચે સિનેમાઘરોમાં રિલીઝ થઈ શકે

# કિંગ ઓફ હોરર વિક્રમ ભટ્ટ લાવી રહ્યા છે તુમકો મેરી કસમ

અનુપમ ખેર અને એશા દેઓલ સ્ટારર આગામી ફિલ્મ 'તુમકો મેરી કસમ' ની રિલીઝ ડેટ જાહેર થઈ ગઈ છે. નિર્માતાઓએ જણાવ્યું હતું કે આ ફિલ્મ ૨૧ માર્ચે સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ ફિલ્મનું દિગ્દર્શન વિક્રમ ભટ્ટે કર્યું છે. 'તુમકો મેરી કસમ'માં અનુપમ ખેર, એશા દેઓલ, ઈશ્વક સિંહ, અદા શર્મા મુખ્ય ભૂમિકામાં છે. 'તુમકો મેરી કસમ' ઈન્દિરા આઈવીએફના સ્થાપક ડૉ. અજય મુરિયાના જીવનથી પ્રેરિત છે.આગામી ફિલ્મ વિશે ઉત્સાહિત, વિક્રમ ભટ્ટના માર્ગદર્શક મહેશ ભટ્ટે કહ્યું, ''વિક્રમ હજુ પણ ક્રીઝ પર છે, ઘણી બધી સીઝનમાં બેટિંગ કરી રહ્યો છે, દરેક તોફાનનો સામનો કરી રહ્યો છે. બોલીવુડમાં ટકી રહેવું એ સૌથી અઘરી કળા છે. વિક્રમે અગાઉ ઘણી સફળ ફિલ્મોનું દિગ્દર્શન કર્યું છે. આ યાદીમાં 'ગુલામ', 'આવારા પાગલ દીવાના' અને 'કસૂર' સહિત ઘણી ફિલ્મોનો સમાવેશ થાય છે. આ પછી, વિક્રમે હોરર ફિલ્મ 'રાજ' બનાવી, જેણે દેશમાં હોરર શૈલીનો ખ્યાલ બદલી નાખ્યો. આ પછી તેમણે '૧૯૨૦' ફિલ્મ બનાવી. વિક્રમને તેની હોરર ફિલ્મોને કારણે 'કિંગ ઓફ હોરર' પણ કહેવામાં આવે છે. ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવી રહેલા અભિનેતા અનુપમ ખેરે તાજેતરમાં સોશિયલ મીડિયા પર અભિનેત્રી એશા દેઓલ સાથેનો એક વીડિયો શેર કર્યો હતો અને 'તુમકો મેરી કસમ'નું શૂટિંગ પૂર્ણ થવાની માહિતી આપી હતી. અભિનેતાએ એક રમુજી રીલ પણ શેર કરી. ઈન્સ્ટાગ્રામ પર રીલ શેર કરતી વખતે, અભિનેતાએ કેપ્શનમાં લખ્યું, વિક્રમ ભટ્ટની 'તુમકો મેરી કસમ'નું શૂટિંગ પૂર્ણ થઈ ગયું છે.




### શ્વેતાંબરી ભટ્ટ અને કૃષ્ણા ભટ્ટ પ્રોજેક્ટ ડિરેક્ટર છે

# પ્રિયદર્શનની પહેલી હેરાફેરીમાં તબુએ અનુરાધાનો રોલ કર્યો હતો

# મારા વિના ફિલ્મ 'હેરા ફેરી 3 અધૂરી રહેશેઃ તબુ




પ્રિયદર્શને તેમના જન્મદિવસે 'હેરા ફેરી ૩' બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આ પોસ્ટ સાથે જ આ ફિલ્મના ફેન્સ ઉત્સાહમાં આવી ગયા છે. પરેશ રાવલની પોસ્ટ પરથી અંદાજ આવે છે કે તે ફરી એક વખત અક્ષય કુમાર, સુનિલ શેટ્ટી અને પરેશ રાવલની ત્રિપુટી સાથે ફરી એક વખત ફિલ્મ બનાવશે. અક્ષય કુમારે પ્રિયદર્શનને જન્મદિવસની શુભેચ્છા આપતી પોસ્ટ લખી હતી અને તેમાં તેણે 'હેરા ફેરી ૩'માં કામ કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી. હવે તબુએ પણ આ ફિલ્મમાં કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. ૨૦૦૦માં આવેલી પહેલી ફિલ્મમાં તબુએ અનુરાધા શિવશંકર પનીકરનો રોલ કર્યો હતો. તેણે પણ સોશિયલ મીડિયા પર પ્રિયદર્શન અને અક્ષય કુમારની વાતોમાં ભાગીદારી નોંધાવી છે. તેણે કહ્યું કે તેના વિના ફિલ્મની કાસ્ટ અધૂરી છે. તબુએ સોમવારે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં અક્ષય કુમારની પ્રિયદર્શનને શુભેચ્છા આપતી પોસ્ટ રીશેર કરી હતી અને લખ્યું,''બિલકુલ, કાસ્ટ અમારા વિના અધૂરી છે.'' આ સાથે તેણે પ્રિયદર્શનને ટેગ પણ કર્યા હતા. અક્ષય કુમારની અને પ્રિયદર્શનની પોસ્ટમાં ગુલશન ગ્રોવરે પણ આ ફિલ્મમાં કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આ રીતે બધાં કલાકારોની પોસ્ટ જોતાં તો એવું જ લાગે છે કે પ્રિયદર્શન પોતાની જુની કાસ્ટ સાથે ફરી જોડાવાની તૈયારી કરી રહ્યા છે. આ અંગે સૂત્રએ જણાવ્યું, ''હાલ તો પ્રિયદર્શન ભૂત બંગલાના શૂટિંગમાં વ્યસ્ત છે, જૂન મહિના સુધી આ ફિલ્મના વીએફએક્સ અને પોસ્ટ પ્રોડક્શન સહિતનું કામ ચાલશે. ત્યાર બાદ તેઓ 'ફિર હેરા ફેરી ૩'ની સ્ક્રિપ્ટ પર વધારે કામ કરશે અને પછી તેનું શૂટિંગ શરૂ થાય તેવી શક્યતા છે. સમગ્ર કાસ્ટ જાણે છે કે, આ ફ્રેન્ચાઈઝી કેટલી મોટી છે અને બધાં જ તેમાં કામ કરવા ઉત્સુક છે. પહેલાં ક્યારેય ન મળી હોય એવી કોમેડી ફિલ્મ બનાવવામાં તેઓ કોઈ પણ કચાશ રાખવા માગતા નથી. સ્ક્રિપ્ટ લખાઈ જાય અને પ્રી પ્રોડક્શનનું કામ થઈ ગયા પછી લગભગ ૬ મહિના પછી ફિલ્મનું શૂટિંગ શરૂ થવાની શક્યતા છે.''




### અમરીશનો પૌત્ર વર્ધાન પણ લીડ રોલમાં

### ૧૯૮૩ના વર્ષમાં આવેલી શેખરની 'માસૂમ'ની સીક્વલ અંગે ઘણાં સમયથી ચર્ચા

# શેખર કપૂર અને સુચિત્રાની દીકરી કાવેરી બની હીરોઈન

બોલિવૂડમાં આગમન કરી રહેલાં સ્ટારકિડ્સની યાદીમાં હવે પ્રખ્યાત ફિલ્મ મેકર શેખર કપૂર અને એક્ટર સુચિત્રા કૃષ્ણમૂર્તિની દીકરી કાવેરીનું નામ જોડાયું છે. ફિલ્મમાં હીરોઈન તરીકે કાવેરીની પહેલી ફિલ્મ અંગે ઘણાં સમયથી ચર્ચાઓ ચાલતી હતી. પિતા શેખર કપૂરની હિટ ફિલ્મ માસૂમથી કાવેરી શરૂઆત કરે તેવી શક્યતા હતી. જો કે કાવેરીએ 'માસૂમ'૨ના બદલે અન્ય ફિલ્મ સાથે કરિયરની શરૂઆત કરી છે. ૧૯૮૩ના વર્ષમાં આવેલી શેખર કપૂરની 'માસૂમ'ની સીક્વલ અંગે ઘણાં સમયથી ચર્ચાઓ હતી. આ ફિલ્મ સાથે શેખર કપૂર પોતાની દીકરીને સ્ટાર બનાવવા માગતા હોવાનું કહેવાતું હતું. જો કે આ ફિલ્મના બદલે કાવેરીએ અન્ય પ્રોજેક્ટ સાથે શરૂઆત કરી છે. માતા સુચિત્રાએ સોશિયલ મીડિયા પર ડેબ્યુ ફિલ્મ અંગે વાત કરી હતી અને તેનું પોસ્ટર શેર કર્યું હતું. 'બોબી ઔર રિશિ કી લવ સ્ટોરી' નામની આ ફિલ્મમાં કાવેરીની સાથે લીડ રોલમાં વર્ધાન પુરી છે. પોસ્ટરમાં તેઓ ઝાડની નીચે રોમેન્ટિક મૂડમાં બેઠેલા જોવા મળે છે. કાવેરીનો કો-સ્ટાર વર્ધાન પુરી પણ ફિલ્મી બેકગ્રાઉન્ડ ધરાવે છે. હિન્દી ફિલ્મોના મોગેમ્બો કહેવાતા અમરીશ પુરીના પૌત્ર વર્ધાન સાથે તે કરિયર શરૂ કરવા જઈ રહી છે. અગાઉ 'હમ તુમ' અને 'ફના' જેવી રોમેન્ટિક ફિલ્મો બનાવનારા ડાયરેક્ટર કુણાલ કોહલી વર્ષો બાદ આ જોનરમાં કામ કરી રહ્યા છે. જિયો સ્ટુડિયોઝ દ્વારા પ્રોડ્યુસ થયેલી આ ફિલ્મ ૧૧ ફેબ્રુઆરીથી ડિઝની હોટસ્ટાર પર સ્ટ્રીમ થશે. શેખર કપૂર અને સુચિત્રા કૃષ્ણમૂર્તિએ ૧૯૯૯માં લગ્ન કર્યા હતા. કાવેરીના જન્મ બાદ ૨૦૦૭માં તેઓ છૂટા પડ્યા હતા. શેખર કપૂર તેને 'માસૂમ ૨' સાથે લોન્ચ કરવા માગતા હતા. જો કે આ ફિલ્મનું શૂટિંગ હજુ શરૂ થયું નથી. સીક્વલમાં પણ નસીરુદ્દીન શાહ અને શબાના આઝમીની જોડીને યથાવત રાખવામાં આવશે. શેખરને પ્રજાસત્તાક દિવસે પદ્મ ભૂષણથી સન્માનિત કરાયા હતા.





### ગુજરાત ભાજપ ઉપાધ્યક્ષ ગોરઘન ઝડફીયા એ વિશેષ હાજરી આપી

# ઝાલોદ નગરમાં ધારાસભ્ય મહેશ ભૂરીયાની અધ્યક્ષતા હેઠળ નગર સેવા સદન કાર્યકર્તા શિબિર યોજાઈ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।



આજરોજ તારીખ ૦૮-૦૨-૨૦૨૫ના રોજ પ્રભુતા પાર્ટી પ્લોટ ખાતે નગર સેવા સદનની ચૂંટણીને અનુલક્ષીને વિશેષ કાર્યકર્તા શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં ભાજપ માંથી ચૂંટણી લડતા ઉમેદવારો તેમજ કર્મઠ કાર્યકર્તાઓ વિશેષ ઉપસ્થિત રહેલ હતા. ઝાલોદ નગર સેવા સદનની ચૂંટણી ધારાસભ્ય મહેશ ભૂરીયાની અધ્યક્ષતા હેઠળ યોજાઈ રહેલ છે ત્યારે ઉમેદવારો તેમજ કાર્યકર્તાઓને વિશેષ માર્ગ દર્શન આપવા માટે ગુજરાત રાજ્ય ભાજપ ઉપાધ્યક્ષ ગોરઘન ઝડફીયા તેમજ ગુજરાત મધ્ય ઝોનના સંયોજક શબ્દશરણ તડવી ઉપસ્થિત રહેલ હતા. ઝાલોદ નગરમાં કુલ ૨૪૦૦૦ ઉપરાંત નગર સેવાસદન માટે વોટિંગ કરનાર મતદાતાઓ છે તેમજ તેમાં પણ મહિલા મતદારો વધુ છે તે વિશે માહિતી દાહોદ જિલ્લા કોષાધ્યક્ષ પંકજ અગ્રવાલ દ્વારા આપવામાં આવ્યું હતું.

દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખ શંકર અમલીયાર દ્વારા પ્રારંભિક સંબોધન કરતા કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ મધ્યઝોનના સંયોજક શબ્દશરણ તડવી દ્વારા નારાજ કાર્યકરઓને પાર્ટી સન્માન ભેર યોગ્ય સ્થાન આપશે તેવું સંબોધન કર્યું હતું. ધારાસભ્ય મહેશ ભૂરીયાએ નગર સેવા સદનની ચૂંટણીમાં ભાજપ ૨૭ શીટ પર ચૂંટણી લડી રહેલ છે તેમજ પૂર્ણ બહુમતી થી ભાજપ જીતશે તેવો સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને ભાજપ પાર્ટી જ નગર સેવા સદનની ચૂંટણી જીતી નગરની સેવા કરશે તેવું કહ્યું હતું. ગુજરાત રાજ્ય ઉપાધ્યક્ષ ગોરઘન ઝડફીયા એ કહ્યું હતું કે નગરમાં દરેક ભાજપના કાર્યકર્તાઓએ દરેક વોર્ડનો પ્રવાસ કરી બધી બેઠક જીતાડવાની છે. દરેક કાર્યકર્તાઓ એ સાથે મળી મતભેદ ભૂલાવી પાલિકામાં વિજય હાંસલ કરવાનો છે. ભાજપના દરેક કાર્યકર્તાઓ પાસે પુરતો અનુભવ છે એટલે દરેક કાર્યકર્તાઓએ પોતાનો અનુભવનો ઉપયોગ કરી જવાબદારી પૂર્વક એક પરિવારની જેમ નિષ્ઠા પૂર્વક પોતાની ફરજ નિભાવવાની છે. ભાજપના દરેક યુવા કાર્યકર્તાઓ સંગઠન સાથે જોડાઈ દેશના વિકાસમાં હરણફાળ ભરવાની છે. વિશેષમાં દરેક મહિલા કાર્યકર્તાઓ પણ પૂરા જુસ્સા સાથે ચૂંટણી પ્રચાર પ્રસારમા જોડાય. દરેક ઉમેદવારોએ નગરમાં કાર્યકર્તાઓ સાથે જઈ દરેક મતદારોનું ઘરે ઘરે જઈ મતદારો સાથે સંપર્ક કરી દરેક સમસ્યાઓ વિશે જાણકારી મેળવવી તેમજ તેના નિવારણ માટે યોગ્ય કાર્ય કરવું. ચૂંટણી સંદર્ભે દરેક વોર્ડ, ફળિયામાં ભાજપના ઉમેદવારોના પોસ્ટર લગાવું, વોર્ડ દીઠ ભાજપ કાર્યાલય ખોલવું, દિવસભર કરેલ ચૂંટણી કામગીરીની સમીક્ષા કરવી તેમજ ભાજપના ઉમેદવારોને વ્યક્તિગત રીતે વોટની માંગણી નહીં પરંતુ ચારે ઉમેદવારો માટે પેનલની માંગણી કરવી.દરેક ઉમેદવારો એ ગ્રાઉન્ડ ફલોર પર જઈ કામગીરીની નિયમિત સમીક્ષા કરવી. દરેક સમુદાયના લોકો સાથે વ્યક્તિગત મીટિંગો કરવી. નાની મીટિંગ, ગ્રુપ મીટિંગ,નગરના પ્રશ્નો પરિવારના સભ્ય બની રોજેરોજ કાર્યકર્તાઓ એ મીટિંગ કરી તેનું સમાધાન કરવું. કોઈ પણ કાર્યકર્તા વ્યક્તિગત મહેચ્છા પુરી કરવા નહીં પરંતુ પાર્ટીના ઉમેદવારો માટે ચૂંટણી અંગે મહેનત કરવાની છે. પાર્ટીના સંગઠનના નિર્ણય ને વિપરીત થઈ જેઓએ અપક્ષમા ઉમેદવારી નોંધાવી છે તે દરેક વખતે વ્યક્તિ પર ભાજપ પાર્ટી દ્વારા શિક્ષાત્મક પગલા લેવાશે તેમ કહ્યું હતું.

## જિલ્લા સ્થાયી પરીક્ષા સમિતિના અધ્યક્ષ અને જિલ્લા કલેકટરશ્રી યોગેશ નિરગુડેની અધ્યક્ષતા હેઠળ જિલ્લા સ્થાયી પરીક્ષા સમિતિની બેઠક યોજાઈ



। (માહિતી) દાહોદ, તા.૯ ।

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ફેબ્રુઆરી / માર્ચ - ૨૦૨૫ માં લેવાનાર ધોરણ - ૧૦ અને ધોરણ - ૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, રિપીટર, પૃથ્થક અને ખાનગી ઉમેદવારોની પરીક્ષાઓ તારીખ - ૨૭-૦૨-૨૦૨૫ થી તારીખ - ૧૭-૦૩-૨૦૨૫ દરમ્યાન યોજાનાર છે. આ પરીક્ષા માટે દાહોદ જિલ્લામાં ધોરણ - ૧૦ ના કુલ ૩૬ કેન્દ્રો અને ધોરણ - ૧૨ ના કુલ ૨૨ કેન્દ્રો ખાતે કુલ ૧૨૨ જેટલી બિલ્ડીંગો પર પરીક્ષા યોજવામાં આવશે. આ પરીક્ષાનું આયોજન વ્યવસ્થિત રીતે થઈ રહે તેમજ પરીક્ષાર્થીઓ કોઈપણ પ્રકારની સમસ્યા ઉદભવે નહીં એ માટેના આગોતરા આયોજન માટે જિલ્લા સ્થાયી પરીક્ષા સમિતિના અધ્યક્ષ અને જિલ્લા કલેકટરશ્રી યોગેશ નિરગુડેની અધ્યક્ષતા હેઠળ એસ. એસ. સી. અને એચ. એસ. સી. પરીક્ષાની તૈયારીના ભાગરૂપે જિલ્લા સ્થાયી પરીક્ષા સમિતિની બેઠક યોજવામાં આવી હતી.

આ નિમિતે કલેકટરશ્રી યોગેશ નિરગુડેએ પરીક્ષા દરમ્યાન લાઈટ તેમજ સી. સી. ટી. વી. કેમેરાની કન્ડિશન ચેક કરવા સહિત વિદ્યાર્થીઓને આવવા - જવામાં કોઈ મુશ્કેલી પડે નહીં એ માટે એસ. ટી. બસની સુવિધા, સ્ટ્રોંગ રૂમ પર બન્દોબસ્ત રાખવા, આરોગ્ય વિભાગ દ્વારા ઈમરજન્સી ટીમ જરૂરી કીટ સાથે ઉપસ્થિત રહેવા, કાયદા અને વ્યવસ્થાપન જળવાઈ રહે એ હેતુસર એસ. આર. પી. જવાનો તેમજ કંટ્રોલ રૂમમાંથી જ સમગ્ર પ્રક્રિયા હેન્ડલ કરી શકાય તે માટે હેલ્પલાઈન વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટેની સૂચના આપવામાં આવી હતી. આ નિમિતે નિવાસી અધિક કલેકટરશ્રી જે. એમ. રાવલ, નાયબ પોલીસ અધિક્ષકશ્રી રાઠોડ, જિલ્લા શિક્ષણધિકારીશ્રી એસ. એલ. દામા સહિત સંબંધિત અન્ય તમામ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યમાં પર્વતો પર આવેલા યાત્રાધામો સુધી પહોંચવા ગત વર્ષે ૪૭ લાખથી વધુ યાત્રાળુઓએ માણ્યો ઉડનખટોલાનો આંનદ





। (માહિતી) ગાંધીનગર, તા.૯ ।

દેશ-વિદેશના પ્રવાસીઓ માટે ગુજરાત હંમેશા આકષર્ણનું કેન્દ્ર રહ્યું છે. રાજ્યમાં ગિરનાર, પાવાગઢ અને અંબાજી ખાતે પર્વતો પર આવેલા યાત્રાધામો સુધી પહોંચવા ગત વર્ષે ૪૭.૬૪ લાખથી વધુ યાત્રાળુઓએ સલામત રીતે ઉડનખટોલાનો આંનદ માણ્યો છે, જેમાં જાન્યુઆરીથી ડિસેમ્બર-૨૦૨૪ દરમિયાન, પાવાગઢમાં ૨૪.૪૭ લાખથી વધુ પ્રવાસીઓએ, ગિરનારમાં ૭.૫૭ લાખથી વધુ જ્યારે અંબાજી રોપ-વેનો ૧૫.૫૯ લાખથી વધુ એમ કુલ ૪૭.૬૪ લાખથી વધુ યાત્રાળુઓએ રોપ-વેની સેવાનો લાભ લીધો છે. જે ગુજરાતના યાત્રાધામો અને પ્રવાસન સ્થળોની લોકપ્રિયતા દર્શાવે છે. આ યાત્રાળુઓના આગમનથી આ વિસ્તારના યુવાઓને સારા પ્રમાણમાં રોજગારી પણ ઉપલબ્ધ થઈ રહી છે. ગુજરાતના ઐતિહાસિક શહેર જૂનાગઢમાં આવેલો ગિરનાર રોપ-વે એન્જિનિયરિંગનો એક અસાધારણ પરાક્રમ સાથે જ આધ્યાત્મિકતા અને કુદરતી વૈભવનો પ્રવેશદ્વાર છે. ૨.૩ કિલોમીટર લાંબો આ રોપ-વે વિશ્વના સૌથી લાંબા રોપ-વેમાંથી એક છે, જે ગિરનાર પર્વતોની જમીનથી ૩,૬૬૦ ફૂટની ઊંચાઈએ આવેલા પવિત્ર માં અંબાજીના મંદિર સાથે જોડે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઓક્ટોબર ૨૦૨૦માં આ રોપ-વેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ ચાર વર્ષ દરમિયાન ૩૦ લાખથી વધુ મુલાકાતીઓએ રોપ-વેની આ સેવાનો આનંદ માણી સલામત, અનુકૂળ અને અવિસ્મરણીય મુસાફરીનો અનુભવ કર્યો છે. રોપ-વેના ૩૧ આધુનિક કેબિન પ્રતિ કલાક ૧,૦૦૦ મુસાફરોનું પરિવહન કરે છે, જેમાં ૦૯ મિનિટની આ આકર્ષક રાઈડ ભવ્ય ગિરનાર પર્વતોના મનોહર દશ્યો દર્શાવે છે.

ગિરનાર પર્વતો અનેક પવિત્ર મંદિરોનું નિવાસસ્થાન છે. જેમાં ગુરુ દત્તાત્રેય મંદિર, ગોરખનાથ મંદિર અને ઐતિહાસિક જૈન મંદિરોનો સમાવેશ થાય છે. રોપ-વે પાયાથી ૫,૦૦૦ પગથિયાં ઉપર સ્થિતમાં અંબાજી મંદિર સુધી યાત્રાળુઓને સરળતાથી પહોંચવાની સુવિધા આપે છે, જેનાથી મુશ્કેલ ચઢાણની દુવિધા દૂર થાય છે અને તે યાત્રાળુઓ અને પ્રવાસીઓ બંને માટે એક આદર્શ પસંદગી બન્યું છે. ચોમાસાની ઋતુમાં મુલાકાતીઓ ગિરનારના પર્વતો પર ફરવાનો વધારે આનંદ માણે છે, જ્યાં વાદળો પરિભ્રમણ કરે છે અને પ્રકૃતિનું મનોહર સૌંદર્ય જોવા મળે છે. આ સાથે જ નવરાત્રી, જન્માષ્ટમી અને શ્રાવણ માસમાં પણ ગિરનારમાં યાત્રાળુઓનો વધુ ધસારો જોવા મળે છે. સોમનાથ મંદિર અને ગીર સિંહ અભયારણ્યની નિકટતા તેને સંપૂર્ણ સાંસ્કૃતિક અને કુદરતી અનુભવ મેળવવા માંગતા પ્રવાસીઓ વચ્ચે આ સ્થળ વધારે લોકપ્રિય બન્યું છે.

વધુમાં ગિરનાર,પાવાગઢ અને અંબાજી રોપ-વે દરેકમાં વેઈટિંગ હોલ, ફૂડ કોર્ટ, ફેમિલી એન્ટરટેનમેન્ટ સેન્ટર, ફર્સ્ટ એઈડ સર્વિસ, વ્હીલચેર, લોકર, પીવાનું પાણી, શૌચાલય અને માતૃ સંભાળ કક્ષ જેવી વિવિધ અનેક સુવિધાઓ ઉપલબ્ધ છે. ગિરનાર રોપ-વે સવારે ૦૭ થી સાંજે ૦૫ કલાક સુધી,પાવાગઢ રોપ-વે સવારે ૦૬ થી સાંજે ૦૫:૪૫ કલાક સુધી જ્યારે અંબાજી રોપ-વે સવારે ૦૭ થી સાંજે ૦૬ કલાક સુધી યાત્રીઓ માટે ચાલુ રહે છે. યાત્રીઓને સાંસ્કૃતિક અનુભવ થાય તે માટે ડિસેમ્બરથી માર્ચ દરમિયાનનો સમય શ્રેષ્ઠ હોય છે. આ સમયગાળા દરમિયાન વિદ્યાર્થીઓને ટિકિટ્સ પર ડિસ્કાઉન્ટ પણ આપવામાં આવે છે. આ અંગે વધુ માહિતી માટે customercare@ushabreco.com પર ઈમેલ અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૦૨-૪૦૫૦ પર સંપર્ક કરી શકાશે.

# પ્રાકૃતિક ખેતીમાં પાકને સુરક્ષિત રાખી ઉત્પાદન અને ખેડૂતોની આવક વધારવામાં ઉપયોગી - રસાયણમુક્ત જંતુનાશક શસ્ત્રો

### પ્રાકૃતિક ખેતીમાં બધાજ પ્રકારની જીવાત અને ફૂગના નિયંત્રણ માટે સર્વોત્તમ ગણાતું જંતુનાશક શસ્ત્ર એટલે 'દશપર્ણી અર્ક'

। (માહિતી) પંચમહાલ, તા.૯ ।

ખેત ઉત્પાદન અને ખેડૂતની આવક વધારતી ખેતી એટલે કે પ્રાકૃતિક ખેતી. પ્રાકૃતિક ખેતી એટલે કે દેશી ગાય આધારિત ખેતી અપનાવીને ખેડૂતો ઓછા ખર્ચે વધુ આવક મેળવી શકે છે. તેમજ પ્રાકૃતિક ખેતી પર્યાવરણને પણ સંરક્ષિત રાખવામાં અગત્યનું યોગદાન આપે છે.

પ્રાકૃતિક ખેતીમાં પાકના રક્ષણ માટે રાસાયણ યુક્ત દવાઓનો ઉપયોગ કરવામાં આવતો નથી. પરંતુ કુદરતી રીતે તૈયાર કરવામાં આવતાં જંતુનાશક શસ્ત્રો જેવાં કે નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, દશપર્ણી અર્ક, ખાટી છાશ, સુંઠાસ્ત્રનો ઉપયોગ કરવામાં આવે છે જેનાથી પાકને પૂરતું રક્ષણ મળે છે તેમજ ખેત ઉત્પાદન અને ખેડૂતોની આવકમાં વધારો થાય છે. આવો! આજે આપણે ઉકત જણાવેલા રસાયણમુક્ત જંતુનાશક શસ્ત્રો પૈકિના 'દશપર્ણી અર્ક' બનાવવાની પ્રક્રિયા વિશે સમજીએ. દશપર્ણી અર્ક ને બધાજ પ્રકારની જીવાત અને ફુગના નિયંત્રણ માટે સર્વોત્તમ ગણવામાં આવે છે. દશપર્ણી અર્ક બનાવવા માટેની પ્રક્રિયા ત્રણ દિવસની હોય છે. જેમાં પ્રથમ દિવસે ૨૦ લીટર ગૌમૂત્ર તેમજ ૨ કિ.ગ્રા. તાજા છાણને ૨૦૦ લીટર પાણીમાં નાખી લાકડીથી હલાવીને બે કલાક છાંયડામાં કોથળાથી ઢાંકવુ, આ મિશ્રણમાં ૫૦૦ ગ્રામ હળદરનો પાઉડર અને ૫૦૦ ગ્રામ આદુની ચટણી તથા ૧૦ ગ્રામ હીંગનો પાઉડર નાખી આ મિશ્રણને હલાવીને આખી રાત કોથળાથી ઢાંકી દેવું જોઈએ. બીજા દિવસે ઉપરોક્ત મિશ્રણમાં સવારે ૧ થી ૨ કિલો તીખા મરચીની ચટણી, ૪૦૦ ગ્રામ દેશી લસણની ચટણી, ૧ કિગ્રા તમાકુનો પાવડર નાખી લાકડીથી હલાવીને મિશ્રણને કોથળાથી ઢાંકી દેવું જોઈએ.

ત્રીજા દિવસે ''અ'' શ્રેણીની કડવા લીમડાના પાન સાથેની ડાળીઓની ચટણી, કરંજ, સિતાફળ, ધતુરો, એરંડા અને બિલિપત્ર જેવી વનસ્પતિ પૈકી કોઈપણ પાંચ વનસ્પતિ તથા ''બ'' શ્રેણીની નગોડ, તુલસીની માંજર સાથેના પાન અને ડાળીઓ, ગલગોટના પંચાંગ, કારેલા, બાવળના પૈડીયા, આંકડા, આંબા, જાસુદ, જામફળ, પપૈયા, હળદર, આદુ, કરેણ, દેશી રામ બાવળ, બોરડી, કુવાડીયો, જાસુદ, સરગવો, અર્જુન સાદડ, ઘા બાજરીયુ (હાડવેલ) અને ગળોની વેલના પાંદડા જેવી વનસ્પતિ પૈકી કોઈપણ પાંચ વનસ્પતિ એમ કુલ દશ વનસ્પતિના પાંદડા, દરેક વનસ્પતિના ૨ કિગ્રા એટલે કે ૨૦ કિગ્રા પાનની ચટણી બનાવી તેને બીજા દિવસે બનાવેલ મિશ્રણમાં ડુબાડો અને ત્રીસથી ચાલીસ દિવસ વરસાદ અને સૂર્યના તાપથી દુર રાખી રોજ દિવસમાં ૫-૫ મીનીટ બરાબર હલાવવું. ૧૦૦ થી ૨૦૦ લીટર પાણીમાં ૬ થી ૮ લીટર દશપર્ણી અર્ક નાંખી તેને હલાવી સ્થિર થાય ત્યારે કપડાથી ગાળીને ૦૧ એકરમાં તેનો છંટકાવ કરવો જોઈએ. આ દશપર્ણી અર્ક ૬ મહિના સુધી ઉપયોગમાં લઈ શકાય છે.

આમ, પ્રાકૃતિક ખેતીમાં જીવામૃત, બીજામૃત આચ્છાદન જેવા આયામોની સાથે નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, દશપર્ણી અર્ક, ખાટી છાશ, સુંઠાસ્ત્ર જેવા જંતુનાશક શસ્ત્રોનો ઉપયોગ કરવાથી જમીનની ભેજ સંગ્રહ ક્ષમતા, ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતા વધારી શકાય છે અને આ જંતુનાશક શસ્ત્રોના ઉપયોગ દ્વારા પ્રાકૃતિક ખેતી કરીને પર્યાવરણ તથા માનવીય સ્વાસ્થ્યનું રક્ષણ, પોષણ અને સંવર્ધન કરી શકાય છે.

# આયુષ્માન ભારત આરોગ્ય ખાતાઓ પર અપડેટ

। નવી દિલ્હી, તા.૯ ।

ભારત સરકારે રાષ્ટ્રીય ડિજિટલ આરોગ્ય ઈકોસિસ્ટમ બનાવવાના વિઝન સાથે આયુષ્માન ભારત ડિજિટલ મિશન (ABDM) શરૂ કર્યું છે. જેમાં નાગરિકોની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે, આયુષ્માન ભારત આરોગ્ય ખાતા (ABHA) નંબરો બનાવવામાં આવ્યા છે. જે ૧૪-અંકના Unique Health Identifier (જે અગાઉ આરોગ્ય ID તરીકે ઓળખાતા હતા) છે. ૦૩.૦૨.૨૦૨૫ સુધીમાં, ૭૩૯૦૯૩૦૯૫ ABHA ID બનાવવામાં આવ્યા છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે દેશભરમાં પાત્ર લાભાર્થીઓમાં યોજના વિશે જાગૃતિ લાવવા માટે વિવિધ પગલાં લીધા છે. યોજના હેઠળ લાભાર્થીઓને તેમના હક અને અધિકારો વિશે જાગૃતિ ફેલાવવા અને સશક્ત બનાવવા માટે એક વ્યાપક મીડિયા અને આઉટરીચ વ્યૂહરચનાનું પાલન કરવામાં આવ્યું છે. યોજના વિશે માહિતી પ્રસારિત કરવા માટે IEC (માહિતી, શિક્ષણ અને સંદેશાવ્યવહાર) પ્રવૃત્તિઓમાં આઉટડોર મીડિયા, વિવિધ રેલ્વે સ્ટેશનો પર ટિકિટ કાઉન્ટર પર ડિજિટલ ડિસ્પ્લે, મુખ્ય બસ સ્ટેશનો, પેસેન્જર ટ્રેન પર જાહેરાતો, બ્રાન્ડિંગ, રાષ્ટ્રીય અને પ્રાદેશિક પ્રેસ કવરેજ, પ્રિન્ટ મીડિયામાં ઓપ-એડ અને જાહેરાત, રેડિયો ઝુંબેશ, દૂરદર્શન દ્વારા લાભાર્થી પ્રશંસાપત્રોનું પ્રસારણ, SMS દ્વારા સામૂહિક સંદેશાવ્યવહાર, પરંપરાગત મીડિયા વગેરેનો સમાવેશ થાય છે. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી શ્રી પ્રતાપ રાવ જાધવે આજે લોકસભામાં એક લેખિત જવાબમાં આ માહિતી આપી હતી.

# ગંભીર અકસ્માત કે જન્મજાત ખોડખાપણ યુક્ત અંગોને પ્લાસ્ટિક સર્જરી દ્વારા રિકંસ્ટ્રક્શન કરી પુનઃ કાર્યરત કરતી રાજકોટ સિવિલ

। ગાંધીનગર, તા.૯ ।

અકસ્માતના ગંભીર બનાવ, દાઝી જવાના કિસ્સા, સ્નેક બાઈટ, કે અન્ય ઈજા થકી ઘાયલ દર્દીઓના અંગોને મોટું નુકસાન થતું હોઈ છે. આ સમયે દર્દીને તાત્કાલિક સારવાર ઉપરાંત તેઓની રિકંસ્ટ્રક્શન સહિતની સર્જરી હાથ ધરી તેમને મોટી નુકસાનીથી બચાવી શકાય છે. ઈજા પામેલા અંગોને પુનઃ કાર્યરત કરવા શરીરના અન્ય જગ્યાએથી જરૂરી નસ, ધામની સીરા, સ્કિન અને હાડકાનો ઉપયોગ કરી સર્જરી દ્વારા નુકસાન થયેલ અંગ કાર્યરત કરવાની રિકંસ્ટ્રક્શનની જટિલ પ્રક્રિયા રાજકોટ સિવિલનો પ્લાસ્ટિક સર્જરી વિભાગ કરી રહ્યો છે. આ સર્જરી જો કોઈ ખાનગી હોસ્પિટલમાં કરવામાં આવે તો પુષ્કળ નાણાં ખર્ચવા પડે પરંતુ સિવિલ હોસ્પિટલમાં નિઃશુલ્ક ઓપરેશન થકી અનેક દર્દીઓને જાણે નવું જીવન મળ્યું છે. રાજકોટ માટે ગૌરવ સમાન સિવિલમાં કાર્યરત પ્લાસ્ટિક સર્જરી વિભાગ દ્વારા ગંભીર કિસ્સામાં ગત વર્ષે લગભગ ૬૮ જેટલા અબાલ-વૃદ્ધની રિકંસ્ટ્રક્શન સર્જરી કરી તેઓને સામાજિક ગૌરવ અપાવી અને ડિપેન્ડન્સીમાથી ઉગારવાની ઉમદા સેવા કરવામાં આવી છે. આ સાથે વર્ષ ૨૦૨૪ દરમ્યાન ટ્રોમા, એક્સિડન્ટલ, કેન્સર, ખોડખાપણ દૂર કરવાના ૬,૭૭૯ દર્દીઓની નાની-મોટી સર્જરી હાથ ધરાઈ હતી.

# દાહોદ જીલ્લા કક્ષા કલા મહાકુંભ ૨૦૨૪-૨૫ની સ્પર્ધા મા દેવગઢ બારીઆ જયદીપસિંહ હાઇસ્કુલની વિદ્યાર્થીની પ્રથમ આવી

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૯ ।

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ જિલ્લા કક્ષાએ દેલસર મુકામે ૬/૨/૨૦૨૫ના રોજ કલા મહાકુંભ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેવગઢ બારીઆ જયદીપસિંહ હાઈસ્કુલમાં ધોરણ ૧૧માં અભ્યાસ કુમારી અંજલીબેન અર્જુનભાઈ નાઘોરા એ દેલસર ખાતે આયોજિત કલા મહાકુંભમાં ભાગ લીધેલો જેમાં આ અંજલી બેન અર્જુનભાઈ નાંઘોરા દાહોદ જીલ્લામાં પ્રથમ ક્રમાંકે આવી દેવગઢબારિયા નગર તથા જયદીપ હાઈસ્કુલનું ગૌરવ વધાર્યું હતું વિદ્યાર્થીની કુ. અંજલીબેન અર્જુનભાઈ નાઘોરા અભ્યાસ સાથે સાથે સંગીત અને ભજન ગાવા પ્રત્યે પણ રુચિ ધરાવે છે. સંગીત પ્રત્યે રુચિ વધારવામાં તેઓને તેમના પરિવાર તરફથી નાનપણથી જ સંસ્કાર મળેલ છે. જેના કારણે ગત ૦૬/૦૨/૨૦૨૫ નારોજ દાહોદ જિલ્લા કક્ષાનો સંગીત મહાકુંભ યોજાયો હતો. તેમાં જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી પોતાના પરિવાર તેમજ દેવગઢબારિયાનું નામ રોશન કરવા બદલ જયદીપસિંહજી હાઈસ્કુલનાં કર્મચારી ગણ તથા પ્રિન્સિપાલ તરફથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી અને પ્રથમ આવનાર વિદ્યાર્થિની જીવનમાં સંગીત ક્ષેત્રે ખુબ આગળ વધે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ઉચ્ચ કેલેરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે? તમે તમારી સમસ્યાઓ ભૂલી જશો તથા પરિવારના સભ્યો સાથે સારો સમય વિતાવશો. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે. પૈસા ની બાબત માં તમારે પરિવાર ના બધા સભ્યો ને સ્પષ્ટ રહેવા ની સલાહ આપવી જોઈએ.

**મિથુન (ક,છ,ઘ) :**

ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. ઑફિસના કામમાં તમારી વધારે પડતી વ્યસ્તતાને કારણે તમારા જીવનસાથી સાથેના સંબંધો વણસી શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજે તમે મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ વધુ પડતા ભોજન અને હાર્ડ ડ્રિંક અંગે સાવચેત રહેજો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. નવો પ્રણય સંબંધ બંધાવવાની પ્રબળ શક્યતા છે, પણ અંગત તથા ગોપનીય હોય એવી માહિતી છતી ન કરતા.

**સિંહ (મ,ટ) :**

આજે ખાસ દિવસ છે કેમ કે સારૂં સ્વાસ્થ્ય તમને કશુંક અસાધારણ કરવાની ક્ષમતા આપશે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. ફૅશન તમારા જીવનમાં ભવ્ય લય છે અને સમર્પણનું મૂલ્ય તથા દિલમાં પ્રેમ અને કૃતજ્ઞતાપૂર્વક સીધા ચાલવાની કળા શીખો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારામાંના કેટલાકને કોઈક મુદ્દા પર મહત્વના નિર્ણયો લેવાની ફરજ પડશે, જે તમને તાણગ્રસ્ત અને ઉદ્દીગ્ન કરી મુકશે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે-તમને પાળવામાં મુશ્કેલી પડે તેવા વચનો આપતા નહીં.

**તુલા (ર,ત) :**

આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશે પણ તેની સાથેજ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જયારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો? આજે ઘરના કેટલાક સંવેદનશીલ મુદ્દા ઉકેલવા તમારે તમારૂં બુદ્ધિચાર્તુય તથા ધાક અજમાવવાની જરૂર પડશે.

**વૃશ્ચિક (ન,ય) :**

રોજિંદા જીવનમાં સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે, જેને કારણે ઘરમાં બેચેનીનું વાતાવરણ જામશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ? મિત્રો તમને સહકાર આપનારા જણાશે-પણ તમે જે બોલો છો તે અંગે તકેદારી રાખજો. પ્રિયપાત્ર વિના સમય પસાર કરવામાં મુશ્કેલીસર્જાશે.

**મકર (ખ,જ) :**

આજે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે.તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે. ઘરમાં કોઈક વિધી કરાવશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે વધુ પડતી ચિંતા તથા તાણ તમારા સ્વાસ્થ્યને બરબાદ કરી શકે છે.માનસિક સ્પષ્ટતા જાળવવા માટે તમારે મૂંઝવણ તથા હતાશા ટાળવી જોઈએ. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો.

## ન્યુઝ બોક્ષ

### આપ થોડા સમય માટે લોકોને બેવકૂફ બનાવી શકે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૦૯ ।

દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ના પરિણામો જાહેર થઈ રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીની સ્પષ્ટ બહુમતિ સાથે કેન્દ્ર શાસિત પ્રદેશમાં સરકાર બનાવતી જોવા મળી રહી છે. તેના પર પાર્ટીના પૂર્વ રાષ્ટ્રીય પ્રવક્તા નૂપુર શર્માની પ્રતિક્રિયા પણ સામે આવી છે. પેગમ્બર મોહમ્મદ પર વાંધાજનક ટિપ્પણી કરવા બદલ શર્માને ભાજપે પાર્ટીમાંથી તગેડી મૂક્યા હતા. મતદાન કર્યા પછી શર્માએ પોતાની શાહીવાળી આંગળીનો ફોટો શેર કર્યો. આ સાથે સોશિયલ મીડિયા X પર શનિવારે કરેલી પોસ્ટમાં લખ્યું છે કે, આપ થોડા સમય માટે લોકોને બેવકૂફ બનાવી શકે છે અને કેટલાક લોકોને દરેક સમયે બનાવી શકે છે, પરંતુ તમને બધાને દરેક સમયે મુર્ખ ન બનાવી શકે. ECI એટલે કે, ભારતીય ચૂંટણી પંચના તાજેતરના આંકડા પ્રમાણે ભારતીય જનતા પાર્ટીએ અત્યાર સુધીમાં ૩૯ બેઠકો પર જીત મેળવી ચૂકી છે. અને હજુ કેટલીક બેઠકો પર ભાજપ આગળ ચાલી રહ્યું છે. તો આ બાજુ આમ આદમી પાર્ટી ૧૭ બેઠકો પર જીત મેળવી ચૂકી છે. અને કેટલીક બેઠકો પર આગળ ચાલી રહ્યું છે. પરંતુ તેમા ખાસ વાત એ છે કે, આ ચૂંટણીમાં કોંગ્રેસ પોતાનું ખાતુ ન ખોલાવી શકી. ભારતીય ચૂંટણી પંચના તાજેતરના આંકડા પ્રમાણે કુલ ૫૬ બેઠકો પરના પરિણામ આવી ગયા છે.

### જે લોકોએ મારું ચરિત્ર હનન કર્યું તે ખુદ હાર્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

આમ આદમી પાર્ટીની રાજ્યસભા સાંસદ સ્વાતિ માલિવાલે દિલ્હી ચૂંટણીના પરિણામો અંગે પ્રતિક્રિયા આપતાં પક્ષના અધ્યક્ષ કેજરીવાલ પર આકરા પ્રહારો કર્યા છે. તેમજ કેજરીવાલ ગુસ્સામાં આક્રમક બની જતાં હોવાનો આક્ષેપ પણ કર્યો છે. સ્વાતિ માલિવાલે કહ્યું કે, ઘમંડ અને અહંકાર ચકનાચૂર જ થાય છે. જે લોકોએ મારૂ ચારિત્ર્યનું હનન કર્યું. અપશબ્દો કહ્યાં. કેજરીવાલે મને માર ખવડાવ્યો. આજે તેમની જ બેઠક બચી નથી. અહંકાર તો રાજા રાવણનો પણ રહ્યો નથી.. કેજરીવાલને ગુસ્સો બહુ આવે છે. તેઓ ગુસ્સામાં ચીજો તોડવા લાગે છે. પરંતુ હું તેમને સલાહ આપીશ કે, તેઓ આ બધુ છોડી મનોમંથન કરે. સ્વાતિ માલિવાલે પક્ષ છોડવાની વાત પર જવાબ આપ્યો છે કે, તેને AAP છોડવાની કોઈ જરૂર નથી. કારણકે, તેણે આ પક્ષને પોતાના ૧૮ વર્ષ આપ્યા છે. મેં આ પક્ષ માટે ઘણું બધુ કર્યું છે. અમુક લોકો મને હાંકી કાઢવા માગે છે. પરંતુ હું પક્ષ નહીં છોડું. ઉલ્લેખનીય છે, સ્વાતિ માલિવાલે અરવિંદ કેજરીવાલના અંગરક્ષક બિભવ કુમારે અપશબ્દો બોલ્યા તેમજ માર માર્યો હોવાની ફરિયાદ કરી હતી. ત્યારબાદથી સ્વાતિ માલિવાલ સતત આમ આદમી પાર્ટીની વિરૂદ્ધમાં નિવેદનો આપી રહ્યા છે. જો કે, પક્ષ સાથે જોડાયેલા છે. સ્વાતિ માલિવાલે કેજરીવાલને પોતાની હારનું મંથન કરવા સલાહ આપી છે. તેમજ ક્યાં ચૂક રહી ગઈ તેના પર વિચાર કરી તેમાં સુધારો કરવા કામ કરવુ જોઈએ.

### કેજરીવાલ હારતાં જ સચિવાલય સિલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।


દિલ્હી ચૂંટણીમાં કેજરીવાલના પરાજય બાદ ઉપરાજ્યપાલ ઓફિસ દ્વારા એક મોટું એક્શ લેવાયું હતું. સામાન્ય વહિવટ વિભાગ દ્વારા સચિવાલય સિલ કરી દેવાનો આદેશ અપાયો હતો તથા અધિકારીઓને તાબડતોબ ત્યાં પહોંચવાનો આદેશ અપાયો હતો. દિલ્હી સરકારના સામાન્ય વહિવટીય વિભાગ દ્વારા જારી આદેશમાં આવું કહેવામાં આવ્યું હતું. નોટીસમાં એવું કહેવામાં આવ્યું કે સુરક્ષાને કારણે તથા સરકારી રેકોર્ડ્સને સુરક્ષિત રાખવા માટે આવો નિર્ણય કર્યો હતો. સાથે તમામ અધિકારીઓને તાબડતોબ સચિવાલય પહોંચીને સરકારી રેકોર્ડ્સ, કમ્પ્યુટર સહિતના બીજા ઉપકરણોને પોતાના કબજામાં લઈ લેવાનું જણાવાયું હતું. દિલ્હી વિધાનસભા ચૂંટણી પરિણામોમાં ભાજપને ૪૮ બેઠકો મળી છે. બહુમતીનો આંકડો ૩૬ છે. ભાજપ હવે પોતાના દમ પર સરકાર રચશે. સૂત્રોએ એવું જણાવ્યું કે હવે આમ આદમી પાર્ટીના કથિત ભ્રષ્ટાચારની ફાઈલો ખુલશે અને કેજરીવાલની મુસીબતમાં વધારો થઈ શકે છે. સાથે તમામ અધિકારીઓને તાબડતોબ સચિવાલય પહોંચીને સરકારી રેકોર્ડ્સ, કમ્પ્યુટર સહિતના બીજા ઉપ કરણોને પોતાના કબજામાં લઈ લેવાનું જણાવાયું હતું. દિલ્હી વિધાનસભા ચૂંટણી પરિણામોમાં ભાજપને ૪૮ બેઠકો મળી છે. બહુમતીનો આંકડો ૩૬ છે. ભાજપ હવે પ ોતાના દમ પર સરકાર રચશે. સૂત્રોએ એવું જણાવ્યું કે હવે આમ આદમી પાર્ટીના કથિત ભ્રષ્ટાચારની ફાઈલો ખુલશે અને કેજરીવાલની મુસીબતમાં વધારો થઈ શકે છે.

### યુનિયન મિનિસ્ટર ઓફ ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી અશ્વિની વૈષ્ણવે OpenAIના સીઇઓ સેમ ઓલ્ટમેન સાથે મુલાકાત કરી

# ચંદ્રયાન-3ની જેમ IndiaAIને પણ કોસ્ટ-ઇફેક્ટિવ બનાવશે ભારત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૦૯ ।

યુનિયન મિનિસ્ટર ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અશ્વિની વૈષ્ણવે હાલમાં જ OpenAIના સીઈઓ સેમ ઓલ્ટમેન સાથે મુલાકાત કરી હતી. એ દરમ્યાન તેમણે IndiaAI વિશે વાતચીત કરી હતી. અશ્વિની વૈષ્ણવે AI ઈકોસિસ્ટમને ખૂબ જ ઓછા ખર્ચે બનાવવાની વાત કરી હતી અને સેમ ઓલ્ટમેન દ્વારા પણ બનતી તમામ સર્વિસ પૂરી પાડવાની વાત કરી હતી. ભારતનું લક્ષ્ય ઈનોવેશન દ્વારા દેશનો વિકાસ કરવાનું છે. આથી IndiaAI દ્વારા હેલ્થકેર, એજ્યુકેશન, એગ્રિકલ્ચર, હવામાન, ડિસાસ્ટર મેનેજમેન્ટ અને ટ્રાન્સપોર્ટેશન જેવા દરેક ક્ષેત્રનો વિકાસ કરવા પર ફોકસ કરી રહ્યું છે. આ સાથે જ સ્ટાર્ટઅપ અને કંપનીઓ દ્વારા પણ એનો ઉપયોગ કરવામાં આવે અને વધુ એડ્વાન્સ બને એવી આશા રાખવામાં આવી રહી છે. ભારત દરેક વસ્તુ કોસ્ટ-ઈફેક્ટિવ બનાવવામાં માને છે. ભારતે જ્યારે ચંદ્રયાન-૩ મિશનને કોસ્ટ-ઈફેક્ટિવ બનાવ્યું હતું ત્યારે દુનિયાભરના દેશો અચંબામાં પડી ગયા હતા. અન્ય દેશોની સરખામણીમાં આ મિશનનો ખર્ચ ખૂબ જ ઓછો હતો. એનું ઉદાહરણ આપી અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે 'આપણે કેમ એની જેમ AI મોડલને ઓછા ખર્ચે નહીં બનાવી શકીએ?' અશ્વિની વૈષ્ણવે આ સવાલ બાદ તેમણે જ પ ોતે કહ્યું હતું કે ભારત એમાં પણ આ સિદ્ધિ મેળવીને રહેશે. સેમ ઓલ્ટમેન દ્વારા પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીના વિઝનની ખૂબ જ પ્રશંસા કરવામાં આવી હતી. સેમ ઓલ્ટમેન



દ્વારા કહેવામાં આવ્યું છે અશ્વિની વૈષ્ણવે આ સવાલ બાદ તેમણે જ પોતે કહ્યું હતું કે ભારત એમાં પણ આ સિદ્ધિ મેળવીને રહેશે. સેમ ઓલ્ટમેન દ્વારા પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીના વિઝનની ખૂબ જ પ્રશંસા કરવામાં આવી હતી. સેમ ઓલ્ટમેન દ્વારા કહેવામાં આવ્યું છ કે તે ઈન્ડિયાને GPU, AI મોડલ અને એપ્લિકેશન્સ માટે તેનાથી બનતી તમામ મદદ કરશે. સેમ ઓલ્ટમેન દ્વારા એ વાત પર પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે ભારત ખૂબ જ ઝડપથી AIને અપનાવી રહ્યું છે અને એને કારણે AIનું રિવોલ્યુશન પણ ખૂબ જ જલદી જોવા મળશે. ચીનના AI મોડલ ડીપસીકની ખૂબ જ ચર્ચા છે. આ મોડલને ખૂબ જ સસ્તામાં બનાવવામાં આવ્યું હતું. આથી ભારત પણ ખૂબ જ ઓછા ખર્ચે પાવરફુલ AI મોડલ બનાવવા પર ફોકસ કરી રહ્યું છે.

ભારત પણ ઓપન-સોર્સ મોડલ બનાવશે અને એની સીધી ટક્કર ડીપસીક સાથે થશે એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. આ મોડલ આગામી દસ મહિનામાં તૈયાર થઈ જશે. IndiaAI માર્કેટમાં આવતાની સાથે જ લોકોને નોકરીનો જોખમ લાગી રહ્યો છે. જોકે અશ્વિની વૈષ્ણવ દ્વારા લોકોને વિશ્વાસ અપાવવાની કોશિશ કરવામાં આવી છે કે એવું કંઈ નહીં થાય. IndiaAI વિકાસ માટે બનાવવામાં આવી રહ્યું છે નહીં કે લોકોની નોકરી પર જોખમ લાવવા માટે.

### કેજરીવાલ-સિસોદિયાની હાર પર કુમાર વિશ્વાસે કહ્યું

# તેમણે જાહેર નાણાં પોતાના અંગત સુખ અને સાધન માટે ખર્ચ્યા છે

### કેજરીવાલની હાર પર દિલ્હીના લોકોને અભિનંદન આપ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૦૯ ।

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટી (AAP) ને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. AAP ના બંને મોટા નેતાઓ, અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા ચૂંટણી હારી ગયા છે. પહેલી વાર, કવિ અને પૂર્વ AAP નેતા કુમાર વિશ્વાસે પોતાની હાર પર પહેલી પ્રતિક્રિયા આપી છે. તેમણે કેજરીવાલની હાર પર દિલ્હીના લોકોને અભિનંદન આપ્યા છે.

કેજરીવાલની હાર પર પ્રતિક્રિયા આપતા કુમાર વિશ્વાસે કહ્યું કે, 'હું દિલ્હીના નાગરિકોને સુશાસન માટે અભિનંદન આપું છું. હવે ભારતીય જનતા પાર્ટીએ પોતાના નેતૃત્વમાં સરકાર બનાવવી જોઈએ અને છેલ્લા ૧૦ વર્ષમાં દિલ્હીને જે સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે તે દૂર કરવી જોઈએ.' તેમણે આગળ કહ્યું કે, 'હું આમ આદમી પાર્ટીના તમામ કાર્યકરોને કહું છું કે તમે બધા, લોભમાં, બધું જાણીને, એક એવા વ્યક્તિના સમર્થનમાં કામ કર્યું, જેણે પોતાના મિત્રોની પીઠમાં છરા ભોંક્યા અને લોકો સાથે દગો કર્યો છે. તેણે તેની સાથે ખભે ખભા મિલાવીને લડતી સ્ત્રીઓને માર માર્યો છે.'

તેમણે વધુમાં કહ્યું છે કે, હું અત્યાર જ નથી કહી રહ્યો, હું છેલ્લા ૭ વર્ષથી રાજનીતીમાં નથી. પરંતુ દેશના માસૂમ સવાલોના હત્યારાઓને નાનકડો દંડ મળ્યો છે. પ્રકૃતિ અને નિયતિનો દંડ તેની રાહ જોવામાં હોય છે. તેમણે વધુમાં કહ્યું છે કે, હું અત્યાર જ નથી કહી રહ્યો, હું છેલ્લા ૭ વર્ષથી રાજનીતીમાં નથી. પરંતુ દેશના માસૂમ સવાલોના હત્યારાઓને નાનકડો દંડ મળ્યો છે. પ્રકૃતિ અને નિયતિનો દંડ તેની રાહ જોવામાં હોય છે. કુમાર વિશ્વાસે આગળ કહ્યું કે, 'તેમણે જાહેર નાણાં પોતાના અંગત સુખ અને સાધન માટે ખર્ચ્યા છે. હવે તેની પાસેથી કંઈપણ અપેક્ષા રાખવાનું બંધ કરો. હવે બહાર જાઓ અને તમારા પોતાના જીવન પર નજર નાખો. મને રાઘવેન્દ્ર સરકાર રામનો આશીર્વાદ મળ્યો, જેમનું આ ઘર છે, જેમની કૃપાથી હું અહીં ઉભો છું, કૃષ્ણનો આશીર્વાદ મળ્યો કે હું આ બેશરમ સર્કસમાંથી બહાર આવી શક્યો. હું તે બધાના સારા ભવિષ્યની શુભેચ્છા પાઠવું છું અને આશા રાખું છું કે તેઓ કોઈ ગંદકી ન ફેલાવે. ગમે ત્યાં, પાછા જાઓ.

# શિખર ધવનની ટીમે ભુક્કા બોલાવી નાખ્યા, ૧૫ ઓવરમાં ૧૯૫ રન

### ૨૬ ચોગ્ગા અને ૭ છગ્ગા, બનાવી દીધો મોટો રેકોર્ડ, લીજેન્ડ ૯૦ લીગમાં શનિવારે રેકોર્ડ તોડ બેટિંગ જોવા મળી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૦૯ ।

લીજેન્ડ ૯૦ લીગમાં શનિવારે રેકોર્ડ તોડ બેટિંગ જોવા મળી. શિખર ધવનની ટીમ દિલ્હી રોયલ્સે માત્ર ૧૫ ઓવરમાં ૧૯૫ રન ફટકારી લીગનો સૌથી મોટો સ્કોર બનાવી દીધો હતો. દિલ્હી રોયલ્સે આ રેકોર્ડતોડ પ્રદર્શનમાં સિમંસની મોટી ભૂમિકા રહી. તેણે માત્ર ૩૯ રનમાં ૮૭ રનની ઈનિંગ રમી. તેના આ પ્રદર્શનના આધારે જ દિલ્હી રોયલ્સે રાજસ્થાન કિંગ્સને સરળતાથી હરાવી દીધું. લીજેન્ડ ૯૦ લીગમાં દિલ્હી રોયલ્સ અને રાજસ્થાન કિંગ્સની મેચ રાયપુરના શહીદ વીર નારાયણ સિંહ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાઈ હતી. દિલ્હીએ પહેલા બેટિંગ કરતા લીગનો અત્યાર સુધીનો સૌથી મોટો સ્કોર બનાવ્યો હતો. તેણે ૧૫ ઓવરમાં ૧૯૫ રન ઠોકી રાજસ્થાનને મુશ્કેલ ટાર્ગેટ આપ્યો હતો. રાજસ્થાનની ટીમ તેના જવાબમાં ૪ વિકેટ ગુમાવીને ૧૫૪ રન જ બનાવી શકી હતી. આમ તેને ૪૧ રનથી હારનો સામનો કરવો પડ્યો.

રાજસ્થાન કિંગ્સે આ મેચમાં ટોસ જીતીને પહેલા બોલિંગનો નિર્ણય કર્યો હતો, જે ખોટો સાબિત થયો હતો. દિલ્હીના કેરેબિયન ઓપનર લેન્ડલ સિમંસે તોફાની ઈનિંગ રમી હતી. તેણે ૩૯ બોલમાં ૧૨ ચોગ્ગા અને ૪ છગ્ગા ફટકારી રાજસ્થાન કિંગ્સના બોલર્સને ધોઈ નાખ્યા હતા. કેપ્ટન શિખર ધવન પણ લય પકડતો જોવા મળ્યો. જો તે પોતાની ઈનિંગ લંબાવી શક્યો નહીં. તેણે આઉટ થતા પહેલા ૫ ચોગ્ગાની મદદથી ૨૬ રન બનાવ્યાં અને લેન્ડલ સિમંસ સાથે મળીને ટીમને મજબૂત શરૂઆત અપાવી. ઈનિંગની છેલ્લી ઓવરોમાં એન્જેલો પરેરાએ ૨૪ બોલમાં ૫૪ રન બનાવ્યાં.

ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલા રાજસ્થાન કિંગ્સના ઓપનર ફિલ મસ્ટર્ડને પરવિંદર અવાનાએ પહેલી જ ઓવરમાં ચાલતો કર્યો હતો. ત્યાર બાદ ગૌરવ તોમર (૩૪), રાજેશ બિશ્નોઈ (૩૧), રજત સિંહ (૪૮) અને મનપ્રીત ગોનીએ (૨૭) પ્રયત્નો કર્યા, પરંતુ તે કાફી નહોતા અને ટીમ ૪૧ રનથી પાછળ રહી ગઈ. શાનદાર બેટિંગ માટે લેન્ડલ સિમંસને પ્લેયર ઓફ ધ મેચના પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યો હતો.



રાંચીના કાંકે બ્લોકમાં છેલ્લા ૨૦ દિવસમાં ૧૫૦ ગિની પક્ષીઓના મૃત્યુ પછી 'બર્ડ ફ્લૂ' સામે સાવચેતીના પગલા તરીકે પશુ ચિકિત્સકોએ બિરસા એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી (BAU) ની વેટરનરી કોલેજ સ્થિત મરઘાંના પરિસરને સેનિટાઇઝ કર્યું.

### અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટની જેમ દિલ્હીમાં પણ બનશે યમુના રિવરફ્રન્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯।

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં નવી દિલ્હી સીટ ૫ ૨થી ભાજપના પ્રવેશ વર્માએ દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી કેજરીવાલને કરારી ધોબીપછાડ આપી છે. પ્રવેશ વર્માએ આ સીટ પર ભવ્ય જીત મેળવતા ભગવો લહેરાવી દીધો છે. પ્રવેશ વર્મા અવારનવાર તેમના નિવેદનોને કારણે ચર્ચામાં રહે છે. ત્યારે આજે પણ ભાજપની જીત પર તેમણે એક મોટુ નિવેદન આપ્યુ છે. પ્રવેશ વર્માએ દિલ્હીમાં ભાજપની જીત પર જણાવ્યુ છે કે દિલ્હીમાં પણ યમુના રિવરફ્રન્ટ બનશે. ગુજરાત મોડલ દિલ્હીમાં લાગુ કરાશે. અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ જેવો દિલ્હીમાં પણ યમુના રિવરફ્રન્ટ બનાવવામાં આવશે. વર્ષ ૨૦૧૩માં પ્રવેશ વર્માએ મહરૌલી વિધાનસભા સીટથી દિલ્હી વિધાનસભાની ચૂંટણી લડી હતી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા યોગાનંદ શાસ્ત્રીને પરાજિત કર્યા હતા. ત્યારબાદ ૨૦૧૪માં લોકસભા ચૂંટણીમાં પશ્ચિમી દિલ્હી લોકસભા સીટથી ચૂંટણી જીતી સંસદ સભ્ય બન્યા. વર્ષ ૨૦૧૯માં લોકસભા ચૂંટણીમાં તેમણે કોંગ્રેસના મહાબલ મિશ્રાને ૫,૭૮,૪૮૯ મતોથી હરાવ્યા.

### સુપ્રીમ કોર્ટે પોલીસને ફટકાર લગાવી

# કારણ વગર ધરપકડ ગેરકાયદેસર છે, બંધારણનું ઉલ્લંઘન છે

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૯ ।

સુપ્રીમ કોર્ટે શુક્રવારે એક ઐતિહાસિક ચુકાદામાં કહ્યું હતું કે બંધારણની કલમ ૨૨(૧) હેઠળ ધરપ કડ કરાયેલ વ્યક્તિને તેની ધરપકડના કારણો વિશે જાણ કરવી એ માત્ર ઔપ ચારિકતા નથી, પરંતુ એક આવશ્યક બંધારણીય જરૂરિયાત છે. જો આ જોગવાઈનું પાલન કરવામાં નહીં આવે તો ધરપકડ ગેરકાયદેસર ગણવામાં આવશે. જસ્ટિસ એ.એસ.ઓકા અને જસ્ટિસ એન.કે.સિંઘની બેંચે કલમ ૨૨(૧)નું પાલન ન કરવાને કારણે હરિયાણા પોલીસ દ્વારા કરાયેલી ધરપ કડને ગેરકાયદેસર જાહેર કરી અને આરોપીને તાત્કાલિક મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. ખંડપીઠે કહ્યું કે કલમ ૨૨ને મૂળભૂત અધિકારો હેઠળ બંધારણના ભાગ ૩માં સામેલ કરવામાં આવી છે. આમ, ધરપકડ કરાયેલા અને અટકાયત કરાયેલા દરેક વ્યક્તિનો એ મૂળભૂત અધિકાર છે કે ધરપકડના કારણો વિશે શક્ય તેટલી વહેલી તકે જાણ કરવી. જો ધરપકડ પછી ધરપકડના કારણોની જાણ શક્ય તેટલી વહેલી તકે કરવામાં નહીં આવે, તો તે કલમ ૨૨(૧) હેઠળ ધરપકડથી બચવાના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન હશે. ખંડપીઠે કહ્યું, બંધારણના ભાગ III હેઠળના મૂળભૂત અધિકારો હેઠળ કલમ ૨૨નો સમાવેશ કરવામાં આવ્યો છે. તેથી, ધરપકડના કારણો વિશે શક્ય તેટલી વહેલી તકે જાણ કરવી એ દરેક ધરપકડ કરાયેલ વ્યક્તિનો મૂળભૂત અધિકાર છે. જો આમ કરવામાં નહીં આવે, તો તે કલમ ૨૨(૧) હેઠળ આપેલા મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન હશે અને ધરપકડ ગેરકાયદેસર બની જશે.

જસ્ટિસ એન.કે.સિંહે કહ્યું કે ધરપ કડના કારણોની જાણ માત્ર ધરપકડ કરાયેલ વ્યક્તિને જ નહીં પરંતુ તેના મિત્રો, સંબંધીઓ અથવા તેના દ્વારા નામાંકિત અન્ય વ્યક્તિઓને પણ કરવી જોઈએ, જેથી તેઓ કાયદાકીય પ્રક્રિયા દ્વારા ધરપકડને પડકારી શકે અને તેની મુક્તિ સુનિશ્ચિત કરી શકે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે પંકજ બંસલ દ્જ યુનિયન ઓફ ઈન્ડિયાના કેસમાં તેણે સૂચન કર્યું હતું કે ધરપકડના આધારો સાથે વાતચીત કરવાનો યોગ્ય અને આદર્શ માર્ગ લેખિતમાં ધરપકડનું કારણ પ્રદાન કરવું છે. જ્યારે તેણે કહ્યું કે ધરપકડના કારણોને લેખિતમાં જાણ કરવાની કોઈ આવશ્યકતા નથી, જો લેખિત પદ્ધતિનું પાલન કરવામાં આવે તો અનુપાલન અંગેનો વિવાદ જરા પણ ઊભો થશે નહીં. જસ્ટિસ ઓકાએ કહ્યું, અમેરિકાનું કારણ લેખિતમાં આપવાની જરૂર ન હોવા છતાં, લેખિતમાં આપ વાથી વિવાદનો અંત આવશે. પોલીસે હંમેશા કલમ ૨૨ની જરૂરિયાતોનું કડકપણે પાલન કરવું જોઈએ. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે જો કલમ ૨૨(૧)નું પાલન ન કરવાને કારણે ધરપકડ ગેરકાયદેસર છે, તો મેજિસ્ટ્રેટે ધરપ કડની કાયદેસરતાની તપાસ કરવી જોઈએ. મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવું એ અદાલતોની ફરજ છે.

### સચિન તેંડુલકરનો વધુ એક રેકોર્ડ તૂટવાની અણીએ

# કોહલીએ વનડે ક્રિકેટમાં ૧૪ હજાર રન પૂરા કરવાથી માત્ર ૯૪ રન દૂર

### કોહલીએ દિલ્હી તરફથી એક રણજી મેચ પણ રમી, પરંતુ આ મેચમાં પણ તે માત્ર ૬ રન બનાવી શક્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૯ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રવિવારે કટકમાં યોજાનાર બીજી વનડેમાં કેપ્ટન રોહિત શર્માના ફોર્મની સાથે સાથે સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીની ફિટનેસ પર પણ નજર રહેશે. કોહલી જમણાં ઘુંટણમાં સોજાને કારણે મેચ રમી શક્યો નહોતો. તેથી ૧૯ ફેબ્રુઆરીએ શરૂ થનાર ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા તેની ફિટનેસને લઈને ચિંતાના વાદળો ઘેરાયેલા છે.

ભારતે નાગપુરમાં રમાયેલી પહેલી વનડેમાં ચાર વિકેટથી જીત નોંધાવીને ૩ મેચની સિરિઝમાં લીડ મેળવી લીધી છે અને તેનું લક્ષ્ય પોતાનું વિજય અભિયાન યથાવત રાખી સિરીઝ જીતવાનું રહેશે. કોહલી જો ફિટ થઈને ટીમમાં વાપસી કરે છે, તો તેના ફોર્મ પર પણ નજર હશે. કેમ કે તે છેલ્લા કેટલાક સમયથી રન બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે. ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં ખરાબ પ્રદર્શન પછી કોહલીએ દિલ્હી તરફથી એક રણજી મેચ પણ રમી, પરંતુ આ મેચમાં પણ તે માત્ર ૬ રન બનાવી શક્યો હતો, પરંતુ કોહલીએ વનડે ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન કર્યું છે અને તે આ ફોર્મેટમાં ૧૪ હજાર રન પૂરા કરવાથી માત્ર ૯૪ રન દૂર છે. જો આ તે આ સિદ્ધિ મેળવી લેશે તો તે સચિન તેંડુલકર (૧૮,૪૨૬) અને કુમાર સંગાકારા (૧૪,૨૩૪) પછી અહીં સુધી પહોંચનાર દુનિયાનો ત્રીજો, પરંતુ સૌથી ઝડપી બેટ્સમેન બની જશે. સચિને ૧૪ હજાર રન ૩૫૦ ઈનિંગમાં બનાવ્યાં હતા. જ્યારે કોહલી હજુ સુધી માત્ર ૨૮૩ ઈનિંગ જ રમ્યો છે. પહેલી મેચ ચાર વિકેટથી પોતાના નામે કર્યા પછી ભારતીય ટીમ સિરીઝમાં ૧-૦થી લીડ બનાવી લીધી છે. હવે ટીમનું લક્ષ્ય બારાબતી સ્ટેડિયમમાં જ સિરીઝ જીતવાનું રહેશે. જ્યાં સુધી બટલરની આગેવાની વાળી ટીમ ઈંગ્લેન્ડનો સવાલ છે, તો તેને આ સિરીઝ જીવંત રાખવા માટે કોઈપણ કાળે આ મેચ જીતવી પડશે. તેના બેટ્સમેનોએ પણ આક્રમક વલણ ઓછું કરી આરામથી ક્રિકેટ રમવું પડશે. તેના બેટ્સમેનોને ભારતીય સ્પિન બોલર્સના પડકારનો સામનો કરવો પડશે, કેમ કે અહીં પિચ પરથી ધીમી ગતિના બોલર્સ પાસેથી મદદ મળવાની શક્યતા છે.

# ૧૩ વર્ષીય સગીરા પર દુષ્કર્મનો કેસમાં પોલીસે ચાર્જશીટ ફાઈલ કરી

। (એજન્સી) પોરબંદર,તા.૯ ।

પોરબંદરના મંડેર ગામે શિક્ષકે ૧૩ વર્ષીય વિદ્યાર્થીની પર દુષ્કર્મ આચરતાં પોક્સો એક્ટહેઠળ ફરિયાદ નોંધાવામાં આવી હતી. વિદ્યાર્થીનીએ પરિવારને જાણ કરતાં સમગ્ર મામલો સામે આવ્યો છે. શિક્ષણ જગતને શર્મસાર કરતી ઘટના બનતા ચકચાર મચી ગઈ હતી, ત્યારે માધવ પુર પોલીસે અદાલતમાં ફોરેન્સિક રિપોર્ટ સહિત ચાર્જશીટ ફાઈલ કરી છે. પોરબંદર જીલ્લાના મંડેર ગામે સરકારી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા વિપુલ ગોહેલ નામના શિક્ષકે ૧૩ વર્ષની વિદ્યાર્થીની સાથે અડપલાં કર્યા હોવાનું પરિવારને જાણ થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. પરિવારના લોકોએ માધવપુર પોલીસ સ્ટેશનમાં શિક્ષક સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી હતી. પોલીસ સ્ટેશનમાં 64(2) I.F.M.,351(3) 4.6.8 હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ ઘટના બાદ શિક્ષણ જગતમાં ભારે આંચકો લાગ્યો છે. લોકોમાં રોષની ભાવના જોવા મળી રહી છે. શિક્ષક જેવો વ્યક્તિ આવું કૃત્ય કરે તેવી કોઈને અપેક્ષા ન હતી. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. અગાઉ બનાસકાંઠાના અમીરગઢમાં ૩ વર્ષની દીકરી સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચરવામાં આવ્યું હતું, જેને લઈ ૨૦૨૨માં ફરિયાદ નોંધાયા બાદ પાલનપુર સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપી મોતી ચૌહાણને આજીવન કેદની સજા ફટકારી છે.

**પ્રેમીએ શારીરિક અડપલાં કરતા દીકરી હેબતાઈ ગઈ હતી. અશ્લીલ હરકતો હોવાનું દીકરીએ પોતાના પિતાને જણાવી, આખરે દીકરીએ પિતા પાસે જઈ બધી આપવીતી જણાવી હતી**

# સુરતમાં ડિવોર્સી પ્રેમિકાની દીકરી પર પ્રેમીએ નજર બગાડી

। (એજન્સી) સુરત,તા. ૯ ।

સુરતમાં ડિવોર્સી પ્રેમિકાની દીકરી સાથે પ્રેમીએ શારીરિક અડપલાં કરતા દીકરી હેબતાઈ ગઈ હતી. અશ્લીલ હરકતો હોવાનું દીકરીએ પોતાના પિતાને જણાવતાં પિતાએ કડોદરા પોલીસમાં આરોપી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી, પોલીસે ગણેશ આહીરની ધરપકડ કરી કાર્યવાહી શરૂ કરી છે. સુરતમાં પ્રેમીપંખીડાઓના કારણે માસૂમ દીકરી હવસનો ભોગ બનતા ચકચાર મચી ગઈ છે. માહિતી મુજબ ૩ ફેબ્રુઆરીએ ડિવોર્સી પ્રેમિકાની ૧૧ વર્ષની દીકરી પર પ્રેમીએ પોતાની નજર બગાડી હતી. આરોપીએ બાળકી સાથે અશ્લીલ હરકતો કરી હતી, જેથી આ જઘન્ય કૃત્યથી બાળકી હેબતાઈ ગઈ હતી. આખરે દીકરીએ પિતા પાસે જઈ બધી આપવીતી જણાવી હતી. તેને પિતાને કહ્યું હતું કે, આરોપીએ અગાઉ પણ રસોડમાં શારીરિક અડપલાં કર્યા હતા. બાળકીએ સમગ્ર વિગત જણાવતા પિતાએ ગડોદરા પોલીસ સ્ટેશનમાં પોક્સો એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી છે. કડોદરા પોલીસે ૨૬ વર્ષીય આરોપી ગણેશ આહીરની ધરપકડ કરી ગુનો નોંધ્યો છે. અગાઉ બનાસકાંઠાના અમીરગઢમાં ૩ વર્ષની દીકરી સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચરવામાં આવ્યું હતું, તેને પિતાને કહ્યું હતુ કે, આરોપીએ અગાઉ પણ રસોડમાં શારીરિક અડપલાં કર્યા હતા. બાળકીએ સમગ્ર વિગત જણાવતા પિતાએ ગડોદરા પોલીસ સ્ટેશનમાં પોક્સો એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી છે. કડોદરા પોલીસે ૨૬ વર્ષીય આરોપી ગણેશ આહીરની ધરપકડ કરી ગુનો નોંધ્યો છે. અગાઉ બનાસકાંઠાના અમીરગઢમાં ૩ વર્ષની દીકરી સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચરવામાં આવ્યું હતું, જેને લઈ ૨૦૨૨માં ફરિયાદ નોંધાયા બાદ પાલનપુર સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપી મોતી ચૌહાણને આજીવન કેદની સજા ફટકારી છે. સરકારી વકીલોની દલીલોના આધારે કોર્ટે ચુકાદો આપ્યો હતો. માહિતી મુજબ દુષ્કર્મના આરોપીએ અમીરગઢ તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં ત્રણ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચર્યું હતું. જેને આધારે પોલીસે તપાસ શરૂ કરી હતી. પોલીસને આરોપી વિરૂદ્ધ પૂરતા પુરાવા કોર્ટમાં જમા કરાવ્યા બાદ અદાલતે આરોપીને આજીવન સજા ફટકારી છે તેમજ રૂપિયા ૫૦૦૦૦નો દંડ ફટકાર્યો છે.

આણંદના એક ગામમાં સગીરા પર દુષ્કર્મની ઘટનાને પગલે ચકચાર મચી ગઈ હતી. જેમાં સગા કાકાએ જ ભત્રીજીને પોતાની વાસનાનો શિકાર બનાવી હતી. જેમાં આરોપી કાકાએ ભત્રીજીને ખેતરમાં લઈ જઈને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. એટલું જ નહી નકાધમ કાકાએ સગીરાના ફોટા વાયરલ કરવાની પણ ધમકી આપી હતી. આ સમગ્ર મામલે પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મનો ગુનો નોંધાયો હતો. આણંદના એક ગામમાં સગીરા પર દુષ્કર્મની ઘટનાને પગલે ચકચાર મચી ગઈ હતી. જેમાં સગા કાકાએ જ ભત્રીજીને પોતાની વાસનાનો શિકાર બનાવી હતી. જેમાં આરોપી કાકાએ ભત્રીજીને ખેતરમાં લઈ જઈને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. એટલું જ નહી નકાધમ કાકાએ સગીરાના ફોટા વાયરલ કરવાની પણ ધમકી આપી હતી. આ સમગ્ર મામલે પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મનો ગુનો નોંધાયો હતો.

## ન્યુઝ બોક્ષ

### ડભોઇ રોડ પર MD ડ્રગ્સની ડીલીવરી માટે આવેલો કેરિયર પકડાયો

। (એજન્સી) વડોદરા,તા. ૯ ।

વડોદરામાં વધુ એક વખત મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો પકડવામાં પોલીસને સફળતા મળી છે. પોલીસે કેરિયરને ઝડપી પાડી રાજસ્થાનના સપ્લાયરની શોધખોળ હાથ ધરી છે. ડભોઈ રોડ ઉપર વુડાના મકાનમાં ભાડેથી રહેતો અશોક મેઘવાલ રાજસ્થાનથી પાર્ટી ડ્રગ્સ તરીકે ઓળખાતા મેફેડ્રોનનો જથ્થો મંગાવી ડિલિવરી આપનાર હોવાની વિગતો મળતા એસઓજીની ટીમે કપુરાઈ ચોકડી પાસે વોચ રાખી હતી. પોલીસે શકમંદ હાલતમાં નજરે પડતા અશોક મહિપ ાલ મેઘવાલને ઝડપી પાડી તપાસ કરતા તેની પાસેથી રૂ.૬.૬૬ લાખની કિંમતને ૬૬ ગ્રામ એમડી ડ્રગ્સ મળી આવ્યું હતું. પોલીસે તેની પાસેથી મોબાઈલ પણ કબજે લીધો હતો.

### જામનગરમાં કોમલ નગર વિસ્તારમાં રહેતા યુવાન પર જૂની અદાવતના કારણે હુમલો

। (એજન્સી) જામનગર,તા.૯ ।

જામનગરમાં ખેતીવાડી ફાર્મ નજીક કોમલનગરમાં રહેતા સંજય પાલાભાઈ પરમાર નામના યુવાન ઉપર તેજ વિસ્તારમાં રહેતા બુધુ પઢીયાર, રામપ્રસાદ પરમાર તેમજ રાજા નામના ત્રણ શખ્સોએ લોખંડના પાઈપ અને લાકડાના ધોકા વડે હુમલો કરી દેતાં ઈજા થવાથી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો છે, અને ત્રણેય સામે હુમલા અંગેની ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર સંજય પરમારના મિત્ર શેરસિંહ કોળી પર આજથી એક સપ્તાહ પહેલાં આરોપીઓએ હુમલો કર્યો હતો,

### રાજ્ય સરકારનો મોટો નિર્ણય, મુસાફરી ભથ્થુ રદ કરાયું

। અમદાવાદ,તા.૯ ।

ગુજરાતમાં વિવિધ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ફરજ બજાવતા પ્રાંત અધિકારીઓ અને મામલતદારોને લઈને રાજ્ય સરકાર દ્વારા મોટો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં પ્રાંત અધિકારીઓ અને મામલતદારોને ચૂંકવવામાં આવતા મુસાફરી ભથ્થુ રાજ્ય સરકારે રદ કર્યો છે. ગુજરાતમાં વિવિધ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ફરજ બજાવતા પ્રાંત અધિકારીઓ અને મામલતદારોને લઈને રાજ્ય સરકાર દ્વારા મોટો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં પ્રાંત અધિકારીઓ અને મામલતદારોને ચૂંકવવામાં આવતા મુસાફરી ભથ્થુ રાજ્ય સરકારે રદ કર્યો છે. રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે કે, પ્રાંત અધિકારી અને મામલતદારોને સરકારી કામકાજ અર્થે પેટ્રોલ/ડિઝલ સંચાલિત સરકારી વાહનનો ઉપયોગ કરવાનો થતો હોય.

**ગુજરાત ભાજપના મોવડીઓની ઉમેદવાર માટે આવી પસંદગી છે**

# ધોરાજી ભાજપની ઉમેદવારનો દારૂ પીતો, ધુમ્રપાન કરતો વિડીયો વાયરલ

**વોર્ડ નં. ૯માં ચૂંટણી લડતી મહિલાએ શરાબની દુકાનમાં ફોટો પડાવી શેર કર્યો : અગાઉ અનેકવાર આવા વિડીયો પોસ્ટ કર્યા છે**

। (એજન્સી) રાજકોટ,તા.૯ ।

આગામી તા. ૧૬ ફેબ્રુઆરીએ અન્ય સુધરાઈ સાથે યોજાનાર ધોરાજી નગરપ ાલિકાની ચૂંટણીમાં મહિલા અનામત બેઠક ઉપર ભાજપના ઉમેદવાર તરીકે ચૂંટણી જંગમાં ઉભેલા એક મહિલાનો પાશ્ચાત્ય વસ્ત્રોમાં શરાબની દુકાનમાં હાથમાં દારૂની બોટલ લઈને તથા હુક્કામાંથી ધુમ્રપાન કરીને ધુમાડાના ગોટા છોડતા વિડીયો આજે સોશ્યલ મિડીયામાં વાયરલ થતા ચકચાર જાગી છે. આ મહિલાને વોર્ડ નં.૯માં ઉમેદવાર તરીકે ટિકીટ આપ્યાનું બહાર આવતા ભાજપ સામે સવાલો ઉઠયા છે.વળી, આ મહિલા મૂળ ધોરાજીના નહી પણ બહારના આયાતી ઉમેદવાર હોવાની પણ ચર્ચા છે. ખુદ મહિલાએ પોતે શૅર કરેલા વિડીયોમાં એકમાં માબાપથી વધુ પ્યાર કોને કરો છો? તેવા સવાલના ઉત્તરમાં નોટના બંડલ દેખાડીને પૈસા...પૈસા...એ ગીત ગાતો વિડીયો પણ બહાર આવ્યો છે ભાજપના મોવડીઓએ ખૂબ વિચારીને બેકગ્રાઉન્ડ ચેક કરીને ટિકીટ માટે લાંબી કતારો હતી તેમાંથી ઉમેદવારો વીણી વીણીને પસંદ કર્યા છે ત્યારે ભાજપના આજના આ મોવડીઓની પસંદગી આવી જ છે તે ચર્ચા જાગી છે. ઉમેદવારો પસંદ કરતા પૂર્વે ન્યુનત્તમ ૫૦૦ સભ્યો બનાવવાની વાતો પણ થઈ હતી તેનું પણ પાલન થયું નથી. ભાયાવદરમાં ભાજપના આગેવાનો કોંગ્રેસ સામે જઈને ભાજપ સામે લડાઈમાં ઉતર્યા છે. શિસ્ત અને સંસ્કાર અને નીતિમત્તા જેવા શબ્દોને જાણે કે જમીનમાં ભંડારી દઈને ભાજપને માત્ર સત્તા સત્તા અને સત્તામાં જ રસ હોય તેમ જુનાગઢમાં લોકશાહી ઢબે જંગ લડવાને બદલે પક્ષપલ્ટો કરાવતા ખુદ જનસંઘના વરિષ્ઠ નેતાઓએ દુ:ખ વ્યક્ત કર્યું હતું.ઉપરાંત શિસ્તતળે દબાયેલા ભાજપના નેતાઓની પીડા જાણે કે તાજેતરમાં અમરેલી બાદ રાજકોટ,ધ્રોલમાં પત્રકાંડથી વ્યક્ત થઈ છે. શિસ્ત અને સંસ્કાર અને નીતિમત્તા જેવા શબ્દોને જાણે કે જમીનમાં ભંડારી દઈને ભાજપને માત્ર સત્તા સત્તા અને સત્તામાં જ રસ હોય તેમ જુનાગઢમાં લોકશાહી ઢબે જંગ લડવાને બદલે પક્ષપલ્ટો કરાવતા ખુદ જનસંઘના વરિષ્ઠ નેતાઓએ દુ:ખ વ્યક્ત કર્યું હતું.ઉપરાંત શિસ્તતળે દબાયેલા ભાજપના નેતાઓની પીડા જાણે કે તાજેતરમાં અમરેલી બાદ રાજકોટ,ધ્રોલમાં પત્રકાંડથી વ્યક્ત થઈ છે.

# ભેંસોને સાઈડમાં ખસેડવાના મામલે ખેડૂત યુવાનના માથા પર લાકડી વડે હુમલો

। (એજન્સી) જામનગર,તા. ૯ ।

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના વાંસજાળીયા ગામ પાસે બાઈક લઈને જઈ રહેલા એક ખેડૂત યુવાન પર ભેંસોને સાઈડમાં ખસેડવાના મામલે ભેંસના માલિકે તકરાર કરી માથામાં લાકડીના ત્રણ ઘા મારી માથું ફોડી નાખ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે. આ બનાવની વિગત એવી છે કે જામજોધપુરમાં રહેતા અને ખેતી કામ કરતા રાકેશભાઈ ભવાનભાઈ ઘરસંડીયા નામના ૫૦ વર્ષના ખેડૂત, કે જેઓ ગઈકાલે જામજોધપુર નજીક વાંસજાળીયા ગામ પાસેની ફાટક ક્રોસ કરીને પોતાના બાઈક પર જઈ રહ્યા હતા. જે દરમિયાન વાંસજાળીયા ગામના દિનેશ ડાહ્યાભાઈ ભાભેરાએ પોતાની ભેસોને માર્ગની વચ્ચો વચ્ચ ચલાવી હતી. જેને સાઈડમાં લઈ લેવાનું કહેતાં દિનેશ ભાભેરા ઉશ્કેરાયો હતો, અને પોતાના હાથમાં રહેલી લાકડી વડે ખેડૂત યુવાન રાકેશભાઈના માથા પર હુમલો કરી દીધો હતો, અને માથામાં લાકડીના ત્રણ ઘા માર્યા હોવાથી તેનું માથું ફૂટ્યું હતું, તેને જામ જોધપુરની સરકારી હોસ્પિટલમાં લેવી પડી હતી. જેણે જામજોધપુર પોલીસ મથકમાં દિનેશ ભાભેરા સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.

**વડોદરાની કરજણ નગરપાલિકામાં કુલ ૭ વોર્ડમાં ચૂંટણી યોજાશે**

# સ્વરાજની ચૂંટણીમાં ભાજપે ૮ હોદ્દેદારોને કર્યા સસ્પેન્ડ

**કરજણ નગરપાલિકાની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપ વિરૂદ્ધ કામગીરી કરનાર ૮ હોદ્દેદારોને ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે**

। (એજન્સી) વડોદરા,તા.૯ ।

વડોદરા તાલુકા પંચાયતની પેટા ચૂંટણીઓ યોજાનાર છે. જેમાં પાદરાની વડુ, શિનોર તાલુકાની સાઘલી-૨, વડોદરા તાલુકાની કોયલી-૧, દશરથ-૧ અને નંદેસરી બેઠકનાં નામ જાહેર કરવામાં આવ્યા છે. આગામી દિવસોમાં ગુજરાતમાં, પાલિકા, નગરપાલિકાની સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજાવાની છે ત્યારે કરજણ નગરપાલિકાની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપ વિરૂદ્ધ કામગીરી કરનાર ૮ હોદ્દેદારોને ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. વડોદરા જીલ્લા ભાજપ સંગઠન છોડી ભાજપ વિરૂદ્ધ કામગીરી કરતા ૫ ક્ષે આકરી કાર્યવાહી કરી છે. વડોદરાની કરજણ નગરપાલિકામાં કુલ ૭ વોર્ડમાં ચૂંટણી યોજાશે. ભાજપ દ્વારા વોર્ડ નં. ૨ થી ૭ માં કુલ ચાર ઉમેદવારોનાં નામ જાહેર કરી દીધા છે. કરજણ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે પ્રદેશ અધ્યક્ષ દ્વારા કુલ ૨૮ ઉમેદવારોનાં નામ જાહેર કરી દેવામાં આવ્યા છે. ચૂંટણીમાં ભાજપે જાહેર કરેલ મેન્ડેટ પ્રાપ્ત કરેલ પાર્ટીના કાયદેસરના ઉમેદવાર સામે કરજણ નગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારીપત્ર ભરી ગેરશિસ્તનું આચરણ કરેલ છે તથા પાર્ટીને નુકસાન પહોંચાડવા બદલ કાર્યકર્તાઓને ૬ વર્ષ માટે બરતરફ કરવામાં આવે છે. ઓબીસી અનામત મુદ્દે સરકારે ઞ્ઝ ઈીજીદ્દિંર્ઙ્ગ મોટી જાહેરાત કરી છે. ગુજરાતમાં ઓબીસીને હવે ૨૭ ટકા અનામત મળશે. રાજ્યમાં ૪૮થી પણ વધુ બેઠકો પર ઓબીસી મતદારોનું પ્રભુત્વ છે. રાજ્યમાં કુલ ઓબીસી મતદારો ૪૦ ટકાથી પણ વધારે છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઓબીસીને ૨૭ ટકા અનામત આપવામાં આવી છે. તેમજ ૫૦ ટકા અનામતને કારણે મહિલાઓને પણ તક આપવામાં આવી છે. આમ હવે મહાનગર પાલિકા અને નગરપાલિકાની ચૂંટણીમાં ઓબીસીને ૨૭ ટકા અનામત આપવામાં આવી છે. આ અનામત પાછી એસસી અને એસસટીની અનામતમાં ફેરફાર કર્યા વગર આપવામાં આવી છે. જેમાં યુવાઓને તક આપવામાં આવી છે. આમ હવે મહાનગર પાલિકા અને નગરપાલિકાની ચૂંટણીમાં ઓબીસીને ૨૭ ટકા અનામત આપવામાં આવી છે. આ અનામત પાછી એસસી અને એસસટીની અનામતમાં ફેરફાર કર્યા વગર આપવામાં આવી છે. જેમાં યુવાઓને તક આપવામાં આવી છે.

**જુગારની લતે ચઢેલા યુવકે ૧૮% લેખે રૂ.૬૦ લાખ વ્યાજે લીધા**

# જુગારમાં હારેલી રકમ ચૂકવવા યુવકે રૂપિયા વ્યાજે લીધા અને ફસાઈ ગયો

**પોલીસે ત્રણની સામે ગુનો નોંધી બે વ્યાજખોરની ધરપકડ કરી**

। (એજન્સી) અમદાવાદ,તા.૯ ।

ગોમતીપુરમાં પરિવાર સાથે રહેતો યુવક જુગારની લતે ચઢી ગયા બાદ રૂપિ યા હારી જતા જુગારના રૂપિયા ચૂકવવા વ્યાજના ખપ્પરમાં ફસાઈ ગયો હતો. બાપુનગરમાં શ્યામ શિખર નજીક લેડીઝ ડ્રેસની દુકાનની આડમાં લાઈસન્સ વિના વ્યાજ વટાવનો ધંધો કરતા ત્રણ લોકો પાસેથી યુવકે ટુકડે ટુકડે ૧૮% લેખે રૂ.૬૦ લાખ વ્યાજે લીધા હતા. જો કે તે તમામ રૂપિયા યુવકે જુગાર રમીને ચૂકવી દીધા હતા તેમ છતાં ત્રણ વ્યાજખોરોએ યુવકને પેનલ્ટીના રૂ.૨૦ લાખ થયા છે તેવી માગણી કરીને જાનથી મારી નાખવાની ધમકી આપતા હતા. યુવકે ફરિયાદ નોંધાવતા ગોમતીપુર પ ોલીસે ત્રણમાંથી બે આરોપીની ધરપકડ કરી છે. ગોમતીપુરમાં શંભુની પટેલની ચાલીમાં પત્ની અને બાળકો સાથે રહેતા મોહમદ નવાબ શેખ (ઉં.૩૦) જુગાર રમીને પૈસાદાર બનવાના સપના જોતો હતો. યુવક જુગારમાં રૂ. ૬૦ લાખ હારી ગયા બાદ બાપુનગરના શ્યામ શિખર નજીક ત્રણ વ્યક્તિ પાસેથી યુવકે ૨૦૨૩-૨૪ દરમિયાન ૧૮% લેખે રૂ.૬૦ લાખ વ્યાજે લીધા હતા. વ્યાજે લીધેલા તમામ નાણાં યુવકે જુગાર રમીને જ વ્યાજ સહિત ચૂકવી પણ દીધા હતા તેમ છતાં આરોપીઓએ વધુ વ્યાજની લાલચમાં આવીને એક દિવસના પેનલ્ટી પેટે રૂ.૧૦ હજાર લેખે રૂ.૨૦ લાખ માગતા હતા. જોકે, યુવકે ઈનકાર કરતા ત્રણેય આરોપીએ યુવકના બે મકાન અને રખિયાલ રોડ પર આવેલી પિતાની દુકાનના કાગળિયા કબજે કરી દીધા હતા. પછી જુગારમાં રૂપિયા હારતો જ રહ્યો હતો બીજી તરફ યુવક વ્યાજના ચક્કરમાં ફસાઈ જવાના લીધે હેરાન પ રેશાન થઈ ગયો હતો. આખરે યુવકે ફરિયાદ નોંધાવતા ગોમતીપુર પોલીસે રાજેન્દ્ર ઉર્ફે કેપ્ટન રાઠોડ, કિર્તન ઉર્ફે ગોલુ ભેસાનિયા, નિખિલભાઈ ઉર્ફે બચ્ચન શાહ સામે વ્યાજખોરીનો ગુનો નોંધીને બે આરોપીની ધરપકડ કરી ફરાર અન્ય આરોપીની શોધખોળ હાથ ધરી છે.

**પિતા-પુત્રીના સંબંધને બદનામ કરતો કિસ્સો**

# અમરાઈવાડીમાં દીકરી સાથે અડપલાં કરનાર પિતાની ધરપકડ

**પીડિતા દીકરીના નિવેદનના આધારે અમરાઈવાડી પોલીસે કાર્યવાહી કરી**

। (એજન્સી) અમદાવાદ,તા.૯ ।

પિતા-પુત્રીના સંબંધને બદનામ કરતો કિસ્સો અમરાઈવાડી વિસ્તારમાં નોંધાયો છે. પરિવાર સાથે નિદ્રાધિન પુત્રીની સાથે પિતાએ અડપલાં કર્યા હતા. દીકરીએ ફરિયાદ નોંધાવતા પોલીસે વૃદ્ધ પિતાની ધરપકડ કરી છે.

કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતી યુવતી માતા-પિતા સાથે અમરાઈવાડીમાં રહે છે. યુવતીની માતા ઘરકામ કરે છે. તેના ૬૧ વર્ષીય પિતા ખાનગી કંપનીમાં સિક્યોરિટી ગાર્ડ તરીકે નોકરી કરે છે. છ મહિના અગાઉ રાતે પરિવારના સભ્યો સૂતા હતા ત્યારે વૃદ્ધ પિતા દીકરી પાસે આવ્યો અને અડપલાં કરવા લાગતા દીકરી જાગી ગઈ અને ડઘાઈ ગઈ હતી. જોકે, દીકરીએ હિંમત દાખવીને વિરોધ કરતા પિતાએ દીકરી અને તેની માતા સાથે તકરાર કરીને દીકરીને માર માર્યો હતો. ફરિયાદ અનુસાર દીકરીએ પિતાની હરકતનો વિરોધ કર્યા બાદ દીકરી ઘરમાં કોઈપણ કામકાજ કરતી હોય ત્યારે પિતા તેની આગળ-પાછળ રહેતા અને ખરાબ નજરે તેની સામે જોતા હતા. ૩૧ જાન્યુઆરીએ યુવતી સગાના લગ્નપ્રસંગમાં સુરત ગઈ હતી. ત્યાં વરઘોડામાં પિતરાઈ ભાઈઓ સાથે તે ગરબા-ડાન્સ કરતી હતી તે વાતને ધ્યાનમાં રાખીને પિતાએ ઘરે જઈને દીકરી સાથે અડપલાં કરવા જતા દીકરીએ વિરોધ કર્યો હતો. યુવતીએ પિતરાઈ ભાઈને આ બાબતની જાણ કરી હતી અને બાદમાં યુવતી, તેના પિતરાઈ ભાઈ અને માતાએ ભેગા થઈ અમરાઈવાડી પોલીસમાં ફરિયાદ કરતા ઈન્સ્પેક્ટર પી.એચ. મકવાણાએ પીડિતાનું નિવેદન નોંધી પિતાની ધરપકડ કરી હતી. તેના પિતરાઈ ભાઈ અને માતાએ ભેગા થઈ અમરાઈવાડી પોલીસમાં ફરિયાદ કરતા ઈન્સ્પેક્ટર પી.એચ. મકવાણાએ પીડિતાનું નિવેદન નોંધી પિતાની ધરપકડ કરી હતી.

